પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક

નવેમ્બર ૨૦૦૨
સળંગ અંક
૮૯૯

કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ



છબીકાર] મૉલિનાનાં પુષ્પો [હેમેન્દ્ર શાહ
ગઢવાલ હિમાલયમાં 'પુષ્પોની ખીણ' તરીકે જાણીતા ભૂભાગમાં ઊગતું આ પુષ્પ ઓછાંને જોવા મળે છે



ગુલાબી અને ભૂખરા વાદળી રંગથી રચાયેલી ત્રણ વ્યક્તિઓની આ વિશ્વવિખ્યાત ચિત્રકૃતિ વિસ્લરની રંગવિશેષતા અને આકારની ઝીણવટની ઝાંખી કરાવે છે. જપાની કલારીતિથી તે પ્રભાવિત છે. આ કૃતિ પરિપૂર્ણ થવા પામી નથી. એનું કદ ૫૫"×૭૩"નું છે અને હાલ તે લંડનની ટેટ ગૅલરિમાં સંગ્રહીત છે. કલાકારે વસ્ત્રોની જે રીતે રંગથી પારદર્શકતા દર્શાવી છે તે ચિત્રને પ્રશિષ્ટતા પણ બક્ષે છે.

'કુમાર ટ્રસ્ટ'નો દાનરાશિ આઠ લાખે પહોંચ્યો

ગુજરાતના ગૌરવ સમા સામયિક 'કુમાર'ને વધુ સધ્ધર બનાવવા ગુજરાતનાં વિવિધ ક્ષેત્રના ૭૦ જેટલા અગ્રણીઓએ 'કુમાર ટ્રસ્ટ'ને તેના આ અમૃતપર્વ નિમિત્તે ઉદારભાવે દાન આપવાની ટહેલ નાખી છે. તેના પ્રતિસાદરૂપે આજ સુધીમાં ૮,૦૦,૦૦૦-૦૦નું દાન ટ્રસ્ટને મળ્યું છે. આમ તો ટહેલ રૂ. ૧૧ લાખની છે, એટલે હવે તે આંકડાએ પહોંચવું કપરું ચઢાણ લાગતું નથી. ઉપરોક્ત અપીલ કરનાર સહુ મહાનુભાવોને શ્રદ્ધા છે કે ડિસેમ્બર ૨૦૦૨ના અંત સુધીમાં 'કુમાર ટ્રસ્ટ'ની દાનઝોળી ૧૧ લાખથી પણ વધુ રકમથી છલકાઈ જશે.

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન ૮૦-જી પ્રમાણે આયકરરાહતને પાત્ર છે. આપ આપનું દાન 'કુમાર ટ્રસ્ટ'ના નામે સત્વરે મોકલી આપો તેવી પુનઃ અપીલ છે. દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.

*

'કુમાર'ના પ્રકાશનનું આ ૭૫મું વર્ષ ચાલે છે તે હકીકતથી આપ સુજ્ઞાત છો. સદ્‌ગત કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને સદ્‌ગત બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક કાળની સફરમાં અનેક પ્રકારની તડકી-છાંયડીમાંથી પસાર થતું રહ્યું છે. આમ છતાં પણ આજે ૭૫ વર્ષ પૂરાં કરશે તેનું શ્રેય 'કુમાર'નાં સુજ્ઞ વાચકો અને ગ્રાહકોને આભારી છે.

અગાઉ કરતાં તે આજે વધુ પૃષ્ઠસંખ્યા આપે છે અને તે સમયની સાથે કદમ મિલાવતું નવાનવા વિષયોને સ્પર્શતા તજ્જ્ઞોના સચિત્ર લેખો પ્રકાશિત કરતું જાય છે.

આ 'માસિક' તેની પ્રકાશનયાત્રા વધુ સબળ અને સરળ રીતે પાર પાડી શકે તે માટે તેની ગ્રાહકસંખ્યામાં વધારો થાય તે જરૂરી ગણાશે.

'કુમાર'ને સ્થાનસમર્પિત કરવા માટે જાહેરખબરનો રાહતદર રૂ. ૧,૦૦૦-૦૦ છે. આપ એ રીતે પણ સહાયભૂત થઈ શકો.

લવાજમ : વાર્ષિક રૂ. ૧૫૦-૦૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦-૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫-૦૦. પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ. ૧,૦૦૦-૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉણ્ડ ૧૫. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ.૨૫-૦૦ વધુ ઉમેરવા. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો અથવા મનિઑર્ડરથી પણ આ સરનામે લવાજમ મોકલી શકશો. 'કુમાર કાર્યાલય લિ.' ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

'કુમાર'નું અમૃતપર્વ-૨૦૦૨ : પ્રથમ કાર્યક્રમ

ગુજરાતી ભાષાનું પરિવારલક્ષી સામયિક 'કુમાર' તેના ૭૫મા વર્ષે પોતાનું અમૃતપર્વ ઊજવી રહ્યું છે. 'કુમારે' તેની પ્રકાશન પ્રવૃત્તિથી એક કદમ આગળ વધીને સમાજોપયોગી વ્યાખ્યાનો દ્વારા પ્રજાસંપર્ક કેળવવાનો સફળ પ્રયોગ તાજેતરમાં કર્યો હતો.

સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ ડૉ. પી.સી.વૈદ્યના અધ્યક્ષપદે તા. ૨૭મી ઑક્ટોબર, ૨૦૦૨ના દિને અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં ડૉ. જગદીશ ત્રિવેદી અને પ્રો. પી. સી. પટેલનાં વિજ્ઞાનવિષયક બે વ્યાખ્યાનો યોજાયાં. આશ્ચર્ય અને આનંદની વાત તો એ રહી કે આ બંને વૈજ્ઞાનિક તજ્જ્ઞોનાં લગભગ કલાક-કલાક ચાલેલાં વ્યાખ્યાનોમાં વિશાળ શ્રોતાવર્ગ આરંભથી અંત સુધી ઉપસ્થિત રહીને સમારોહ અને વિદ્વાનોનું ગૌરવ વધાર્યું તે ઘટના.

પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. વૈદ્યસાહેબે આની સહર્ષ નોંધ લેતાં શ્રોતાઓને વિજ્ઞાન જેવા અઘરા વિષય પર સરળ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાન આપનારા વિદ્વાનોને બિરદાવ્યા પણ ખરા કે ગુજરાતી ભાષામાં આ પ્રકારે વિજ્ઞાન જેવા વિષયો પર પ્રવચનો અપાય અને શ્રોતાઓ છેક સુધી ધૈર્યબદ્ધ જિજ્ઞાસુ બનીને બેસી રહ્યાં છે એનો મને તો આનંદ છે અને ગૌરવ છે.

વળી, તેમણે વિશેષમાં જણાવ્યું કે ડૉ. ત્રિવેદી અને પ્રો. પટેલ આ બંને તજ્જ્ઞો રસાયણશાસ્ત્ર તથા ભૌતિકવિજ્ઞાનમાં સંશોધનોના વિશ્લેષણ પરત્વે ગુજરાતી ભાષામાં અદ્‌ભુત ખીલ્યા, આથી સ્વાભાવિક છે કે શ્રોતાઓ છેક સુધી ટકી રહ્યાં.

કાર્યક્રમના આરંભમાં 'કુમાર'ના તંત્રી ધીરુ પરીખે મહેમાનોનું સ્વાગત કરીને 'કુમાર' સંસ્થા અને ટ્રસ્ટનો પરિચય, સર્વશ્રી રવિશંકર રાવળ અને બચુભાઈ રાવતનો 'કુમાર'ને ટકાવવાનો પરિશ્રમ, સંઘર્ષ તથા 'કુમાર'નાં આર્થિક સંકટો તેમજ વધતી જતી ખોટ પરત્વે સંસ્થાના ડિરેક્ટરોનો આર્થિક અને હાર્દિક સધિયારો કેવો હૂંફાળો રહ્યો તેની વાતો કરી તેમજ 'કુમાર'ની સાડાસાત દસકાની કથા-વ્યથા પછી ગુજરાતીના સુપ્રસિદ્ધ કવિ-વિવેચક ડૉ. ચન્દ્રકાન્ત શેઠે સમારોહના અધ્યક્ષ તથા બંને વિજ્ઞાનના તજ્જ્ઞ વક્તાઓનો વિશદ પરિચય કરાવ્યો. ત્યાર પછી ગુજરાતી ભાષામાં ડૉ. જગદીશ ત્રિવેદી તથા પ્રો. પી. સી. પટેલે આજે રસાયણ, જનિનવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે કેવાં કેવાં સંશોધનો ક્યાં સુધી પહોંચ્યાં છે તેનો વિગતવાર પરિચય એકવીસમી સદીના વિસ્તૃત વિશ્લેષણ સાથે આપ્યો. તેઓનાં વ્યાખ્યાનોની વિશેષતા એ પણ રહી કે કેવળ વિકાસ જ નહીં બલકે વિનાશ પણ આ શોધો ક્યાં સુધી કરી શકે એમ છે તે હિરોશિમાના અણુપ્રયોગો તથા ભોપાલ ગૅસ કાંડ સુધીની કેટલીક કથા પણ આલેખી બતાવી હતી અને કહ્યું કે વિજ્ઞાનના વિકાસમાં રચનાત્મક પાસું અનિવાર્ય છે.

જો કે 'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે 'કુમાર'ને આર્થિક પ્રકારે સંપન્ન બનાવવાનો અને તે પરત્વેનો શ્રીગણેશીય આરંભ કરવાનું શ્રેય આપણે ડૉ. સેવકને આપવું જોઈએ કે તેમણે 'કુમાર'ને તેની ટહેલ અન્વયે સાડાત્રણ લાખની માતબર રકમ દાન તરીકે આપી અને તેમને અન્ય સખાવતો, શ્રેષ્ઠીઓ તથા સંસ્થાઓ અનુસરવા માંડ્યાં છે, જે ગુજરાતના આ પરિવારના સામયિકના અમૃતપર્વ નિમિત્તે ગૌરવપ્રદ બનવા પામ્યું છે. આ જ દિવસે સુરતના સુરુચિ ટ્રસ્ટ તથા એક અનામી મહાનુભાવ તરફથી એક-એક લાખ રૂપિયાનું દાન ટ્રસ્ટને સમર્પિત કરવામાં આવ્યું. કાર્યક્રમના આયોજકોને પુનઃ અભિનંદન સાથે એક પાયાની રચનાત્મક વાતનો નિર્દેશ પણ કરું કે 'કુમાર'ની આર્થિક સંકડામણ વખતે સદાય આ સંસ્થાના કર્મચારીઓ પોતાના સામયિકની પડખે જ રહ્યા છે, અને હવે ગુજરાતના પાંચ કરોડ પ્રજાજનનો વારો છે કે હજુ આટલા ઓછા સભ્યો કેમ? હવે ગુજરાતની પ્રજાએ પોતાની સંસ્કૃતિ ટકાવવા માટે આવા સામયિકને આર્થિક ટેકો ઓછામાં ઓછો તેના સભ્ય થઈને કરવો જ જોઈએ.

- ડૉ. રજનીકાંત જોશી

વાચકો લખે છે

'કુમાર' ૨૦૦૨ના સપ્ટેમ્બર અંકમાં ડૉ. મકરંદ મહેતાનો લેખ 'પાટલુન અને ધોતિયા વચ્ચેનો સંવાદ' વાંચીને મને જૂની રંગભૂમિના નાટ્યલેખક સદ્‌ગત પ્રભુલાલભાઈ દ્વિવેદીના એક 'ગીતકાવ્ય'નું સ્મરણ થઈ આવ્યું. તે છે 'પાલવ અને કિનાર વચ્ચેનો સંવાદ' એ ગીત કોઈ જૂના નાટકમાં નથી. જૂની રંગભૂમિના જાણીતા નટ સ્વર્ગસ્થ અમૃતલાલભાઈ જાની મારા મિત્ર હતા અને અવારનવાર અમે મળતા. એમની પાસેથી જૂની રંગભૂમિની ઘણી વાતો અને એનાં ગીતો પેટ ભરીને માણ્યાં છે. એમની પાસેથી મેં આ ગીત સાંભળેલું અને મારી ડાયરીમાં ટપકાવી લીધેલું. આજે તે 'કુમાર'ના વાચકો સમક્ષ રજૂ કરું છું.

પાલવ અને કિનાર

સાડીની શોભા સમા પાલવ અને કિનાર
લડી પડ્યાં બે એક દિ ને વધી પડી તકરાર.
ઝગડા વગર કારણે થાય
શ્રેષ્ઠતા બન્ને વરવા ચ્હાય
એના કોણ ચૂકવે ન્યાય?
કહે કિનારી હું તો નારી, નારી રૂપ દીપાવું,
નાની તો યે હું તો સુંદર, સુંદરતા શોભાવું.
કહ્યું પાલવે, તું તો પળ પળ પગની ઠોકર ખાય
એમાં શીદ અલી મલકાય?
પગની ઠોકર ભલે હું ખાતી, શિર પરે હું છતાં સોહાતી,
બે આંગળીઓ વચ્ચે રહીને ગીત પ્રણયનાં ગાતી.
છેડો બોલ્યો : છેડાછેડી છેડાથી બન્ધાય,
કિનારી તું કોરે રહી જાય,
ગુસ્સે થઈને કિનાર બોલી, 'મનમાં શું મલકાતો?
પાછળ રહીને મૂઆ તું નિર્લજ નિતંબ પર અથડાતો.'
કહ્યું પાલવે : 'એ તો પતાકા રતિવરની લહેરાય,
કિનારી કેમ તને સમજાય?'
મંદ હસીને કિનાર બોલી, વલખાં નહિ વખાણું
ઉરબંધન પર મર્યાદા હું, ઉરની વાતો જાણું.
કહ્યું પાલવે : 'અમોલ આંસુ પાલવથી લૂછાય,
કિનારી ના તને સમજાય.'

- ધનુભાઈ મહેતા (અમદાવાદ)

*

શ્રી કનુ નાયકની 'સિંહ' વિશેની નાનકડી નોંધ ('કુમાર' ઑક્ટોબર ૨૦૦૨) ભારે રસિક છે. સામાન્ય નિરીક્ષણ એવું છે કે મિસરમાં સિંહ, ગ્રીસમાં ઘોડો અને ભારતમાં હાથીનું બાહુલ્ય છે. ભારતનાં અનેકાનેક દેવી-દેવતા જેમ મિસરથી આવ્યાં તેમ સિંહ પણ મિસરથી આવ્યો લાગે છે! જો કે મિસરમાં 'સિંહ' એવો શબ્દ નહિ હોય! 'સિંહ'નું 'લાયન' કે 'લાયન'નું 'સિંહ' ક્યારે થયું તે પણ પ્રશ્ન છે. 'સિંહ' શબ્દ તો સ્પષ્ટતઃ ભારતીય એટલે કે સંસ્કૃત ભાષાનો છે. મૂળના 'હિંસ્' શબ્દનું વર્ણ-વિપર્યથી 'સિંહ' થયાનું 'સિદ્ધાંતકૌમુદી'ના આધારે આપ્ટે પોતાના કોશમાં નોંધે છે. (પૃ. ૬૦૨)

મિસરના પ્રાચીન અવશેષોમાં 'સિંહ'ની આકૃતિ (સંભવતઃ) ઈ.સ. પૂર્વે ૨૭૦૦માં (આજથી પોણાપાંચ હજાર વર્ષ પહેલાં) 'હેસિર'ની પૅનલમાં મળે છે. આ પૅનલ હાલ કેરોના સંગ્રહાલયમાં છે. જ્યારે ભારતમાં 'સિંહ'નો ઈતિહાસ અઢી-ત્રણ હજાર વર્ષથી વધુ પ્રાચીન જતો નથી. 'સિંહ'નો પ્રથમ સાહિત્યિક ઉલ્લેખ ભગવાન બુદ્ધ માટે છે. ત્યાં તેમને 'શાક્યસિંહ' કહેવામાં આવ્યા છે અને શિલ્પમાં 'સિંહ' તો સમ્રાટ અશોકથી છે. પંડિત વિશ્વેશ્વરનાથ રેઉ વગેરે 'ઋગ્વેદ'માં સિંહનો ઉલ્લેખ માને છે પણ તે દશમા મંડળમાં આવતો હોઈ કાલનિર્ણય માટે પ્રશ્ન ઊભો કરે છે. 'હરિ' નામથી વાલ્મીકિ 'સિંહ'નો ઉલ્લેખ કરે છે, જે ઈ.સ. પૂર્વે ૪૦૦નો છે. ઈ.સ.ના આરંભથી સર્વત્ર સિંહ છે. 'રઘુવંશ'માં 'કુંભોદર' નામનો સિંહ, દિલીપ સાથે માનવ વાણીમાં વાતો કરે છે! એક ગણતરી એવી છે કે કાલિદાસમાં ૬૦ વખત સિંહનો અને ૧૩૦ વખત હાથીનો ઉલ્લેખ છે!

અશોકના સ્તંભમાં ત્રણ સિંહ દશ્યમાન છે. વાસ્તવમાં એ ચાર દિશાના પ્રતીક ચાર સિંહ છે. 'રાઉન્ડ' શિલ્પ છે. ગુજરાતમાં 'સિંહ'નું સૌથી પ્રાચીન શિલ્પ ભરૂચ પાસે કડિયા ડુંગરનો સિંહ-સ્તંભ ઈ.સ.ની બીજી સદીનો છે.

- નરોત્તમ પલાણ (પોરબંદર)

*

જૂન ૨૦૦૨માં ફિલ્માકાશ (રજનીકુમાર પંડ્યા)માં થોડો વિગતદોષ હોય તેવું લાગે છે.

ન્યૂ થીએટર્સની અનાથાશ્રમ ફિલ્મ ૧૯૩૭માં, વાપસ ૧૯૪૩માં, જવાની કી રીત ૧૯૩૯માં બની એ ડૉ. યાસીન દલાલે નોંધ્યું છે. જો કે આ બધું વિવાદાસ્પદ છે.

માય સિસ્ટર ઉર્ફે મેરી બહેન સાયગલસાહેબની ન્યૂ થીએટર્સની છેલ્લી ફિલ્મ જે ૧૯૪૪માં બની. ત્યાર બાદ એ મુંબઈ આવ્યા ૧૯૪૬માં. કારદારની ફિલ્મ શાહજહાંમાં દેખાયા એટલે માય સિસ્ટરની ૧૯૪૮*ની સાલ તો ન જ હોઈ શકે.

પ્લેબૅક સિસ્ટમ માટે ફિલ્મી જગતની પ્રથમ સ્ત્રી સંગીતકાર સરસ્વતી-** દેવીની ફિલ્મ જવાની કી હવાનો પણ દાવો છે. ૧૯૩૪નું એક ગીત ચંદ્રપ્રભા ગાવાની હતી પણ તેનું ગળું ખરાબ હોવાથી હિમાંશુ રૉયે રસ્તો કાઢ્યો. ચંદ્રપ્રભાએ માત્ર હોઠ ફફડાવ્યા અને સરસ્વતી દેવીએ ગાયું. (ફિલ્મી દર્શન - ડૉ. યાસીન દલાલ-પાન : ૩૮૦)

પડછંદ દેહ અને બુલંદ અવાજ ધરાવતા સોહરાબ મોદી તખ્તાના માણસ હતા. હૅમલેટ ઉર્ફે ખૂન કા ખૂન નાટકરૂપે રજૂ થયું હતું અને એ જ સ્વરૂપે સીધી ફિલ્મ બનાવી હતી. એ ફોટોગ્રાફિક્સ ફિલ્મ હતી.

આ લખવાનું પ્રયોજન એ છે કે રજનીકુમારની આ લેખમાળા એટલી ઝીણવટથી લખાયેલી છે કે પુસ્તકરૂપે બહાર પડશે ત્યારે સંશોધન-ગ્રંથ તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. એમાં નાની ત્રુટી પણ ન રહી જાય એ જોવું રહ્યું. રજનીકુમારની મહેનત કાબિલે દાદ છે.

- ભરત પંડ્યા (ભાવનગર)

*

* આ છાપકામની ભૂલ હશે તેમ માનું છું.
** ખુરશીદ મિનોચેર હોમજી.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૫મું   અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

નવેમ્બર ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૮૯૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

મન નહીં બાંધે ધીર...

રાધેશ્યામ શર્મા

સામાન્ય દૃષ્ટિએ જેને ભાગ્ય, નસીબ માનવામાં આવે છે એને પ્રારબ્ધ તરીકે સૌએ સ્વીકાર્યું છે. સંસ્કૃતમાં એક શબ્દ છે આરબ્ધ. આરબ્ધનો અર્થ 'શરૂ કરેલું' થાય છે. આરબ્ધની આગળ પૂર્વગ 'પ્ર' મૂકતાં પ્રારબ્ધ શબ્દ બન્યો. 'પ્ર'ના અર્થો 'આગળ', 'અતિશય', 'અધિકતા' જેવા થાય છે. એટલે પ્રારબદ્ધનો અર્થ 'આરંભેલું' એવો થાય.

જે કાંઈ કાર્ય, કર્મ, ક્રિયા, પૂર્વે પ્રારંભાઈ અને એનું ફળ પ્રાણીમાત્ર અધુના ભોગવી રહ્યું છે એનું નામ જ પ્રારબ્ધ. આરંભ જો કાર્ય હોય તો એનો શુભ-અશુભ અંત પૂર્વકર્મનું ફળ છે. આંબો વાવ્યો હશે તો આમ્રફળ કહેતાં કેરી મળે અને બાવળ વાવ્યો હશે તો કાંટા જ સાંપડશે. કાર્ય-કારણના ન્યાય સંબંધે આ ક્રમમાં ભાગ્યે જ કોઈ મોટું પરિવર્તન આવ્યું છે. એવું ક્યારેય બન્યું છે ખરું કે બાવળ વાવીને કેરી અને આંબો વાવીને કાંટા સાંપડ્યા હોય? આમ, 'જૈસી કરણી વૈસી ભરણી' ઉક્તિ સાચી જ નીવડે.

કર્મના સિદ્ધાંત અને ફળના દૃષ્ટાંતમાં એટલા બધા વિભિન્ન, વિવિધ અને ક્યારેક વિરોધાભાસી નમૂના પ્રકટ્યા છે જેનો સુમાર નથી.

પણ મૂળ મુદ્દો સમજીએ. ભાગ્યવાદીઓ, નસીબવાદીઓનો એક વર્ગ છે કે પ્રારબ્ધનાં જ અખંડ ધૂન-કીર્તન કર્યા કરે છે. એવા બધા એકીઅવાજે જાહેર કરે છે કે પ્રારબ્ધમાં હશે, પ્રારબ્ધમાં હોય તે જ થાય છે. ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણના ઉપદેશમાં પણ આવો સંકેત મળે છે કે જે છે, તે નથી નથી થવાનું અને જે 'નથી', તે 'છે' નથી થવાનું. ભાવ-અભાવની અ-ફરતા અત્રે સ્પષ્ટ છે.

એની સામે પુરુષાર્થવાદીઓની દલીલ છે કે જેને તમે ભાગ્યવાદીઓ પૂર્વક્રિયા કે કર્મ કહો છો એને જ અમે પુરુષાર્થ ગણીએ છીએ. શરીરના જ નહિ, મનથી થયેલા કાર્ય-આરંભને પુરુષાર્થ માનીએ તો તેવા કાર્યનું જ ફળસ્વરૂપે પ્રારબ્ધ બને છે. મન-વચન-કાયાથી થયેલું યા આરંભાયેલું ભૂતમાત્રનું કર્મ જ એનું ભાગ્ય ઘડે છે.

સંસ્કૃતમાં એક સુભાષિત છે. ગુફામાં સૂઈ રહેલા સિંહના મુખમાં હરણાનો ભક્ષ્યશિકાર એમ ને એમ આવી પડતો નથી! સિંહ કશું કર્યા વગર મૃગનો આહાર પામે એ તદ્દન અસંભવિત છે. ટૂંકમાં પુરુષ, પરિશ્રમ કે પુરુષાર્થનો પરસેવો પાડ્યા વિના કાર્યસિદ્ધિ-સંપન્ન થતું નથી. પુરુષ જ એને કહેવાય જે કાર્યરત કરી નસીબનું નિર્માણ કરે. પુરુષ એકલો જ નહિ સન્નારી પણ આમ પ્રવર્તી શકે.

> હું મારા ભાગ્યનો સ્વામી ને
> મારા આત્માનો કપ્તાન છું.
> - ડબ્લ્યુ ઈ. હેન્લી

પ્રારબ્ધવાદીઓ તથા પુરુષાર્થવાદીઓના વિવાદમાં જેમને રુચિ નથી એવા રહસ્યવાદી મિસ્ટિકોનો પણ એક અનુભવ છે. એક દંતકથા અનુસાર કબીરની પત્નીને સંતાન અવતરવાનું હતું ત્યારે સ્તનકુંભોમાં પહેલું દૂધ ઉભરાયું, પછી બાળક આવ્યું ત્યારે દૂધની શેડ્ય વછૂટી. ત્યારે સંતે સ્વાનુભૂત નિરીક્ષણ નોંધ્યું :

પ્રારબ્ધ પહેલે બના, પીછે બના શરીર,
કબીર અચંબા યે હમ, મન નહીં બાંધી ધીર.

મલુવા કે મલુકા નામના સંતની એક સાખીનો મર્મ પણ સમજવા જેવો છે. એમણે બુલંદ કંઠે ગાયું છે :

અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કાજ,
દાસ મલુવા યૂં કહે, સબકે દાતા રામ.

અકર્મવાદીઓ પોતાના પ્રમાદનું અનુમોદન કરવા આ સાખીનો ગલત ઉપયોગ કરતા ફરે છે, પણ સંતોનો બોધસંકેત સામાન્ય માન્યતાથી જુદો જ છે. પુરુષાર્થીઓના અહં-કાર તેમજ કર્તૃત્વ-અહંના કારણે જાતે ઊભી કરેલી ચિંતાઓથી હતાશ થયેલાઓને આશ્વસ્ત બનાવી શાતા આપવા મર્મીઓએ પોતાની અલગ પ્રતીતિ પ્રસ્તુત કરી છે. ❑

તાપીને / *ભગવતીકુમાર શર્મા*

(શિખરિણી • સૉનેટ)

અરે, તાપી વ્હાલી, જનની મુજ, તારી અવદશા
નિહાળી આંખેથી વહતી બીજી તાપી-શી સરિતા!

રમ્યો તારે અંકે શિશુ-સમયમાં મુક્ત મનથી;
હવે ઝાઝે ભાગે મળું છું તુજને હું સ્મરણથી.

ચહેરા તારા મેં પ્રતિદિન નિહાળ્યા અવનવા;
બહુધા રમ્યા તો કદીક વળી તું રૌદ્ર સ્વરૂપા.

પરંતુ આજે તું કૃશ, કુરૂપ, ગંધાતી, છીછરી,
જુગુપ્સા પ્રેરન્તી, નદી નહિ જ સાક્ષાત વિકૃતિ.

અમે પંડે કીધી જનની, તુજ આવી અવનતિ,
કર્યાં પાપો ઝાઝાં પ્રગતિ-ભ્રમણામાં ખદબદી.

વિના સંકોચે શાં મળ-જળ વહાવ્યાં તું જ જળે;
વળી ઉદ્યોગોના વિષ-વમનથી તું નિત બળે.

ક્ષમા દે તારાં આ શિશુ સકલને માવડી લીલી!
'કુપુત્રો જાયતે, ક્વચિદપિ કુમાતા ન ભવતિ!'

નમણું નવતર આવે

(ગાન)

જગદીશ ધનેશ્વર ભટ્ટ

કોઈ નમણું નવતર આવે,
અડાબીડ અંધારું ઓઢી સાદ કરી બોલાવે,
કોઈ નમણું નવતર આવે.
આંખ મિંચી ઊઘાડું ત્યાં તો આકાશે જઈ પૂગે,
પાંખ પ્રસારી પળ વિપળમાં કાળ કળાથી આંબે,
શું આગળ, શું પાછળ એનો સૂર સનાતન ગાવે,
કોઈ નમણું નવતર આવે.
પડઘાતા મન વનરાવનમાં કોકિલના સ્વર ગુંજે,
અંધારાની ગલીઓમાંથી કિરણનાં ધણ છૂટે,
બે હાથે ઝીલું, ના ઝીલું, અદકેરું તરસાવે,
કોઈ નમણું નવતર આવે.
ક્યાંક ભીતરમાં અમથું હળવે અરઘાયું કો આજે,
પાંદ પાંદ વિલસે પમરાતું મનભાવન કો રાજે,
રાહ ભૂલેલાં તિમિર તળોને પંથ નવા બતલાવે,
કોઈ નમણું નવતર આવે.
અડાબીડ અંધારું ઓઢી સાદ કરી બોલાવે,
કોઈ નમણું નવતર આવે.

પંખીની જેમ / *રમણીક સોમેશ્વર*

(ગીત)

પંખીની જેમ જરા ઊડી શકાય તો,
સૂંઘી લઉં વાદળની કોર,
સૂરજનાં તરણાંને ચાંચે ભરી લઉં
જ્યાં ઉગમણે રેલાતી ભોર.

પાંખ ભરી ઊંચકી લઉં થોડું આકાશ
પછી વેરી દઉં વૃક્ષોની ડાળે,
ગુંજી લઉં સાંજ પડ્યે મનગમતું ગીત
અને હેમખેમ પહોંચી જઉં માળે.

કોલાહલ સઘળા હું કાંતી કાંતીને કરું
પલભરમાં પાછો કલશોર.

ઝાડ-પાન-ફૂલોની વારતાઓ ગૂંથીને
કરતા રહેવાની બસ મોજ,
પલભરમાં અહીંયાં તો પલભરમાં દૂરદૂર
દૂર દૂર છેવટની ખોજ.

સાચવવા પોતાના લહેકા ને સાચવવો
પોતાના હૈયાનો તોર.

કવિ / *યોસેફ મૅકવાન*

(ગઝલ)

આદિકાળથી સૂર્ય તારો અંશ છું,
આ ક્ષણોની પર વિહરતો હંસ છું.

છેક પાછળથી ખબર એની પડે—
શબ્દમાં છૂપો વસેલો દંશ છું.

પોતપોતાના રમે છે દાવ સૌ
મારી સામે હું જ મારો ધ્વંસ છું.

શાંતિ-યુદ્ધો નિત્યનાં છે, સત્ય છે
હું જ કૃષ્ણ, હું જ પાછો કંસ છું.

કાળનીયે પારનું જોયા કરું—
વાલ્મીકિ ને વ્યાસનો હું વંશ છું.

લૂંટ સનાતન / *ધીરુ પરીખ*

(વનવેલી)

જય ભોલે, જય જય ભોલેઃ
ટોળે ટોળાં બોલે.
સોમનાથ મંદિરનાં દ્વારો ખોલે
જ્યોતિર્લિંગ તોડે
ઢગલો સંપત્તિ લઈ દોડે.
તૂટેલું એ લિંગ અને પડેલાં કૈં શબઃ
સમયમાં ભુલાયું તે બધું યે ગજબ!

એથી યે પહેલાં
કાબે અર્જુનને લૂંટ્યો
દ્રૌપદીની લાજ લૂંટી.


લૂંટી ગયા કોહેનૂર
રોકવાને હતી નહિ
કોઈની ય મગદૂર.

કહે છે કે ભારતનું ગણતંત્ર
લૂંટતા રહ્યા છે ભિન્ન ભિન્ન વંશ
આઝાદી પછી યે લૂંટાતો રહ્યો છે
એનો અંશેઅંશ.
જેમ કોઈ કપાયેલા પતંગને લૂંટે
તેમ લૂંટનું ગણિત
વાલિયાથી આલિયામાલિયા સુધી સહુ
મલ્ટિનૅશનલ કંપનીઓ બહુ
ઘાટું ને ઘાટું ઘૂંટે.

બોલોઃ બમ બમ ભોલે
લૂંટનો આ ભેદ કોણ ખોલે?
લૂંટવાનો ભય સદા તરણાની તોલે!

● *તાપીને :* આજે પ્રદૂષિત તાપીનાં જળ કવિને તેના ભૂતકાલીન શુદ્ધિગૌરવ તરફ લઈ જઈ, પોતાના શૈશવના સુખદ અનુભવોને પડછે વર્તમાન તાપીની સ્થિતિનો વિષાદ વ્યક્ત કરતું સૉનેટ. ● *પંખીની જેમ :* એક કપોલકલ્પના રચી હૃદયની ભાવનાઓને વાચા આપતું મનભર ગીત. ● *કવિ :* કવિનું કામ ધ્વંસ-વિધ્વંસ કે યુદ્ધશાન્તિ દરમિયાન વિશિષ્ટ છે તે ગઝલને અંતે કવિને વાલ્મીકિ-વ્યાસના વંશજ તરીકે ઓળખાવીને સ્પષ્ટ કર્યું છે. ● *કોઈ નમણું :* અંધારામાં પણ કોઈ નૂતન સાદ કાવ્યનાયકને વર્તમાનની નૈરાશ્યમય પરિસ્થિતિમાં ઉજાસની દિશા ભણી દોરી જાય છે તેવી આશા વ્યક્ત કરતું આ ગીત કોઈ અગમ્યના આનંદની અનુભૂતિ કરાવે છે. - ધી. પ.

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે વિચારનિષ્ઠ અને કર્મઠ રાજપુરુષ



ઠાકોરભાઈ દેસાઈ

—કાન્તિલાલ વ. રામી—

ગાળી અને ઈસ્ત્રી વગરનું જાડી ખાદીનું ધોતિયું અને ઝભ્ભો પહેરેલી, માથે અડધું કપાળ ઢંકાય તેવી, એક બાજુથી વાળનો ગુચ્છો નીકળેલો હોય તેવી તિરછી ગાંધીટોપીવાળી કોઈ વ્યક્તિ આપણી બાજુમાંથી પસાર થાય તો આપણને પહેલી નજરે એમ જ લાગે કે કોઈ સામાન્ય માણસ પોતાના કામધંધે જતો હશે. સાદી ખાખી બીડી અને ચાના ભારે રસિયા આ વ્યક્તિનાં મક્કમ ડગ અને રુક્ષ દેખાતા ચહેરા ઉપરના દૃઢ મનોભાવ જોવા મળે ત્યારે થાય કે આ ભાઈ કોઈ જુદી જ માટીના જણ છે. આ ભાઈની કોઈ ઓળખાણ કરાવે કે તેઓ ગુજરાતના રાજકારણમાં એક કાળે છવાઈ રહેલા શ્રી ઠાકોરભાઈ દેસાઈ છે તો આપણા સાનંદાશ્ચાર્યનો પાર જ ના રહે!

રમૂજી અને ટીખળી સ્વભાવના ઠાકોરભાઈ એક અલગારી જીવ. કવિ બાલાશંકર કંથારિયાની એક ગઝલ ટાંકીને તેઓ એક તત્ત્વચિંતકની અદાથી કહેતા : 'ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.' સુખ અને દુઃખ માગ્યાં મળતાં નથી, પણ શરીર સાથે જોડાયેલાં છે - તેવી તેમની દૃઢ માન્યતા.

ઠાકોરભાઈના રુક્ષતાના સંસ્કાર સુરતની તેમની અનાવિલ જ્ઞાતિના આવેલા. જ્યારે ચારિત્ર્યના અસાધારણ વ્યક્તિત્વનો વિકાસ જેને તેઓ પોતાનું ગામ ગણતા તે ગણદેવી તાલુકાના વેગામ ગામના ભક્તશિરોમણિ શ્રી જીવાભગતના પ્રભાવ અને પ્રતાપે થયેલો. જીવાભગત ઠાકોરભાઈના માતામહ થાય. જીવાભગતે તેમની દીકરી કાશીબહેનનું સગપણ જે વ્યક્તિ સાથે કરેલું તેણે લગ્ન ટાણે ગેરવાજબી વધુ માગણીઓ કરતાં, લગ્નના દસ દિવસ પહેલાં જ એ સગપણ તોડી નાખવાની એ જમાનામાં દૃઢતા દાખવેલી, અને તેમણે એ દીકરીનું લગ્ન નિર્ધારિત દિવસે જ શ્રી પરાગજી પોસ્ટ-માસ્તરના દીકરા મણિભાઈ સાથે કરેલું. મણિભાઈ એ શ્રી ઠાકોરભાઈના પિતાશ્રી.

ઠાકોરભાઈનો ઉછેર જીવાભગત જેવી સંસ્કારી વ્યક્તિની છત્રછાયામાં થયેલો એટલે તેમનો માનસપિંડ આ જ સંસ્કારોથી ઘડાયેલો. શ્રી ઠાકોરભાઈમાં જે સદ્‌ગુણો અને આગ્રહો હતા તેના મૂળમાં જીવાભગત મારફત મળેલો સંસ્કાર વારસો હતો. શ્રી જીવાભગતની સમાધિની દેરી વેગામ ગામના તળાવના કાંઠે તેમની પ્રતિભાની પાવન સ્મૃતિની યાદ આપી રહી છે. ઠાકોરભાઈના કુટુંબીજનો આજે પણ એ વડવાની દેરીએ માથું ટેકવીને તેમના આશીર્વાદ મેળવી રહ્યા છે.

ઠાકોરભાઈના વડવાઓ નવસારી નજીકના ખરસાડ ગામના. શ્રી પરાગજીભાઈ પોસ્ટ-માસ્તર એટલે એમને પોતાના ગામથી દૂર રહેવાનું થયેલું. પરાગજીભાઈને દુર્લભજીભાઈ અને મણિભાઈ એ બે પુત્રો. દુર્લભજીભાઈ સરકારી નોકરીમાં ડેપ્યુટિ કલેક્ટરના હોદ્દે પહોંચેલા અને શ્રી મણિભાઈ ન્યાયાધીશના પદે પહોંચેલા. બંને ભાઈ શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે ભણેલા. ઈ.સ. ૧૯૨૦માં ગાંધીજીની અસહકારની લડત શરૂ થઈ, ત્યારથી આ ત્રિપુટી ગાંધીજીથી પ્રભાવિત થયેલી અને આજીવન ખાદી અપનાવેલી. ૧૯૩૦ની દાંડીકૂચની ચળવળ આવતાં તો આ ત્રિપુટીને સરકારી નોકરી ગુલામી કરવા જેવી લાગી. ૧૯૩૦ની લડતમાં બ્રિટિશ સરકારે બહેનોના સરઘસ પર ઘોડા દોડાવેલા તેના વિરોધમાં શ્રી દુર્લભજીભાઈએ સરકારી નોકરીમાંથી રાજીનામું આપેલું.

શ્રી મણિભાઈ સરકારી નોકર હોવા છતાં ખાદી પહેરતા અને નિયમિત ખાદી કાંતતા પણ ખરા. ન્યાયાધીશ તરીકે મણિભાઈ કાયદાની દૃષ્ટિએ દરેક સાથે સમાન વ્યવહાર રાખતા અને દરેકનું સન્માન સચવાય તેનું ખાસ ધ્યાન આપતા. ૫૧ વરસની ઉંમરે મણિભાઈને અન્નનળીનું કૅન્સર થયેલું. એ સમયે

પુત્ર ઠાકોરભાઈ જેલમાં હતા. ઠાકોરભાઈ પૅરોલ તો માગે નહિ, પણ મણિભાઈની સ્થિતિ જોઈને તેમની ખબર કાઢવા આવેલા અંગ્રેજ કલેક્ટરે સરકારને ઠાકોરભાઈને જેલ-મુક્ત કરવા ભલામણ કરેલી. ભલામણ-પત્રમાં શ્રી મણિભાઈને 'ગરીબોના ન્યાયા-ધીશ' (A Poorman Judge) તરીકે ઓળખાવ્યા હતા. મણિભાઈનું ૧૯૩૨માં અવસાન થયેલું અને દુર્લભજી-ભાઈનું ૧૯૪૪માં. બન્ને ભાઈ જીવનના અંત સુધી રાષ્ટ્રિય ચળવળમાં સક્રિય રહેલા.



પિતાશ્રી મણિભાઈ પરાગજી દેસાઈ

શ્રી જીવાભગતનાં એકનાં એક દીકરી અને ઠાકોરભાઈનાં માતુશ્રી કાશીબહેન અત્યંત માયાળુ અને કુટુંબવત્સલ હતાં. જીવાભાઈ સનાતની આચાર-વિચારના ચુસ્ત પાલક. તેમની આગવી પ્રતિભાને કારણે તેમને ગામના તેમજ આસપાસનાં ગામોનાં અનાવિલો પોતાનો નેતા માનતા. જીવાભાઈ તેમની સંત-દિનચર્યાને લીધે જીવાભગત તરીકે ઓળખાય. ભયંકર માંદગી વખતે જીવાભગતે સંન્યાસ લીધેલો અને માંદગીમાંથી ઊગરી જતાં ચૌદ વર્ષ સુધી તે નિભાવેલો. ઠાકોરભાઈનો જન્મ અને ઉછેર જીવાભાઈના ગામ વેગામમાં થયેલો. પ્રાથમિક કેળવણી પણ ત્યાં જ રહીને મેળવેલી, આમ, તેઓ 'વેગામના ઠાકોરભાઈ' કહેવાતા. પિતાના અવસાન બાદ એક વર્ષમાં જ ઈ.સ. ૧૯૩૩માં માતુશ્રી કાશીબહેનનું અવસાન થયેલું.

ઠાકોરભાઈનો જન્મ સુરત જિલ્લાના વેગામ ગામમાં - તેમના મોસાળમાં તા. ૧૩-૨-૧૯૦૩ના રોજ થયેલો. પિતા સરકારી નોકર એટલે જુદા જુદા ગામે રહેવાનું થાય. ઠાકોર-ભાઈએ પ્રાથમિક શિક્ષણ વેગામમાં પૂરું કરેલું. હાઈસ્કૂલનો અભ્યાસ તેમણે ભરૂચ અને થાણામાં કરેલો. તેઓ ઈ.સ. ૧૯૧૯માં મૅટ્રિક થયા. મૅટ્રિકની પરીક્ષા અમદાવાદમાં આપેલી ત્યારે પરીક્ષાનો મંડપ બાળવાનો પ્રસંગ બનેલો. ત્યાર પછી ઠાકોરભાઈ ગુજરાત કૉલેજમાં દાખલ થયેલા. ઇન્ટરમાં હતા ત્યારે ગાંધીજીની શાળા-કૉલેજો છોડવાની હાકલ ઝીલી લઈ કૉલેજ છોડી દીધી અને ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. ત્યાં તેઓ અંગ્રેજી અને સંસ્કૃત વિષય લઈને ૧૯૨૪માં ભાષા-વિશારદ થયેલા. વિદ્યાપીઠની તેજસ્વી અભ્યાસી તરીકેની કારકિર્દી બાદ શ્રી ઠાકોરભાઈ કાકા કાલેલકર સાથે બે વર્ષ ગાંધીજીના સાબર-



માતુશ્રી કાશીબહેન મણિભાઈ દેસાઈ

મતી સત્યાગ્રહ આશ્રમમાં રહેલા. ૧૯૩૨ની લડત વખતે તેમને બે વર્ષની કારાવાસની સજા થયેલી અને વિસાપુર જેલમાં રાખવામાં આવેલા. જેલમાંથી છૂટી ૩૦ વર્ષની ઉંમરે નવસારી આવી વસેલા. હવે તેમણે લગ્ન કરવું કે જીવનભર કુંવારા રહેવું તેનો નિર્ણય કરવાનો સમય આવી ગયો. પોતાના રાષ્ટ્રના કામમાં, પોતે પસંદ કરેલા સાદા અને કઠોર જીવનમાં જો કોઈ ભાગીદાર થવા તૈયાર હોય તો જ લગ્નજીવન સફળ થાય તેમ તેઓ માનતા. ગણદેવી તાલુકાના ગડત ગામના દયાળજી લલ્લુભાઈ મહેતાનાં પુત્રી શ્રી સુભદ્રાબહેને આવી ભાગીદારી સ્વીકારવા તૈયારી બતાવેલી એટલે તેમની સાથે તેમણે સાદાઈથી લગ્ન કરેલું.

સુભદ્રાબહેન પણ રાષ્ટ્રિય રંગે રંગાયેલાં હતાં અને ગાંધી-વિચારસરણી તેમણે બરાબર પચાવી હતી. એટલે તેમને એવો જ પતિ મળતાં એ સમગ્ર ભાવના તેમનામાં બરાબર ખીલી ઊઠેલી. તેમણે પોતાનાં બાળકોને ગાંધી-વિચારસરણીમાં શ્રદ્ધા રાખતાં કેળવેલાં અને જીવનમાં સાદગી સ્વીકારેલી. તેમની આદર-સત્કારની ભાવના ઘણી ઊંચી હતી. જમ્યા વિના કોઈને જવા ન દેવાનો તેમનો ખાસ આગ્રહ રહેતો. તેમને ત્રણ સંતાન - જિતેન્દ્ર અને રામચંદ્ર બે પુત્ર તથા એક પુત્રી જ્યોતિ (કિલબિલ).

ઠાકોરભાઈ બાહ્ય રીતે રુક્ષ લાગે પણ તેમનું અંતર સદા આર્દ્ર. પોતાના વ્યસ્ત જીવનને લીધે પોતાનાં સંતાનો સાથે બોલવા-ચાલવાનું ઓછું રહેતું પણ તેમના શિક્ષણમાં હંમેશાં રસ લેતા. ઠાકોરભાઈ પોતાનાં સંતાનોને સવાર-સાંજ દોઢ-બે કલાક જરૂર શિક્ષકની જેમ ભણાવે. તેમના પુત્ર જિતેન્દ્રભાઈ લખે છે : 'ભાઈએ અમને કદી માર્યા નથી. હા, માની પ્રસાદી અમે બધાએ ચાખી છે. તેમાં મેં તો વધારે... પણ ભાઈ ગુસ્સે થાય ત્યારે ભારે ગુસ્સે થતા. ઘરમાં એકાદી વસ્તુ આઘી-પાછી થાય તો અમારું આવી બને, અને સજા પણ થાય તે કેવી? - ઠાકોરભાઈ વાંચતા હોય, લખતા હોય કે કાંતતા હોય ત્યાં સજા પામનારે હાલ્યા-ચાલ્યા વગર બેસી રહેવાનું. ગંભીર ગુના માટે ભીંત સામે જોઈને બેસી રહેવાની સજા થતી - આ ભાઈની આકરામાં આકરી સજા!'

પોતાનાં સંતાનો રોજ ચરવડાચક્ર (રેંટિયા) પર એક લટ એટલે ૧૬૦ તાર કાંતે જ એવો એમનો આગ્રહ. વધુમાં દરેક



શ્રી સુભદ્રાબહેન ઠાકોરભાઈ દેસાઈ

સંતાને ઘરનું કાંઈ ને કાંઈ કામ કરવાનું જ. ભાગે આવેલું નાનામાં નાનું કામ પણ સારી રીતે કરવું જોઈએ - આવી હતી તેમની કેળવણી. ૧૯૫૭માં પુત્ર જિતેન્દ્ર સ્નાતકના પહેલા વર્ષમાં અભ્યાસ કરે. તેમની સાથે તારા નામની વિદ્યાર્થિની ભણે. બંનેએ જીવનસાથી બનવાનું મનોમન નક્કી કર્યું. આ સંબંધને જિતેન્દ્રનાં માતુશ્રીએ સંમતિ ન આપી. બંને સ્નાતક પણ થઈ ગયાં અને એ પછી બે વર્ષ વીતી ગયાં. બંનેની અકળામણ વધી. એક દિવસ જિતેન્દ્રભાઈએ આ બાબતે પિતાશ્રીને પૃચ્છા કરી ત્યારે ઠાકોરભાઈએ ગંભીરતાથી કહ્યું : 'તારી બાનું વલણ તો તું જાણે જ છે. ઘરમાં બધાંએ ભેગાં મળી તેને એકલી પાડી દીધી છે, એ સંજોગોમાં મારો ખરો ધર્મ તેની પડખે ઊભા રહેવાનો છે. હું તેની સાથે છું.'

શ્રી ઠાકોરભાઈનાં શરૂઆતનાં વર્ષોમાં ગામના મંદિરનો એક બાવો લાકડી લઈને મારવા આવેલો ત્યારે ઠાકોરભાઈએ સામે દોડી તેની લાકડી પકડી લીધેલી અને જુસ્સાથી બોલી ઊઠેલા : 'બાવાજી પાછા જાવ, મારા હાથ અહિંસાવ્રતથી બંધાયેલા છે નહિ તો...' ગાંધી વિચારે તેમના હાથ બાંધી લીધા હતા.

નવસારીનું દૂધિયું તળાવ જ્યારે પૂરું ભરાયેલું હોય ત્યારે તરવા પડવાની કોઈની હિંમત નહિ, પણ ઠાકોરભાઈ તો તેમાં તરવા કૂદી પડેલા. ગામલોકો તેમની હિંમત ને અભયપણું જોઈ આશ્ચર્યચકિત થયેલાં. નદીએ નહાવા જાય ત્યારે નર્મદાના પુલ પરથી સીધો ભૂસકો જ મારે, આમ, ઠાકોરભાઈ એક અચ્છા તરવૈયા હતા.

તેમના પુત્ર જિતેન્દ્રભાઈ લખે છે કે, 'મારે પરદેશ અભ્યાસ કરવા જવાનું થયું તેનાથી તેઓ ખૂબ રાજી થએલા. તેમની માંદગીને કારણે પરદેશ જવામાં મેં થોડો વિલંબ કરેલો તે જાણી તેઓ કહે : 'તારી આ વાત બરાબર નથી. તારા જવાની નક્કી તારીખે જો હું મરવા પડ્યો હોઉં તો પણ તારે જવાનું એટલે જવાનું. મારી તબિયતને કારણે તું તારો અભ્યાસ કે કામ બગાડે એ બરાબર નથી.'

જિતેન્દ્રભાઈ પોતાના પુસ્તકમાં એક જગાએ નોંધે છે : "ભાઈ બાની પડખે રહી, એક પતિ તરીકે એક 'કઠિન સાધના'માંથી પાર ઊતર્યા હતા. આ કઠિન સાધના એટલે સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબી." ઠાકોરભાઈ આખું જીવન ખૂબ



ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ઠાકોરભાઈ કુલપતિ શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે

સ્વમાનભેર જીવ્યા. પ્રામાણિકતા અને સચ્ચાઈ એ ઠાકોરભાઈના સમગ્ર પરિવારે જીવનભર નિભાવેલો વારસો. ઈ. ૧૯૫૯માં જિતેન્દ્ર સ્નાતક થયા પછી નવજીવનમાં જોડાયેલા અને તેમની આવક થતાં ઠાકોરભાઈની આર્થિક સંકડામણમાં કંઈક રાહત થયેલી.

શ્રી જિતેન્દ્રભાઈ અને તારાબહેન પરસ્પર એકબીજાંને મનહૃદયથી ચાહતાં હતાં. પરંતુ માતુશ્રી સુભદ્રાબહેન અને તેમને સાથ આપતા ઠાકોરભાઈને આ સંબંધ બાબતે ઉદાસીનતા હતી. વખત જતાં ૧૯૬૩માં જિતેન્દ્રભાઈએ એક દિવસ ઘર છોડી લગ્ન કરી લીધાં અને નવજીવન બ્લૉક્સમાં રહેતા શ્રી મગનભાઈ દેસાઈને ત્યાં આ દંપતી રહેવા ગયું. જિતેન્દ્રભાઈ અને તેમનાં પત્ની તારાબહેને શ્રી મગનભાઈ અને તેમનાં પત્ની ડાહીબહેનની પોતાનાં બીજાં મા-બાપની જેમ છેક સુધી કાળજી રાખી સેવા કરેલી.

ઠાકોરભાઈ બીડી અને ચાના ભારે રસિયા - કહો કે બંધાણી. એવા જ બંધાણી વાચનના હતા. તેમાંય સાહિત્યિક વાચન એમને ઘણું પ્રિય હતું. વાચનના આ શૉખને કોઈ હળવાશથી વ્યસન પણ કહી શકે! બીડી-સિગારેટ પીવાથી કૅન્સરનો રોગ થાય છે તે તેઓ જાણતા હતા, પોતાના પિતાશ્રી અને કાકા બંનેનું કૅન્સરને કારણે અવસાન થયેલું. પત્ની સુભદ્રાબહેન વારંવાર તેમને બીડી ના પીવા સમજાવે, થોડી રકઝક થાય, પણ તેમનું બીડી પીવાનું ચાલુ જ રહે. ઘરમાં ચા બનાવવાનું લગભગ ચાલુ જ રહેતું. મળવા આવનાર સામાન્યમાં સામાન્ય કાર્યકર હોય તો પણ તેને આગ્રહ કરીને ચા પિવડાવતા. કોઈ મહેમાન-મુલાકાતી માટે ઠાકોરભાઈની ચાની ફરમાશ સતત રહેતી અને આથી સુભદ્રાબહેન ક્યારેક કંટાળે પણ ખરાં. પરંતુ ઠાકોરભાઈની ફરમાશને નકારાય તો નહીં. આમ તો સુભદ્રાબહેનની આતિથ્ય-સત્કારની ભાવના ઘણી ઊંચી હતી. જમ્યા વિના કોઈને જવા ન દેવાનો તેમનો ખાસ આગ્રહ રહેતો. તેમનું ૯૦ વર્ષની વયે અવસાન થયું ત્યાં સુધી તેમણે દેદીપ્યમાન, સ્વમાની અને સર્વ પ્રત્યે સ્નેહભર્યું

જીવન જીવીને કુટુંબની અને પોતાની મહેક ફેલાવેલી.

ઈ.સ. ૧૯૫૨થી ૧૯૭૧ સુધીનાં વર્ષોમાં ઠાકોરભાઈ અમદાવાદમાં કૉંગ્રેસના નિષ્ઠાવાન અને સક્રિય સેવક તરીકે પ્રવૃત્ત રહ્યા હતા તે પહેલાં ૧૯૩૭ થી ૧૯૩૯નાં વર્ષોમાં શ્રી મોરારજી દેસાઈ મુંબઈમાં પ્રધાન હતા ત્યારે ઠાકોરભાઈ તેમના અંગત સચિવ તરીકે રહેલા. ત્યાર બાદ તેઓ ભાષા-વિશારદ હોવાથી નવજીવન પ્રેસમાં અનુવાદક અને પ્રૂફરીડર તરીકે જોડાયેલા. ૧૯૪૫થી ૧૯૫૦ સુધી 'હરિજન'પત્રોના તંત્રી વિભાગમાં કામ કરેલું. ત્યાર બાદ કૉંગ્રેસ સંગઠનના રચનાત્મક કામ અર્થે નવજીવન છોડી નવસારીમાં કૉંગ્રેસના પૂરા સમયના કાર્યકર તરીકે સેવાકાર્ય સંભાળ્યું. સમાજસેવા એ વ્યવસાય કે ધંધો નથી તેમ તેઓ દઢપણે અને મક્કમતાથી માનતા. સેવાક્ષેત્રમાં એટલે જાહેર કામોમાં કોઈના ડર કે ભય વગર તટસ્થતાથી વર્તવું હોય તો એવી વ્યક્તિએ સ્વનિર્ભર બનવું જોઈએ અને કોઈની પર આર્થિક જરૂરિયાત માટે આધાર ન રાખવો જોઈએ તેવો તેમનો આગ્રહ રહેલો; આથી તેમની જૂજ આવક અને નવજીવન તરફથી મળતા અનુવાદના કામમાંથી થતી થોડી આવકથી પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવેલો. આમ, સાદાઈ અને અપરિગ્રહના વિચારને દઢતાથી અનુસરીને તેઓ ઉન્નત જીવન જીવ્યા.



પંડિત જવાહરલાલ નેહરુ ગૂજરાત વિદ્યાપીઠમાં દીક્ષાન્ત પ્રવચન આપવા આવેલા ત્યારે

ઠાકોરભાઈ શ્રી મોરારજીભાઈને પોતાના નેતા માનતા અને તેમનાં સલાહ-સૂચન પ્રમાણે પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારતા. તેમની જ સૂચનાથી - સલાહથી તેઓ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિમાં ઉત્કટપણે અને પૂરી લગનથી સક્રિય થયા હતા અને જીવ્યા ત્યાં સુધી તેમણે કદી મોરારજીભાઈનો સાથ છોડેલો નહિ. બધા મતભેદોને બાજુએ રાખીને હંમેશાં તેમને સાથ-સહકાર આપેલો. મોરારજી-ભાઈએ તેમનો આદર કરતાં જણાવ્યું છે કે, 'સેવાનું ક્ષેત્ર જ એમનું જીવન બની રહ્યું હતું અને તેથી જ એ સૌના આદરને પાત્ર બન્યા હતા. તેમણે ઠાકોરભાઈને 'વીર સૈનિક, સેનાની અને સેવક' તરીકે બિરદાવ્યા છે.

ગુજરાત કૉંગ્રેસની જવાબદારી શ્રી ઠાકોરભાઈએ સંભાળી ત્યારે પણ તેઓ ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાની આવી જ કામગીરી ખૂબ જ અસરકારક રીતે બજાવીને આવ્યા હતા. કૉંગ્રેસ સંગઠન મજબૂત બનાવવું એ જ એમનું ધ્યેય હતું. તેઓ કહેતા : 'આજનું ખરું કાર્ય લોકોની શક્તિ કેળવવાનું છે. આ શક્તિ લોકસંપર્ક સાધીને કામ દ્વારા લોકોનું સંગઠન કરીને લોકોને કેળવવાથી પેદા થાય છે અને વધે છે. ગાંધીજીએ પણ પ્રજાનાં કામો કરીને પ્રજાની શક્તિ વધારવાની વાત જણાવી હતી.'

ઈ. ૧૯૫૨માં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના તેઓ મંત્રીપદે આરૂઢ થયા અને તેમનું કાર્યક્ષેત્ર એકદમ વિસ્તર્યું અને તેમની ૧૯૫૬માં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી થઈ. ત્યાર બાદ ૧૯૫૮માં મુંબઈની દ્વિભાષી રાજ્યની કૉંગ્રેસ સમિતિના પહેલા અને છેલ્લા પ્રમુખ બન્યા. આ સમયે ઈન્દુલાલ યાજ્ઞિકના વડપણ હેઠળ મુંબઈના દ્વિભાષી રાજ્યનું વિસર્જન થતાં અલગ થયેલી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના શ્રી ઠાકોરભાઈ ૧૯૫૯માં પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા. આમ, ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થઈ, એટલે તેની વિધાનસભાની ચૂંટણી ૧૯૬૨માં યોજાઈ. તેમાં શ્રી ઠાકોરભાઈ ગણદેવીમાંથી સભ્ય તરીકે ઊભા રહ્યા, પરંતુ તેઓ આ ચૂંટણીમાં પરાજય પામ્યા. ફરીથી ૧૯૬૭માં ગણદેવીમાંથી સભ્ય તરીકે ચૂંટણી લડ્યા અને તેમાં શ્રી ઠાકોરભાઈ જીતી ગયા અને ઘણી મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા. આમ, શ્રી ઠાકોરભાઈ શ્રી હિતેન્દ્ર દેસાઈના મંત્રીમંડળમાં પંચાયત, ખેતીવાડી અને સહકાર મંત્રી તરીકે ઈ. ૧૯૬૭-૭૧ સુધીનાં પાંચ વર્ષ મંત્રીપદે રહ્યા.

ઠાકોરભાઈએ સ્નાતક થયા પછી વિદ્યાપીઠમાં જ ભાષાના અધ્યાપક તરીકે પોતાની સેવાઓ અપેલી. આ અગાઉ ૧૯૪૬ના ૧૪મી જાન્યુઆરીથી ગૂજરાત વિદ્યાપીઠના નિયામક મંડળમાં તેમને નીમવામાં આવેલા. મોરારજી દેસાઈ જેઓ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક હતા તેઓ વિદ્યાપીઠના કુલપતિ થયા ત્યારે તેમની જગ્યાએ ૧૬મી જૂન ૧૯૬૩ના રોજ શ્રી ઠાકોરભાઈની કુલનાયકપદે વરણી થયેલી, આ પદ તેમણે ૧૫મી જૂન ૧૯૭૫ સુધી એટલે કે તેમના દેહાવસાન સુધી સંભાળેલું.

ઠાકોરભાઈ ગાંધીજીના રચનાત્મક કાર્યના પ્રખર પુરસ્કર્તા રહેલા. એ કાર્યે તેમણે રાજકીય ક્ષેત્રે કૉંગ્રેસના સંગઠન મારફતે, શિક્ષણક્ષેત્રે 'ગૂજરાત વિદ્યાપીઠ' દ્વારા અને તેના પ્રચાર-પ્રસાર મારફતે એટલે કે વિચાર કેળવવાની દૃષ્ટિએ 'નવજીવન' દ્વારા કરેલું. ગૂજરાત વિદ્યાપીઠ માટે ઠાકોરભાઈનો સ્પષ્ટ મત હતો કે, 'ગૂજરાત વિદ્યાપીઠ તો એક શિક્ષણસંસ્થા છે, એ કોઈ 'આશ્રમ' નથી. આ સંસ્થાને એની ફિલસૂફી હોય,



ગુજરાત મંત્રીમંડળના મંત્રી તરીકે શપથ લેતા
શ્રી ઠાકોરભાઈ



બળવંતરાય મહેતા, લાલબહાદુર શાસ્ત્રી, ડો. જીવરાજ મહેતા,
મોરારજી દેસાઈ સાથે શ્રી ઠાકોરભાઈ


એને અનુરૂપ એના ધ્યેય હોય... વહીવટમાં તો કડકાઈ પણ દાખવવી પડે. સંચાલકે કડવા ઘૂંટડા ગળવાની તૈયારી પણ રાખવી પડે... સિદ્ધાંતોની જોડે તડજોડ નહિ રાખવી એમ કામ કરવું પડે.' આવી ઐતિહાસિક મહત્ત્વની સંસ્થાના કુલનાયક પદે રહીને ઠાકોરભાઈએ વિદ્યાપીઠની આ પરંપરાને વિસ્તારી છે એટલું જ નહિ, પણ ઊજળી કરી છે. વિદ્યાપીઠમાં યોજાયેલી જ્ઞાનગોષ્ઠીમાં એક ભાઈએ પોતાનો નિબંધ વાંચ્યો ત્યારે તેની ભાષાથી વ્યગ્ર બનેલા ઠાકોરભાઈએ આ ભાઈને 'કોશિયા પણ સમજી શકે તેવી ભાષા આપણી હોવી જોઈએ.' એવા ગાંધીજીના વિધાનની યાદ આપી કહ્યું હતું કે, 'ખાસ કરીને વિદ્યાપીઠ જેવી ગાંધીસંસ્થામાં તો ભાષાનો પ્રયોગ-સરળ, સાદી અને સારી ભાષાનો જ હોવો જોઈએ.'

ઠાકોરભાઈ બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રિય રંગે રંગાયેલા એટલે તે સમયે થતી કોઈ પણ રાષ્ટ્રિય ચળવળમાં તેઓ ભાગ લેવા જતા. ૧૯૩૦માં ઠાકોરભાઈએ ગામડાંનાં લોકોની સેવા દ્વારા રાષ્ટ્રની આઝાદીની ચળવળ માટે લોકશક્તિ ઊભી કરવાનું કામ કરેલું. મીઠા-સત્યાગ્રહ થયો ત્યારે જલાલપુર તાલુકાની કૉંગ્રેસ સમિતિ તરફથી એક હજાર સ્વયંસેવકો તૈયાર કરવાની અને ગામોગામ પ્રચાર-સભાઓ યોજીને લડત માટે સૈનિકોની ભરતી કરવા માંડેલી. આ કાર્યમાં ઠાકોરભાઈએ ઘણો સક્રિય ભાગ લેવા માંડ્યો અને બ્રિટિશ સરકારે તેમને પકડીને છ મહિનાની જેલની સજા કરી. જેલમાંથી છૂટીને આઝાદી માટેના આ જંગમાં ફરી ઝંપલાવ્યું. ૧૯૩૨માં સરકારે તેમની ધરપકડ કરી અને સવા બે વર્ષની કારાવાસની સજા કરી, તેમને વિસાપુર જેલમાં રાખવામાં આવેલા.

૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં ઠાકોરભાઈ ખૂબ જ સક્રિય રહેલા અને આગેવાનીભર્યો ભાગ લીધેલો. આ લડત અહિંસક રહે તેવો તેમનો આગ્રહ. ભૂગર્ભમાં રહેવું પડે પણ કદી વેશપલટો કરેલો નહિ. આખા સુરત જિલ્લામાં ઠાકોરભાઈની લડત-પ્રવૃત્તિ વિસ્તરેલી પણ પોલીસ તેમને પકડી શકેલી નહિ. આખરે ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં તેમણે પોતે જ પકડાઈ જવાનો નિર્ણય લીધો ત્યારે જ પોલીસ તેમને પકડી શકેલી. આ લડતમાં તેમને ત્રણ વર્ષની કારાવાસની સજા થયેલી.

શ્રી જિતેન્દ્રભાઈએ પિતાનાં સંસ્મરણો આલેખતું 'રવિયા દૂબળાના રખેવાળ' નામનું જે પુસ્તક લખ્યું છે તેમાં તેમના જણાવ્યા પ્રમાણે બે વ્યક્તિઓ કેન્દ્રસ્થાને રહેલી છે : એક શ્રી ઠાકોરભાઈ અને બીજો તેમનો 'રવિયો દૂબળો'. વાપીથી તાપી વચ્ચે વસતાં અનાવિલ ખેડૂત-કુટુંબોમાં 'ધણિયામાં' અને 'હાળી' પ્રથા પ્રચલિત હતી. ઠાકોરભાઈને ત્યાં 'રવિયો' નામનો 'હાળી' કામ કરતો. આ રવિયો ઠાકોરભાઈના હૃદયને સ્પર્શી ગયેલો. 'રવિયો' એટલે સમાજનો નબળમાં નબળા, ગરીબમાં ગરીબ માણસ. ઠાકોરભાઈને આ 'રવિયા'ની સેવા કરવાની લગની લાગી ગઈ. સામાન્ય માણસ, આમઆદમી તેમની સેવાનું કેન્દ્ર બન્યો. તેમને પૂછવામાં આવેલા એક પ્રશ્ન : 'તમે ગૂજરાત વિદ્યાપીઠમાં શું શીખ્યા?' ઠાકોરભાઈનો જવાબ હતો : 'ગાંધીજી, જગતગુરુ શંકરાચાર્ય, અંબાલાલ સારાભાઈ અને મારો દૂબળો એ સહુ સમાન છે, એમને સમાન ગણવા જોઈએ એ હું વિદ્યાપીઠના શિક્ષણમાંથી શીખ્યો.'

ઠાકોરભાઈએ યુવક-યુવતીને વેગ આપીને, અનેક યુવાનોનું વિચારઘડતર કરીને 'રવિયા દૂબળા'ના ઉત્કર્ષના કામમાં અને તે માટે કૉંગ્રેસની પ્રવૃત્તિમાં સક્રિય બનાવેલા. ઠાકોરભાઈને યુવાનોના ભાવિની ભારે ચિન્તા રહેતી. દેશમાં યુવાનોને હિંસા



ભાવનગર કૉંગ્રેસ અધિવેશન વખતે વડાપ્રધાન
શ્રી જવાહરલાલ નેહરુનું સ્વાગત કરી રહેલા શ્રી ઠાકોરભાઈ



સ્વ. ઠાકોરભાઈ દેસાઈની સ્મશાનયાત્રામાં
પુત્ર શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ

તરફ વળતા જોઈને તેઓ વ્યગ્ર થતા. વિદ્યાર્થીઓ હિંસક આંદોલનો કરે તેનું તેમને ભારે દુઃખ હતું. ઠાકોરભાઈએ 'યુવક વિકાસ ટ્રસ્ટ'ના સ્થાપક-ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે તા. ૧૮-૧૨-૬૮ થી તા. ૧૫-૬-૭૧ સુધી ખૂબ મહત્ત્વની પ્રેરણાત્મક અને માર્ગદર્શક સેવાઓ આપી હતી અને સમગ્ર યુવકોના રાહબર રહ્યા હતા. 'યુવક વિકાસ ટ્રસ્ટે' છેલ્લાં ૩૪-૩૫ વર્ષમાં દોઢ લાખથી વધુ યુવકોને પ્રવૃત્ત કર્યા છે. ગુજરાતના યુવકોના શક્તિ-વિકાસના ક્ષેત્રે ઠાકોરભાઈનું આ એક મહત્ત્વનું પ્રદાન છે.

ઠાકોરભાઈનું વાચન ઘણું વિશાળ હતું. 'નવજીવન'માં 'હરિજનપત્રો'ના સંપાદકની કામગીરી ઉપરાંત અનુવાદકનું કામ સંભાળેલું. ૧૯૬૨માં 'નવજીવન'ના મૅનેજિંગ ટ્રસ્ટી નિમાએલા. આ દરમિયાન ઠાકોરભાઈનું અનુવાદનું કામ તો સતત ચાલુ રહેલું, અને કેટલાક ઉત્તમ અનુવાદો ગુજરાતને એમણે આપેલા; જેવા કે, આચાર્ય વિનોબા ભાવેનાં 'ગીતા પ્રવચનો' અને 'સ્થિતપ્રજ્ઞ દર્શન'નો અનુવાદ ઉપરાંત જવાહરલાલ નેહરુ, અશોક મહેતા તથા અચ્યુત પટવર્ધનનાં પુસ્તકોના અનુવાદ, કાકા કાલેલકરનાં મરાઠી પુસ્તકોના અનુવાદ ઠાકોરભાઈએ કરેલા છે. બધા અનુવાદોમાં શિરમોર જેવો અનુવાદ 'ગીતા-પ્રવચનો'નો હતો. આચાર્ય વિનોબા ભાવે એના મૂળ લેખક. વિનોબાએ ગીતાપ્રવચનોના અનુવાદ અંગે પૃચ્છા કરતાં કહ્યું : 'જેણે ગીતા પચાવી હોય તે જ આવો અનુવાદ કરી શકે.' એ વખતે ઠાકોરભાઈ હાજર હતા, પણ ન તો તેમણે અનુવાદક તરીકે વિનોબાજી સમક્ષ પ્રકટ થવાનું મુનાસિબ માન્યું કે ન તો કાંઈ કહ્યું. શ્રી યશોધર મહેતાએ ઠાકોરભાઈને 'કોઈ પણ જાતની અહંગ્રંથિ વગરના ઉત્તમ પુરુષ' તરીકે ઓળખાવ્યા છે. આવા ઉત્તમ અનુવાદો ગુજરાતને આપનાર એ વિભૂતિ કોણ છે તેનો સહેજ પણ નિર્દેશ ક્યાંય પણ મળતો નથી. એક પણ અનુવાદ ઉપર અનુવાદકનું નામ નથી. આજકાલ તો રદ્દી એવું નાનું-મોટું લખાણ લખનાર પોતાના નામનો આગ્રહ રાખતો હોય છે, ત્યારે આવી બહુશ્રુત વ્યક્તિ નિર્લેપભાવે પોતાની શ્રેષ્ઠ શક્તિનું પ્રદાન કરે ત્યારે તેને આપણે શું કહીશું?

જ્યારે ઠાકોરભાઈને જોઈએ ત્યારે એ કંઈ ને કંઈ વાચન કરતા જ હોય. ઘરમાં હોય ત્યારે મોડી રાત સુધી તેઓ વાંચતા હોય. પ્રવાસમાં પણ સાથે પુસ્તકવાચન હોય જ. જીવનચરિત્રો, નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, જાસૂસી કથાઓ પણ તેઓ વાંચતા. ગુજરાતી સાહિત્યની બધી જ શ્રેષ્ઠ કૃતિઓ તેમણે વાંચેલી.

ઠાકોરભાઈના ઘરમાં તેમના વાચનના શૉખને લીધે એક નાનકડું પુસ્તકાલય ઊભું થઈ ગયેલું. અવસાનના આગલા દિવસે તેમની પાસે વાંચવા માટે પુસ્તકો ખૂટી પડેલાં તેથી પુત્રને કહે કે, 'નવાં પ્રકાશનો લઈ આવજે.' એટલે તેમના પુત્ર શ્રી જિતેન્દ્રભાઈ એક પ્રકાશક પાસેથી થોડાં પુસ્તકો લઈ આવેલા, તેમાંથી ઠાકોરભાઈએ રસિક ઝવેરીની 'દિલની વાતો' વાંચવાનું શરૂ કરેલું, પરંતુ બીજે દિવસે એટલે કે તા. ૧૫મી જૂન, ૧૯૭૧ના રોજ પોતાનો જ 'દિલનો દોરો' તૂટી પડતાં 'દિલની વાતો' અધૂરી રહી ગઈ! આવા નિષ્ઠાવાન કાર્યકરોની જ્યારે આજના સમાજમાં ખોટ વરતાતી જાય છે ત્યારે ઠાકોરભાઈનું જીવન પ્રેરણારૂપ બની રહેશે! ❐

('વિચારપુરુષ ઠાકોરભાઈ' તથા અન્યના આધારે)

હાલ તો માત્ર સતીશ રામચંદ્ર

ભરત ના. ભટ્ટ

'હલ્લો... સતીશ રામચંદ્ર?'

'બોલું છું...'

'હું કવિતા બોલું છું'

'હં... બો... લો...'

'તમે હમણાં ઘરે જ છો ને?'

'હા...!'

'તો હું ઑફિસે જતાં તમને મળતી જાઉં છું. તમારા પત્રનો જવાબ દેવા.'

'ગજબ કહેવાય આ કવિતા!' સતીશનો મિત્ર ધીરેન હાજર હોત તો કહેત. સતીશ જવાબ જાણે પછી શું થાય તેની તો અત્યારે કેમ ખબર પડે? પરંતુ હવે કવિતા અહીં આવશે ત્યાં સુધી તો સતીશ ક્યાંયનો નહીં! કૉલેજમાં આજે રજા હતી એટલે આનંદમાં હોત પણ હવે તો...

'જવાબ દેવા એ રૂબરૂ આવે છે ? નવાઈ કહેવાય નહીં? સામાન્ય રીતે યુવતી આમ ન આવે!' સતીશનું મન બે ખંડોમાં વહેંચાઈ ગયું.

'મારે આમ મૂંઝાવાની જરૂર નથી. આનંદમાં રહી તેની રાહ જોવી જોઈએ...' ઠીક વિચાર આવ્યો. મેં લખેલા પત્રની નકલ કાઢી તે વાંચું. મન રોકાઈ રહેશે.

* * *

કવિતાજી,

નમસ્તે,

ત્રણ બીનાઓએ તમને આ પત્ર લખવાનું મને નિમિત્ત આપ્યું છે.

પાંચેક માસ થયા હશે એ દિવસને. મારા સામાન્ય ક્રમને છોડીને મેં ટી.વી. શરૂ કર્યું. યુવાની વટાવી ચૂકેલાં એક મહિલા કોઈ કાર્યક્રમ ચલાવતાં હતાં. મને રસ પડ્યો, કાર્યક્રમ જોયે રાખ્યો. થોડી વારે એ સંચાલિકા મહિલાનું નામ આવ્યું - કવિતા સિતાંશુ.

ત્યારે તમારી સામે હતા યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના કેટલાક વિદ્યાર્થીઓ ને એક અધ્યાપક. મુદ્દો હતો : રાષ્ટ્રના આર્થિક પ્રશ્નો-પડકારો. મેં પૂરો કાર્યક્રમ જોયો-સાંભળ્યો. ગમ્યો, સાચું કહું તો મ...જા...પ...ડી...!

કારણ?

તમે વિદ્યાર્થીઓ સામે બહુ સરસ રીતે પેશ આવતાં હતાં. તેમને ભાગીદાર કરતાં હતાં. તમારા ચહેરા પર સતત સ્મિત, અંતરમાં હિત. વિદ્યાર્થીઓને તત્પર, વિચારતા, સમૃદ્ધ ને ખુશ કરતાં તમારા પ્રશ્નો - પ્રોત્સાહક હતાં.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમે એવી સીમારેખા પર અડગ ચાલ્યાં જે ક્ષોભ-દેખાડાને સ્પષ્ટ વિભાજિત કરતી હતી.

પરંતુ મારી અંદર અંકિત થયેલી તમારી આ સ્મૃતિ ઢંકાઈ જાત, પછીના આવા અનેક પ્રસંગોના પડ તેની ઉપર આવી જાત જો...

બીજી ઘટના ન બની હોત!

ત્યાં જ, એવો જ કાર્યક્રમ, મુદ્દો - ભારતીય રાજકારણની વર્તમાન ગતિવિધિ. હા, વિદ્યાર્થીઓ એ જ કક્ષાના - બીજા. તેમની સાથે આવ્યા હતા તેમના રાજ્યશાસ્ત્રના અધ્યાપક સતીશ રામચંદ્ર.

દરેક પરોઢ આગલા પરોઢ જેવું જ હોય છે, ને છતાં અલગ જ. દરેકની આગવી તાઝગી, પૂર્વેના કાર્યક્રમની સરખામણીએ આ કાર્યક્રમ એવી જ કોઈ પરોઢ શો!

કાર્યક્રમ પહેલાં તમારા કેન્દ્રનિયામકે નાનું મિલન રાખેલું. તેમાં તમારો પરિચય આપેલો :

'કુ. કવિતા સિતાંશુ પરીખ. ઇંગ્લિશ સાથે એમ. એ. ને માનશો?' જરા મલકીને 'અર્થશાસ્ત્ર સાથે પણ...' પછી ગમ્મતમાં કહે, 'ડ...બ્બ...લ... પો...સ્ટ... ગ્રે...ડ્યુ...એ...ટઅઅઅ...!'

'મૂળ દક્ષિણ ગુજરાતનાં. બારેક વર્ષથી અમારા કેન્દ્રમાં છે. મને કાકા કહે છે, અંકલ નહીં હોં. એટલે કહી શકું કે તેમના અવાજ, રજૂઆત ને વ્યક્તિત્વ આ કેન્દ્રનાં આભૂષણ છે.'

કવિતાજી, આપણે આ પ્રસંગે એકબીજાંને થોડાં ઓળખ્યાં. જો કે મને તમારો વિશેષ પરિચય થયો, તમારું સંચાલન નજીકથી જોવાયું ને તમારું વ્યક્તિત્વ આંતર-બાહ્ય આંખે નિહાળ્યું.

પેલી આગળની સ્મૃતિ અંકિત થયેલીને? તેમાં સર્વ ક્ષેત્રે કશુંક જમા થયું. સ્મૃતિરેખા તેજસ્વી ને દુર્દમ્ય બની.

પરંતુ કાંઈક સુયોગ લાગે છે તેવું ત્રીજી ઘટનાથી બન્યું.

હમણાં એક જાણીતા ગુજરાતી સામયિકમાં તમારી સાથેની પ્રશ્નોત્તરી વાંચી. તેમાંનો - મને લગભગ મોઢે થઈ ગયેલો ભાગ અહીં જ લ્યો મૂકું છું :

'આપનું વતન?'

'દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લામાં બારડોલી, પરંતુ હવે વતન આ જ-વડોદરા.'

'આપના શોખ - રસના વિષયો?'

'મેં જે વિષયોમાં એમ.એ. કર્યું તે. ઉપરાંત ગાવું ગમે છે. ચાલુ-નવીન બંને રાંધવું ગમે ને...' હસી પડાયું-'ખાવું પણ અલબત્ત ગમે જ. નવરાશની પળોમાં રેખા-ચિત્રો દોરવાનું ગમે - દોરું છું.'

'પણ...'

'હા, કેવળ મને ગમે તેવાં નહીં, બીજાને ગમે તેવાં ચિત્રો

દોરાય છે'-હાથ વડે પ્રશ્નકર્તાને દૃઢતાથી અટકાવતાં ઉમેરાયું.

'આપના કુટુંબનો પરિચય આપશો?'

'જરૂર, પિતાજી નિવૃત્ત સરકારી કર્મચારી. મમ્મી તથા મોટાભાઈ ને તેમનો પરિવાર સૌ અહીં સાથે જ રહીએ છીએ.'

'આપે લગ્ન... માફ કરજો, આપ અપરિણીત છો?'

'હા, હું અપરિણીત છું.'

'કા...ર...ણ... જા...ણી... શ...કી...એ...?' અટકાટ સાથે પ્રશ્ન.

'હા, ખુશીથી. કુટુંબની એવી કોઈ જવાબદારી નહોતી તે બાબત તો હવે તમે તારવી શક્યા હશો...'

'હં... હા.'

'માતા-પિતા તરફથી હૂંફ, માર્ગદર્શન ને સ્વાતંત્ર્ય પણ પૂરતાં.'

'તો પછી?'

'ભણવામાં રસ હતો. ભણી રહીને તરત આ કામ મળ્યું જેમાં ખૂબ રસ પડ્યો.' સંતર્પક સ્મિત સાથે નાનો વિરામ. 'આથી કારકિર્દીની શક્યતા, શૉખ, તમન્નામાં મન પરોવાઈ રહ્યું.'

'પછી?'

'મને લાગે છે કે લગ્ન અથવા તો ખેંચાણ-આકર્ષણની એક ઉંમર હોય છે. તે વીતી ગઈ.'

'શું હું આકર્ષક નથી?' આવો પ્રશ્ન આ ગાળામાં તમને ક્યારેય સતાવી ગયો છે?

'હું મને સ્વરૂપમાન નથી ગણતી, પરંતુ આકર્ષક જરૂર ગણું છું.' નક્કર પીઢ અવાજે વાતાવરણને થોડું બદલી નાખ્યું.

'તો એ આકર્ષકતાને પારખનારો કોઈ ન મળ્યો, તેમ કહેવું ને?'

'સાંભળ્યું છે કે સંસદમાં ભાષા-શબ્દોની વપરાશ માટે એક ધોરણ કે આચાર સંહિતા હોય છે. તમારા જેવા પ્રશ્નકર્તા જૂથો માટે પણ આવી કોઈ આચાર-સંહિતા હશે ને?... પરંતુ હું અત્યારે તમને અટકાવવા નથી માગતી - જવાબ આપીશ કે આકર્ષકતાને જરૂર કોઈ સાપેક્ષ પરિભાષા ગણી શકે!'

'પરંતુ...' ? ? ?

'હું તમને એક પ્રશ્ન પૂછું,' અવાજમાં માત્ર દૃઢતા નહીં, વેધકતા પણ આવી. 'હું તમારી બહેન હોઉં ને તમારા ભાવિ જિજાજી તમારી આ બહેનના દેખાવ વિશે તમને પૂછે તો તમે શું કહો?'

'બહેનજી, અમે સૌ તમારા ભાઈઓ છીએ. અમારા ભાવિ જિજાજીને અમે તમારા માટે ભલામણ જ નહીં, આગ્રહ કરીએ...' ને સાથી મિત્રો હવે આપણે જશું? જૂથમાં આવેલા એક પીઢ ટેક્નિશયને વાતનો બંધ વાળતાં કહ્યું.

* * *

કવિતાજી, મધ્યકાળની એક દૃષ્ટાંતકથા સાંભળેલી. સુથાર, દરજી ને સંત એ ત્રણ જણ સાથે ગામતરે જતા હતા. રસ્તામાં જંગલમાં રાતવાસો રહ્યા. સુથારે સૂકા થડિયામાંથી માણસની સરસ મૂર્તિ બનાવી. દરજીએ મૂર્તિને વસ્ત્રપરિધાન કર્યું. પછી સંતે પ્રભુ સ્મરણ કરી તેમાં પ્રાણ પૂર્યા. મારા મનમાં તમારા વિશે થયેલા આવા ભાવવિકાસને કારણે એક પ્રશ્ન પૂછવા આ પત્ર લખું છું.

તમે કહ્યું છે તેમ લગ્નની ઉંમર વીતી જતી હશે કદાચ, પરંતુ પ્રેમને ઉંમર સાથે નહીં અવસર સાથે વધુ સંબંધ હશે. મારી ઉંમર વીતી ગઈ છે તેવું મને લાગેલું પણ હવે લાગે છે કે લગ્નની ઉંમર વીતી જાય પણ કદાચ પ્રેમની? પ્રેમને ઉંમર હોય કદી? તે તો કાલાતીત નથી? ખેર!

તમારા માટે એવો ભાવ અનુભવું છું. તમે એ અંગે વિચાર કરશો? આપણે બંને જીવન સંદર્ભે એટલાં સ્વાવલંબી ને પરિપક્વ છીએ કે મહદ્‌અંશે આપણે જ પાત્રો ને આપણે જ વડીલો જેવું છે. આથી આ તમને સીધું જ લખું છું.

એક સ્પષ્ટતા કરી લઉં. પ્રેમ કાલાતીત છે તે સાચું, પરંતુ તેથી પ્રેમમાં ભૌતિકતાને કોઈ સ્થાન નથી. તેમ હું નથી માનતો. આ સંદર્ભમાં કહું છું ને પ્રતીત કરું છું કે 'તમે આકર્ષક છો જ.' મારા તમારા પ્રત્યેના મનોભાવમાં આ બાબતનો નક્કર ફાળો છે. આવી ભૌતિકતાને તમે અયોગ્ય ગણતાં હોય તો... આપણાં મન જુદાં પડે છે તેમ સ્વીકારી આ વાતને અહીં પૂર્ણવિરામ આપી શકાય.

વ્યવહારના એક ભાગરૂપે મારો પ્રાથમિક પરિચય આ રહ્યો : સતીશ હરિભાઈ પટેલ. શૉખથી અટક બદલાવી-રામચંદ્ર. વતન મહેસાણા જિલ્લો. બારેક વર્ષથી વડોદરામાં રાજ્યશાસ્ત્રનો અધ્યાપક. મોટાભાઈ ઘરે ખેતીમાં. એક બહેન પોતાના પરિવાર સાથે પરદેશ. માતા-પિતા વતનમાં કડે-ધડે.

હું પણ તમારા સંપ્રદાયનો-અપરિણીત. જ્ઞાતિમાં ન પરણવાનું મનમાં ભૂંસું ભરાયેલું. જીવનસાથી અંગેનું સ્વપ્ન-ધોરણ એવરેસ્ટથી ઊંચે. બીજી જ્ઞાતિઓમાં પરિચય-તપાસનો ગ્રાફ આબુ, ગિરનાર કે પાવાગઢ જેટલો.

આ રીતે તમારી જેમ મારે પણ એક સમય વીતી ગયો. લગ્નની તો ઠીક, પરંતુ એ અંગેના પ્રયત્ન-મિશનના ઔચિત્યની ઉંમર તો વીતી જ જાયને?

પરંતુ આ પત્રમાં હવે મારે સમાપન તરફ જવું જોઈએ. બે-ત્રણ મિત્રો એવા છે જે જ્યોતિષી હોવાનો દાવો કરે છે. એકે મારો લગ્નયોગ મોડો અને અનિશ્ચિત કહ્યો છે. બીજાનું કહેવું છે કે લગ્નયોગ મોડો પણ સારો છે. હું જો કે આવી વિદ્યાઓમાં માનતો નથી, પરંતુ તમારા આ પરિચય પછી લાગે છે કે બીજો સાચો પડશે. તમારું શું કહેવું છે?

લિ. (હાલ તો માત્ર)
સતીશ રામચંદ્ર

* * *

'અમૂલ્યની પ્રાપ્તિ અને આનંદ-ખુશીનો અવસર કવિતારૂપે આવી રહ્યો છે.'

'અરે! આ તમને પરોઢ લાગે છે? આર.સી.સી. જેવો અભેદ્ય અંધકાર ઊતરી રહ્યો છે.' હવે બે સતીશ બની ગયા. સ્ટેજ-પ્રેક્ષકો વગર એકપાત્રી અભિનય શરૂ થઈ ગયો અહીં. પછી તો પૅનલ જ શા માટે? કોઈ નાની ભારતીય સંસદ જ જોઈ લ્યો. સતીશ સર્વસાંસદ. અનેક વારાફરતી કે એક સાથે બોલવા લાગ્યા.

'કવિતાજી છે રૅશનલ, સ્પષ્ટ, પરિપકવ ને સ્વતંત્ર.'

'સહજ ને આત્મવિશ્વાસુ.'

'પત્રને આવકારે ને ભાવને સમજે એવાં.'

'તેમના મનમાં સમાન પડઘો ઊઠ્યો હોય તો જાતે જ હા પાડવા આવે તેવાં.'

'પણ ભઈ, આ સ્ત્રીઓનું ભલું પૂછવું!'

'હા હોં, સુભાષકાકા એમ કહેતા. રમૂજી હતા, પણ આ વાત કહેતાં ખિન્ન થઈ જતા.' લગભગ અડધી સંસદ હસવા લાગી.

'હું રમૂજી નથી ને ખિન્ન થવા નથી માગતો.'

'બોલ, ક્યા પહેરવેશમાં આવશે?' નવો-રસિક પ્રશ્ન આવ્યો. વાતાવરણ બદલાયું.

'સામયિકની મુલાકાતના ફોટામાં સાડી પહેરેલી.' અભિભૂત મહાશય બોલ્યા.

'કેન્દ્રમાં જોયા ત્યારે કિંમતી પંજાબી ડ્રેસમાં હતાં.' બંધ આંખે સ્મિત સાથે બોલાયું.

'ટી.વી. પર જોયાં ત્યારે પેરેલલ પેન્ટ ને ખુલ્લા બુશશર્ટમાં હતાં.' ત્રીજાએ ટી.વી. જોતો હોય તેમ બારી બહાર જોઈને કહ્યું.

'બધું શોભતું હતું.'

'પણ... આ... જે... સા...ડી...માં... હો...ય... તો... ગ...મે...' કોણે એ અનધિકાર ચેષ્ટા કરી? બધા ઊભા થઈ એકબીજા સામે જોવા લાગ્યા.

'શાંતિ...' એકતા-સ્વસ્થતા માટેનો નિષ્ફળ પ્રયત્ન થયો.

'ભાઈ, તેં પેલી ભૌતિકતાની સ્પષ્ટતા કરી છે તે યાદ છે ને?'

'હા, હોય જ ને! કેમ?'

'એ જ મોટી મૂર્ખાઈ સાબિત થશે! આવી સ્પષ્ટતા થતી હશે?'

'મને તો મારો પત્ર માસ્ટર સ્ટ્રોક લાગે છે. અમારો પ્રેમ બૌદ્ધિક પ્રેમ છે - હશે. અમે જુદા લેવલે સંકળાયેલાં છીએ.'

'સંકળાઈ પણ ગયાં?'

'એટલે કે, એટલે કે, સંકળાશું-જોડાશું.'

'તારો પત્ર સતીશ, મહંમદ તઘલખે ક્લિઓપેટ્રાને લખ્યો હોય તેવો લાગે!'

સતીશ પરસેવે રેબઝેબ થઈ ગયો. 'ચાહનાની લગામ તો લાગણીના હાથમાં; ગમે તે ઉંમરે, ગમે તે ભૂમિકાએ.' તે બબડ્યો. તેનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. તેને 'મરીઝ'નો એક શેર યાદ આવી ગયો.

કેવી મઝાની પ્રેમની દિવાનગી હશે,
કે જ્યાં 'મરીઝ' જેવો સમજદાર પણ ગયો.

'બસ સૌ ચૂપ. ને ગઝલો નથી ગાવાની અહીં.' આખરે આંતરિક એકતા સ્થપાઈ. 'હવે ડૉર-બેલ વાગવી જોઈએ.' સ્વ-આદેશ થયો.

'પણ મહેરબાન,' ફિક્કું હસતાં સતીશ સ્વગત બોલ્યો, 'આપશ્રી ડ્રૉઈંગરૂમનું બારણું ખુલ્લું રાખી ક્યારના પૉર્ચમાં આંટા મારો છો!'

આવ્યાં. સાથે દસેક વર્ષનો છોકરો હતો.

'નમસ્તે, સતીશભાઈ આ મારો ભત્રીજો છે કોણાર્ક. લગભગ કાયમ તેને શાળાએ મૂકતી જાઉં.'

'અને હા, આ તમારું સંપેતરું-જવાબ.' કવિતાએ એક કવર લંબાવ્યું. સતીશ કશું પૂછી - બોલી ન શક્યો. સ્તબ્ધ શો ઊભો ને કવર તેના હાથમાં પકડાઈ રહ્યું.

કવિતા સહજ, આકર્ષક, હસતી, કોણાર્કને ખેંચતી ભાગી.

સતીશ કવર જોઈ રહ્યો. કવર પર કંઈક લખેલું હતું. પરંતુ ઊકલ્યું નહીં! તે પડ્યા વગર જ ખંડમાં આવી ગયો!

'સગાઈ પ્રસંગે નિમંત્રણ' - મોટા, લાલ અક્ષરોમાં કવર પર લખેલું હતું. પહેલાં સ્પષ્ટ નહોતું વંચાતું, પછી ઉકેલાયું; પરંતુ ફરીથી પાછું અજાણી લિપિ જેવું બની ગયું. કવર પર 'પ્રતિ'ની સામે સતીશનું નામ લખેલું હતું. સતીશને પોતાના એ નામ પર મોટો કાળો છેકો દેખાયો!

તે સોફામાં બેસી પડ્યો. કવર બુકપોસ્ટ જેવું હતું. ફોડવાનું નહોતું. માત્ર ખોલવાનું જ હતું. પરંતુ હજી કવર બરાબર પકડાતું જ નહોતું! સતીશ ઊઠીને વૉશ-બઝિન તરફ ગયો; પરંતુ નિમિત્ત ભૂલી જતાં એમ જ પાછો આવ્યો!

આખરે તેનાથી કવર પકડાયું, ખોલાયું. પરંતુ અંદર ધાર્યા પ્રમાણે છાપેલી કોઈ નિમંત્રણ પત્રિકા નહોતી. હાથે લખેલી પત્રિકા જેવું હતું. સતીશને ધીરે ધીરે ઊકલવા લાગ્યું :

(હાલ તો માત્ર) સતીશ રામચંદ્ર,

તમારો પત્ર મળેલો. મારા પરિવારે આવતા રવિવારના રોજ સાંજે અમારે ઘરે એક નાનું મિલન ગોઠવ્યું છે. તેમાં તમે આવશો.

તે દિવસે આપણી સગાઈ જાહેર થશે.

-(ત્યાં સુધી માત્ર) કવિતાજી.

❐

લઘુકથા

અધૂરી ચેષ્ટા

બહાદુરભાઈ જ. વાંક

આ કાશની ઓસરીમાં એકબાજુ રાખેલા પુસ્તકના કબાટમાંથી આજે ગુરુ બજુવા એક પુસ્તક શોધી રહ્યા હતા. થોડો પ્રયત્ન કરવા છતાંય પુસ્તક ન મળી શકતાં બહાર ફળિયામાં અન્ય શિષ્યો સાથે બેઠેલા આપાજીને બૂમ પાડી : 'કબાટમાંથી હું 'હીઅર ઍન્ડ જસ્ટ નાઉ' નામનું પુસ્તક શોધું છું, પણ મને ક્યાંય દેખાતું નથી. તું શોધી આપ જોઈએ.'

પણ આપાજીએ સાંભળ્યું હોવા છતાં ગુરુને કંઈ જ જવાબ આપ્યો નહીં. પુસ્તક શોધતાં શોધતાં ફરી ગુરુએ આપાજીને અવાજ દીધો. પણ આપાજી તો જાણે કંઈ જ સાંભળતા ન હોય તેમ સાવ મૌન!... નીચેનું ખાનું ફેંદતાં ફેંદતાં ગુરુએ ત્રીજી વખત આપાજીને બૂમ પાડી પણ આપાજી તરફથી કોઈ જવાબ નહીં. મનોમન ગુરુ થોડા સમસમી ગયા. પુસ્તક શોધવાનું પડતું મૂકી, આપાજી પાસે આવતા બોલ્યા : 'તું સાંભળે છે કે નહીં? કબાટમાંથી 'હીઅર ઍન્ડ જસ્ટ નાઉ' નામનું પુસ્તક શોધી આપવા માટે હું તને ક્યારનો બોલાવું છું.'

'આપની વાત સાચી છે. આપે મને ત્રણ વખત અવાજ દીધેલો, ને મેં અવાજ સાંભળ્યો પણ હતો... પણ...' ને આગળ બોલતા આપાજી અટકી ગયા.

'પણ શું? તો તારે કબાટમાંથી પુસ્તક શોધી આપવા માટે મારી પાસે ન આવવું જોઈએ?'

'આવવું તો જોઈએ જ... પણ આપે મારી સામે જોયા વગર જ મારા નામની બૂમ પાડેલી...'

'એટલે તારે જવાબ ન દેવાય, એમ?'

'ગુરુદેવ, હું આપને પૂછું છું - અધૂરી ક્રિયાનો ક્યારેય પણ કોઈ જવાબ મળી શકે ખરો? એક બાજુ આપ પુસ્તક શોધતા હતા, ને બીજી બાજુ આપ મારા નામની બૂમ પાડતા હતા! હવે હું આપને આપના જ શબ્દોની યાદ કરાવું છું - અધૂરી ચેષ્ટા ક્યારેય પણ પરિણામકારી થઈ શકતી નથી.' સહેજ પણ ક્ષોભ-સંકોચ વગર આપાજીએ કહ્યું.

પોતાની ભૂલ કબૂલી લેતાં ગુરુ બોલ્યા : 'તારી વાત સાચી છે. મારે તારી સામે જોઈને - આંખ મેળવીને - જ તને બોલાવવો જોઈતો હતો. મારી ચેષ્ટા જ અધૂરી હતી.'


પછી આપાજીએ કબાટમાં હાથ નાખતાંની સાથે જ પુસ્તક શોધી ગુરુના હાથમાં મૂકી દીધું.

થોડો ક્ષોભ અનુભવતા ગુરુ બોલ્યા : 'ખરેખર તું 'હીઅર ઍન્ડ જસ્ટ નાઉ'માં જીવી રહ્યો છે, જ્યારે હું... મારા જ શબ્દોને - જ્ઞાનને આજે કેમ ભૂલી ગયો હોઈશ તેનું મને પણ આશ્ચર્ય થાય છે!'

ને આપાજીનો ધારદાર પ્રત્યુત્તર : 'આપણી ઉભયની વચ્ચે પુસ્તક આવી ગયું ને એટલે!!' ❑

ચેસ-કૉર્નર : કોયડો-૨૪

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two)

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh6, Qh1, Rg3, Ra5, Nf5, P-d2, f3, g4**

કાળાં : **Kf4, Rd3, P-d6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ જાન્યુઆરી ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના સપ્ટેમ્બર ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૨૨નો ઉકેલ :

(૧) **Key move Rb8** છે.

જો... **Kd8**	**(2)**	**Bf6 #**
જો... **Kf8**	**(2)**	**Bd6 #**
જો... **Nd6**	**(2)**	**Bf6 #**
જો... **Na7**	**(2)**	**Re8 #**
જો... **Nx2**	**(2)**	**Re8 #**

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૨) નૌતમભાઈ વખારિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૪) અજિત યાજ્ઞિક, (૫) સુરેશ મોદી (મુંબઈ), (૬) હર્ષદ મ. દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ એમ. મૂલિયા (સુરેન્દ્રનગર), (૮) કિરણ એન. શાહ (આણંદ), (૯) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૦) પરિતોષ સંઘવી (ગામ જણાવેલ નથી).

ઉપરોક્ત ક્રમાંક (૫) ઉપર જણાવેલ વાચક શ્રી સુરેશ મોદીએ અગાઉ ઑગસ્ટ ૧૯૬૧ થી ૧૯૮૪ સુધી (સતત ૨૩-૨૪ વર્ષ) 'કુમાર'માં શતરંજની લેખમાળા* લખી હતી. તેઓએ ફરીથી શતરંજમાં રસ લેવાનું ચાલુ કર્યું તે આનંદની વાત છે. -અર્પી શાહ

* આ લેખમાળાની નવી ચોથી આવૃત્તિ ટૂંક સમયમાં 'કુમાર' પ્રકટ કરી રહ્યું છે - તંત્રી

ફિલ્માકાશ-૨૩

ન્યૂ થીએટર્સની યશસ્વી ફિલ્મોનું વર્ષ - ૧૯૩૭

— રજનીકુમાર પંડ્યા —



'અછૂતકન્યા'માં અશોકકુમાર અને દેવિકારાણી

૧૯૩૭નું વર્ષ ઘણી રીતે ન્યૂ થીએટર્સને માટે તેમજ સમગ્ર હિન્દી ફિલ્મોદ્યોગ માટે મહત્ત્વનું વર્ષ રહ્યું. એ વર્ષે કુલ ૧૦૨ હિન્દી ફિલ્મો બની, પણ એની સામે બંગાળીમાં માત્ર ૧૬ ફિલ્મો બની. એમાંથી ચાર તો એકલા ન્યૂ થીએટર્સની હતી. બીજી ભાષાઓમાં એકમાત્ર તમીલ ભાષામાં ૩૭ ફિલ્મો બની હતી. બાકીની પ્રાદેશિક ભાષાઓનો ફાળો નગણ્ય હતો. ગુજરાતીમાં ૧૯૩૨ થી ૧૯૩૬ સુધીમાં માત્ર સાત ફિલ્મો બની હતી, જ્યારે ૧૯૩૭માં એકેય નહીં.

પણ આમ છતાં જનસમુદાય અને શાસન પણ આ ઉદ્યોગને 'કેઝ્યુઅલી' લેતો હતો તે હવે એને એક મહત્ત્વના ઉદ્યોગ તરીકે ગંભીરતાપૂર્વક લેતો થઈ ગયો હતો. પ્રોડ્યુસરોમાં પણ કેટલાક ફૂટકળીઆઓને બાદ કરતાં નિષ્ઠાવાન નિર્માતાઓ પણ પોતાની જવાબદારી પરત્વે વધુ સભાન બન્યા હતા. આ ૧૯૩૭ની સાલમાં આજની પ્રખ્યાત સંસ્થા 'ઇમ્પા' (ઇંડિયન મોશન પિક્ચર્સ પ્રોડ્યુસર્સ ઍસોસીએશન)ની મુંબઈમાં સ્થાપના થઈ. આ જ વર્ષે નિર્માણની બાજુએ જોઈએ તો હિંદી સવાક્ ફિલ્મોના પિતામહ ગણાય તેવા અરદેશર ઈરાનીએ ભારતની પહેલી રંગીન ફિલ્મ 'કિસાનકન્યા' બનાવી. જ્યારે પ્રભાતની શાંતારામ દ્વારા નિર્મિત ફિલ્મ 'સંત તુકારામ' વેનિસના આંતરરાષ્ટ્રિય ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ ફિલ્મો માટેનાં ત્રણમાંથી એક ઍવૉર્ડ જીતી લાવી. આ જ વર્ષે કંઈક નવું નવું (ભલે કલાકીય ધોરણે નહીં) કરવા પંકાયેલા નિર્માતા જે.બી.એચ. વાડિયાએ 'નૌજવાન' નામની પહેલી ગીતવિહીન ફિલ્મ બનાવી. (વાચકોની જાણ માટે જણાવવું જોઈએ કે આવો જોખમી પ્રયોગ કે.એ. અબ્બાસે ફિલ્મ 'મુન્ના' (૧૯૫૪)માં કર્યો હતો. એ બંને ફિલ્મો બેહદ સફળ રહી હતી.)

આ નવા પ્રયોગોની હકીકતો પણ રસ પડે તેવી છે. જે.બી.એચ.વાડિયાએ ગીતવિહીન ફિલ્મ એવા સમયે, એવા સમયગાળામાં બનાવી કે જ્યારે લોકો ઘણી વાર તો માત્ર ગીતોના આકર્ષણથી જ ટિકિટબારી છલકાવી દેતાં. ગીતો એ ફિલ્મોનો પ્રાણવાયુ ગણાતો. એવે વખતે આ દુઃસાહસ કરવા માટે ભારે જીગરની જરૂર પડે. વાડિયાએ એવી જીગર બતાવી. દિલ્હીના સિલ્વર જ્યૂબિલી સિનેમામાં એ રિલીઝ થઈ એ જ દહાડે પ્રેક્ષકો તરફથી તીવ્ર પ્રત્યાઘાતો સાંપડ્યા. જબરી બુમરાણ ઊઠી. 'વાડિયાને લૂંટ લીયા' બુમરાણ સાથે જ પથ્થરમારો થયો. જોડા-ચંપલ ફેંકાયાં. ખુરશીઓ તૂટી. રૂપેરી પડદાને ચીરી નાખવામાં આવ્યો. પરિણામે 'નવજવાન'ને સર્ક્યુલેશનમાંથી કામચલાઉ ધોરણે પાછી ખેંચી લેવામાં આવી, પણ એના કારણે વાડિયા પોતે 'ફિફ્ટીયર્સ ઑવ ઇન્ડિયન ટૉકી' પુસ્તિકામાં લખે છે તેમ 'જે થયું તે, પણ મને કોઈ મોટો પુરસ્કાર મેળવ્યાનો આનંદ થયો.' જો કે એમણે આ મારવાડની ફિલ્મમાં ગીતોને સ્થાન ન હોય એમ ઠસાવવા માટે પાછળથી ફિલ્મમાં એક ટ્રેલર જોડ્યું હતું. જ્યારે અરદેશર ઇરાનીએ રંગીન ફિલ્મ 'કિસાન-કન્યા' મોતી ગીડવાણીના દિગ્દર્શનમાં બનાવી એ કઈ રીતે? વર્ષો પછી 'ઝાંસી કી રાણી' (૧૯૫૩) 'આન' (૧૯૫૨) જેવી રંગીન ફિલ્મો આવી પણ એ બધી ટેકિનકલર કે ગેવાકલર ફિલ્મો જેવી હતી અને એ રીતે ભલે એ પહેલી રંગીન ફિલ્મો ગણાઈ, પરંતુ આ 'કિસાન કન્યા' ભારતીય પદ્ધતિથી (ઈંડિજીનસ કલર સિસ્ટમ) બનેલી પહેલી સંપૂર્ણ રંગીન ફિલ્મ હતી. એમની ઇમ્પિરિયલ ફિલ્મ કંપનીએ આ માટે 'સિનેકલર' નામની આયાતી પદ્ધતિનો સફળ પ્રયોગ કર્યો હતો. અલબત્ત, રંગીન હોવા છતાં ગામડાના જમીન-દારની હત્યા માટે પકડાયેલા ગરીબ ખેડૂત (નિસાર)ની કહાણીમાં જ દમ નહોતો. હિરોઈન ખમતાદેવી હતાં, છતાં ફિલ્મ જામી નહીં. નહીંતર શાંતિનિકેતનના સાહિત્યના અધ્યાપક એમ. મિયાઉદ્દીને વાર્તા લખી આપી હતી ને સંવાદો મશહૂર ઉર્દુ સાહિત્યકાર સઆદત હસન મંટોના હતા.

ન્યૂ થીએટર્સના જ એક જૂના જોગી પ્રેમાંકુર અટોર્થીએ મુંબઈ આવીને આ વર્ષે એક ફિલ્મ 'ધનવાન' બનાવી. એ પણ અરદેશર ઈરાનીની ઇમ્પિરિયલ ફિલ્મ કંપનીનું જ



'પ્રેસિડેન્ટ'માં સાયગલ અને લીલા દેસાઈ

નિર્માણ હતી. પણ ફિલ્મ ક્યારે રજૂ થઈ અને ઊતરી ગઈ તેની નોંધ પણ કોઈએ લીધી નથી.

આમ, એક વાત નક્કી થઈ જતી હતી કે મંટો, અટોર્થી કે જિયાઉદ્દીન જેવા સાહિત્યકારો પણ જો ખાસ ફિલ્મ માટે જ લખે તો એ સફળ થતા નહોતા. આગળ ઉપર કૃષ્ણચંદ્ર, જેવા દિગ્ગજ સાહિત્યકાર પણ આ જ કારણે ફિલ્મોમાં નિષ્ફળ ગયા હતા. હા, કોઈ સાહિત્યકારે અગાઉ નવલકથા (ફિલ્મ બનશે એવી પૂર્વધારણા વગર) લખી હોય અને પાછળથી તેના ઉપરથી ફિલ્મ નિર્માણ થાય તો તે સફળ થવાના પૂરા સંજોગો રહેતા હતા. શરદબાબુ કે કનૈયાલાલ મુનશીની વાર્તાઓને તે હકીકતના પુરાવામાં મૂકી શકાય. જો કે એક વાત નિ:શંક હતી કે સાહિત્યિક કૃતિઓ ઉપરથી ફિલ્મો બનાવવાની કલાને ન્યૂ થીએટર્સ સિવાય કોઈ બીજી સંસ્થા આટલી સફળ રીતે સિદ્ધ કરી શકી નહોતી.

ન્યૂ થીએટર્સની ૧૯૩૭માં ચાર હિંદી અને ત્રણ બંગાળી ફિલ્મો આવી. બંગાળીની એક ફિલ્મ 'મિસ સુંદરી' સિવાયની બીજી બે બંગાળી ફિલ્મો 'દીદી' અને 'મુક્તિ' ઉપરથી હિંદીમાં અનુક્રમે 'પ્રેસિડેન્ટ' ઉર્ફે 'બડી બહેન' અને 'મુક્તિ' નામની ફિલ્મો ન્યૂ થીએટર્સે બનાવી અને ત્રીજી એક હિંદી ફિલ્મ 'અનાથાશ્રમ'નું પણ નિર્માણ કર્યું હતું અને ચોથી તે 'વિદ્યાપતિ'. આ બધી જ ફિલ્મો અત્યંત સફળ રહી અને વિશેષ તો એ રીતે કે અગાઉની એમની બધી ફિલ્મો કરતાં નિર્માણની રીતે પણ ચડિયાતી સાબિત થઈ. એમાં 'વિદ્યાપતિ' તો ક્લાસિક ગણાઈ!

એ ફિલ્મો વિશે વિગતથી વાત કરતાં પહેલાં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી સમજું છું કે હરમંદિર સિંગ 'હમરાઝ'ના ફિલ્મગીતકોશ અને ફિલ્મ ઈન્ડેક્સ મુજબ 'વિદ્યાપતિ' ફિલ્મ ૧૯૩૭માં આવી હતી. અન્યત્ર પણ એની સાલ ૧૯૩૭ જ દર્શાવવામાં આવી છે. પણ ન્યૂ થીએટર્સની બહાર પડેલી અધિકૃત ફિલ્મોગ્રાફી મુજબ એની રજૂઆતની તારીખ ૧૯૩૮ની બીજી એપ્રિલ (ચિત્રા સિનેમા, કલકત્તા) દર્શાવવામાં આવી છે.



કમલેશકુમારી, બિક્રમકપુર, સાયગલ, 'પ્રેસિડેન્ટ'માં

આપણે અગાઉ જણાવ્યા પ્રમાણે રજૂઆતની તારીખ નહીં પણ સેન્સર થયાની સાલ પ્રમાણે જ ઈતિહાસનો આલેખ આપવાનું નક્કી કર્યું હોઈ અને શ્રી હમરાઝનો ગીતકોશ પણ એને જ અનુસર્યો હોઈને ૧૯૩૭ની સાલમાં જ એની ગણના કરીશું.

એ હિસાબે ગણતાં ન્યૂ થીએટર્સે બનાવેલી ચાર હિંદી ફિલ્મોમાંથી 'પ્રેસિડેન્ટ', 'મુક્તિ' અને 'વિદ્યાપતિ' એવી તો ઉત્કૃષ્ટ કલાકીય-રસકીય ધોરણોને આંબતી બનાવી કે ફરી એકવાર એની સર્વોપરિતા સિદ્ધ થઈ રહી. રજૂઆતના ક્રમમાં જોઈએ તો ફિલ્મ 'પ્રેસિડેન્ટ'ની વાત પહેલી કરવી જોઈએ.

પ્રેસિડેન્ટ ફિલ્મની વાર્તા કોઈ સાહિત્યકૃતિની, અથવા તેના ઉપરથી પ્રેરિત નહોતી. પણ જમાનાની બદલાયેલી તાસીરને લક્ષમાં રાખીને ન્યૂ થીએટર્સની ટીમ પાસે જ ખાસ લખાવવામાં આવી હતી. એની પટકથા અને સંવાદો લખવા ઉપરાંત દિગ્દર્શન પણ નીતિન બોઝે જ સંભાળ્યું હતું. સંગીત આર.સી. બોરાલનું હતું. પણ સાથોસાથ અત્યાર સુધીની ફિલ્મોમાં જેમને પૂરતું શ્રેય દેવામાં નહોતું આવ્યું એવા પંકજ મલિકનું નામ પણ મ્યૂઝિક ડિરેક્ટર તરીકે બોરાલની જોડાજોડ જ મૂકવામાં આવ્યું હતું. ગીતો ન્યૂ થીએટર્સના હંમેશના ગીતકાર આરઝુ લખનવીનાં જ હતાં. જ્યારે મુખ્ય ભૂમિકામાં સાયગલ, લીલા દેસાઈ, કમલેશકુમારી, જગદીશ શેઠી, વિક્રમ કપુર, નવાબ અને પૃથ્વીરાજ હતા.

આખી વાર્તામાં ૧૯૩૦ની આસપાસ દેશમાં ફૂંકાયેલા ઔદ્યોગીકરણના વાયરાને બરાબર વ્યક્ત કરવા સાથે સ્ત્રી-શક્તિ, બહેનો વચ્ચેનો પ્રેમ, માલિક-કામદાર વચ્ચેના સંબંધોની રંગછટાને ગૂંથી લેવામાં આવી હતી. દેખીતી રીતે જ આવાં બધાં તત્ત્વોને આયોજનપૂર્વક એમાં એકઠાં કરવાનાં હોવાથી સાહિત્યિકતા ઓછી અને નાટ્યાત્મક પ્રસંગોની પકડ વધારે મજબૂત હતી. આને જ કારણે ફિલ્મ વધુ સફળ બની.

વાર્તા શું હતી?

સાત વર્ષની કન્યા પ્રભાવતીને એના પિતાએ વારસામાં આપેલી પ્રભાવતી કૉટન મિલ્સની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાનું માથે આવી પડે છે. બાર વર્ષ લગી સખત મહેનત અને આંતરિક સૂઝ-બૂઝથી એ કન્યા (કમલેશકુમારી) એને બરાબર નિભાવે છે અને મિલને દેશના ટોચના ઉદ્યોગગૃહને સ્થાને પહોંચાડે છે. એની મહેનત અને મશિનો સાથેનો રાત-દિવસનો વાસ્તો, એની માનવીય સંવેદનાઓને કેટલેક અંશે રૂંધી નાખે છે. તો કંઈક અંશે એને કઠોર પણ બનાવી દે છે. તે એટલી હદ સુધી કે જ્યારે પ્રકાશ (સાયગલ) એની પાસે પોતે શોધેલ એક નવું મશિન વાપરવાનો પ્રસ્તાવ લઈને આવે છે અને આ જૂનું મશિન ભયજનક છે એમ સમજાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એને ધુતકારી કાઢે છે અને નોકરીમાંથી રૂખસદ પણ આપી દે છે.


જે. બી. એચ. વાડિયા

બેરોજગાર થઈ ગયેલા પ્રકાશને પોતાની મોટી વિધવા બહેન અને ભાણાના પાલન-પોષણની ચિંતા છે. એક વાર એના રઝળપાટ દરમ્યાન એને શીલા (લીલા દેસાઈ) નામની એવી યુવતીનો ભેટો થઈ જાય છે કે જેને શિસ્તભંગ બદલ એની કૉલેજમાંથી બરતરફ કરવામાં આવી છે - બંનેનો પરિચય પ્રણયમાં પાંગરે છે ત્યાં જ એને ખબર પડે છે કે આ શીલા તે બીજી કોઈ નહીં પણ પ્રભાવતીની જ સગ્ગી નાની બહેન છે.

એ દરમ્યાન પ્રકાશની જગ્યાએ મિલમાં નિમાયેલો નવો કામદાર જૂના સંચા ઉપર કામ કરતાં અકસ્માતનો ભોગ બને છે ત્યારે પ્રભાવતીને પોતાને પ્રકાશને કાઢી મૂકવા બદલ પસ્તાવો થાય છે અને એ એને પોતાની મિલમાં કામ કરવા પાછો બોલાવે છે. એના ઉપર આસક્ત થઈને એને બઢતી ઉપર બઢતી આપ્યે જાય છે, પણ એક તબક્કે એને પ્રકાશ સાથેના પોતાની જ નાનીબહેનના પ્રેમસંબંધની ખબર પડે છે અને અનેક મનોમંથનો તથા થોડી નાટકીય ઘટનાઓ પછી એ પોતાની ચૅમ્બરના બારણાં ભીડી દઈને પોતાનું પોતાની બહેનની તરફેણમાં બલિદાન આપે છે, એટલે કે આત્મહત્યા કરે છે.

કથા અનેક ઘટનાઓના અંબારથી ભરેલી, પણ છતાં ય પ્રેમ, નવવિજ્ઞાન, ઔદ્યોગિકીરણ અને એની આપણી સંવેદનાઓ પર થતી વિપરીત અસર, ભગિનીઓ વચ્ચે પ્રેમ, સંશોધકોનો પુરસ્કાર, કામદારોને સમાન અધિકાર જેવી અનેક સંદેશરેખાઓથી ભરેલી કથા બની આવી હતી. એટલે વાર્તારસનો ખજાનો હતી. એને વિવેચકો અને પ્રેક્ષકો બન્નેની સરાહના મળી હતી. જો કે નીતિન બોઝે ફિલ્મના એકએક શૉટ ઉપર આકરી જહેમત ઉઠાવી હતી, એટલે જ એમની સર્વોત્તમ ફિલ્મોમાંની એક તરીકે આ ગણાય છે. એના કારણમાં એમ પણ કહેવાય છે કે ફિલ્મ શૂટ કરતાં પહેલાં ચાર માસ તો એમને માત્ર રિહર્સલના જ આપવામાં આવ્યા હતા અને એથી કરીને ટેક્નિકલી અને સામગ્રીના ધોરણે અભિનયની ઊંચાઈઓ અને કૅમરાવર્ક (જે પણ નીતિન બોઝે સંભાળ્યું હતું) બધી જ રીતે પ્રેસિડન્ટ, સફાઈદાર અને ઊંચા કીર્તિમાનો સ્થાપે તેવી બની હતી.

આ ફિલ્મમાં કમલેશકુમારી ઉપરાંત એની નાની બહેન તરીકે લીલા દેસાઈએ ઘણો જ સરસ અભિનય આપ્યો હતો. ન્યૂ યૉર્કમાં જન્મેલી આ અભિનેત્રી મૂળ દક્ષિણ ગુજરાતના વાલોડ ગામના એક રંગીલા અને જમીનજાગીર ધરાવતા શ્રીમંત પરિવારની પુત્રી હતી. પિતા ગુજરાતી ડૉક્ટર અને માતા બંગાળી હતી. નૃત્યમાં તે ઉદયશંકરનાં પત્ની અમલાની શિષ્યા હતી. એની કથા ક્યારેક અલગ પ્રકરણ રૂપ 'કુમાર'નાં પાને લખવાનો ઈરાદો છે. જગદીશ શેઠી તો વર્ષોથી ન્યૂ થીએટર્સના અંગભૂત સભ્ય હતા જ. પંજાબના કેમ્પબેલપુર ગામના જગદીશ શેઠી પ્રથમ કક્ષાના ચરિત્ર અભિનેતા ગણાતા. પૃથ્વીરાજ કપુર, સાયગલ, કે. એન. સિંગ વગેરેના ગાઢ મિત્ર એવા જગદીશ શેઠીનો સ્વર વિશિષ્ટ અને બીજાથી જુદો તરી આવે એવો હતો. જ્યારે આ ફિલ્મમાં પ્રભાવતીદેવીના શુભેચ્છક સલાહકાર બનતા નવાબ પણ નામી કલાકાર હતા. ૧૮૯૭માં લખનઊમાં જન્મેલા, કાશ્મીરી મુસ્લીમ પરિવારના નવાબ કૉમેડિ પણ સારી કરી શકતા હતા. તેમણે કલકત્તાના માદન થીએટર્સની 'બિલ્વમંગલ'થી પરદા પર પદાર્પણ કર્યું તે અગાઉ તેમને ઉર્દુ નાટકોમાં કામ કરવાનો સારો અનુભવ હતો. ૧૯૫૪માં ઑક્ટોબરની ૧૮મીએ તેઓ સત્તાવન વર્ષની વયે મુંબઈમાં જ અવસાન પામ્યા.

આ ફિલ્મની બંગાળી આવૃત્તિ 'દીદી'માં આમાંનાં બે-ત્રણ પાત્રો કૉમન હતાં. જેમાં સાયગલ અને લીલા દેસાઈનો સમાવેશ થતો હતો. જ્યારે બીજાં પાત્રોમાં ચંદ્રાવતી, દુર્ગાદાસ, બૅનરજી, દેવબાબા વગેરે હતાં.

પણ 'એક બંગલા બને ન્યારા' જેવું અમર સાયગલ ગીત ધરાવતી આ ફિલ્મનું સંગીતપાસું ઘણું મજબૂત હતું. એની વાતો આવતા પ્રકરણમાં... (ક્રમશઃ)

હું અને મારું એકાન્ત

પ્રફુલ્લ રાવલ

આમ તો ટોળામાં રહેવા ટેલાયેલો છું. માણસ ગમે છે. માણસનો સહવાસ ગમે છે. તો ય ક્યારેક ટોળામાંથી એકલા પડી જવાનું બન્યું છે. એમ છતાં ય એકલવાયાપણાનો ભાવ અનુભવ્યો નથી. અનાયાસ એકાન્ત લાધ્યું છે. ઈચ્છયું ત્યારે એકાન્ત નથી મળ્યું અને ક્યારેક એકાન્તને પણ બોલકું અનુભવ્યું છે. વાતોડિયું કહી શકાય એવું! હા, એકાન્તે ક્યારેય મને ખોટી કનડગત કરી નથી. મનમાં તુમુલ યુદ્ધ ચાલ્યું છે જરૂર. પણ વિચાર દૃઢ બન્યો તે એકાન્તમાં જ. અને સંઘર્ષમાંથી સંવાદિતા શોધી-સાધી તે ય એકાન્તમાં જ. ટોળામાં નિરાશ થયો છું પણ એકાન્તમાં ક્યારેય નિરાશ થયો નથી. ભાગ્યે જ ભાવતું એકાન્ત મળે છે! મળે છે ત્યારે હું મૌન રહી શકતો નથી. બોલવા માંડું છું, બબડવા માંડું છું. અનેક વિચારો આક્રમણ કરીને ધસી આવે છે. વીંટળાઈ વળે છે. હું લગભગ ભીંસાઈ જાઉં છું. ભીંસાવાની અંતિમ ક્ષણ આવે છે ત્યારે શાંત થઈ જાઉં છું. લગભગ ખાલી થઈ જાઉં છું. જેવો ખાલી થાઉં કે તરત એકાન્ત પ્રિયતમા જેવું લાગવા માંડે છે. મધુર... મધુર. બસ, આ જ મારું એકાન્ત. મારું સાચું એકાન્ત. આવી અનુભૂતિનો સમય ક્યારેક વહેલી સવારનો હોય, ક્યારેક બપોરનો હોય, ક્યારેક નમતી સાંજનો હોય, ક્યારેક સંધ્યાકાળનો હોય, ક્યારેક રાતનો હોય. બસ, ત્યારે હું સાવ હળવો બની જાઉં છું. હું મારામાં ભળી જાઉં છું. ઓગળી જાઉં છું. હું કશું જ કહેતો નથી. મને આ અવસ્થા ખૂબ ગમે છે. મારું એકાન્ત અનેક ભાવ-ભાષા લઈને આવે છે. પણ પ્રત્યેક ભાવને ભાષામાં અભિવ્યક્ત કરી શકતો નથી. ક્યારેક ભાષાનો ગજ ટૂંકો પડે છે.

એકાન્તનો પહેલી વાર અનુભવ કર્યો ત્યારે ભીતર સહેજ ખળભળાટ થયો હતો. પણ મને એનું કશું જ ઈતર અભિજ્ઞાન નહોતું થયું. એકલા હોવું એ જ એકાન્ત એવું ગણિત હતું. રમતમાં ક્યારેક રિસાઈને એકાન્તમાં લપાવાનું બન્યું છે. પણ એનો કાળ લાંબો રહ્યો નથી. અંદર અને બહાર એમ ઉભય એકાન્તની ઘડી સાવ થોડી લાધી છે. એકાન્તમાં એકલતા અનુભવતો નથી અને ભીડમાં જ એકલતા પામું છું. એકાન્તમાં ક્યારેક-કોઈક ભીનાં સ્મરણે રડવું આવે છે, તો ક્યારેક હસવું આવે છે. મંદ મંદ હસું છું. માત્ર હોઠ ફરકે છે. ક્યારેક એકાન્તમાં પોરસાવું છું. ક્યારેક એકાન્તમાં દર્પ હાવી થઈ જાય છે. હું મારા 'હું'ને પંપાળું છું. એક વાર એકાન્તમાં ઝઘડી પડ્યો'તો સખી સંગાથે. પછી એ જ એકાન્તે મૌનનું આવરણ દીધું હતું. વાણી લુપ્ત. ચક્ષુ સ્તબ્ધ. અધર શુષ્ક. સખીએ કાયમ મારે એકાન્તને ખંડિત કર્યું છે. એને એકાન્ત ગમતું નહોતું. કદાચ એને એકાન્તની બીક હતી. છતાંય સાંભળેલું કે એકવાર સખીને એકાન્ત ડંખી ગયું હતું! પછી એ હતી તે નહોતી રહી. એનાં પરિવર્તને હું દિગ્મૂઢ હતો. પણ મારું એકાન્ત મને ક્યારેય ડંખ્યું નથી. એ મને લાગ્યું છે દેવદૂત જેવું. કશું જ ન હોય પણ પાસે એકાન્ત હોય એ ઘટના જ મને રોમાંચક લાગી છે. કદાચ સમૃદ્ધિનો સાચો આંક એ એકાન્ત! બધું જ હોય પણ પાસે એકાન્ત ન હોય તો રાંક બની જવાય. આવો રાંક તો હું વર્ષોથી બનતો આવ્યો છું.

મારી બા પાસે અઢળક એકાન્ત હતું. એ ટોળાંથી-ભીડથી મૂંઝાતી હતી. એકાન્ત શોધતી રહેતી. એમ એકાન્તની સખી બની ગઈ હતી. પછી એકાન્તે એને અબોલ બનાવી દીધી હતી. એથી જ એ દુઃખનું ગાણું ગાઈ શકતી નહોતી. હું એકાન્તનો ચાહક છું, તો ભીડનો પણ આશિક છું. બે વિરોધાભાસી અવસ્થાનો હું માલિક રહ્યો છું. બન્યું છે એવું કે એકની હાજરીમાં અન્યનો અભાવ સાલ્યો છે. કોલાહલ માણતી વેળાએ એકાએક એકાન્તની ઝંખના થઈ આવી છે અને એકાન્તમાં માનવના સહવાસની ઝંખના થઈ આવી છે. દોડીને ટોળામાં ભળી જવાની ઈચ્છાને હું રોકી શકતો નથી. મનુષ્યને વળી એકાન્ત કેવું! એકાન્ત તો સાપ પાસે હોય. વાઘ પાસે હોય. કીડીનું એકાન્ત સારું કે કરોળિયાનું! અશ્વનું એકાન્ત કેવું! ભાગ્યે જ અવાજનું પ્રદૂષણ ફેલાવતાં પંખીઓનું એકાન્ત કેવું સમૃદ્ધ હોય છે! મારા મહોલ્લામાં એક ગાય આવતી - બપોરે. એકાન્તમાં છાયા તળે બેસી રહેતી. જેવો કોલાહલ થતો કે ઊભી થઈને જતી રહેતી. કબીરવડના સાંનિધ્યે ઢળતી સાંજે એકાન્ત અંધારાનું સાથી બની આવ્યું ત્યારે મેં જે મીઠી મથામણ અનુભવેલી એની અભિવ્યક્તિ માટે ક્યાં શોધું શબ્દને!

મનુષ્ય તરીકે મારી પાસે થોડીક ભ્રાન્તિ સુરક્ષિત છે. હું માનું છું કે મારે જ મન છે અને મારા મનને નાથવું સહેલું નથી. જો હું મન વગરનો થઈ જાઉં તો... પછી તો એકાન્ત જ એકાન્ત. મારું એકાન્ત મારું પોતાનું છે. એ નથી કોઈ ચોરી શકવાનું કે નથી કોઈ હરી શકવાનું. એકાન્તમાં જ હું ફૂલ્યો છું - ફાલ્યો છું. સમૃદ્ધ બન્યો છું. મને મળ્યો છું. મારાથી વિખૂટો પડ્યો છું. મારી સાથે લડ્યો છું. પછી મારી સાથે જ મેં સમાધાન પણ કર્યું છે. ક્યારેક એકાન્તમાં બા સાંભરે છે. બાપા સાંભરે છે. સખીનું સ્મરણ થઈ આવે છે, આખેઆખો અતીત સજીવ થઈ જાય છે. અનેક કલ્પનાનો વિહાર થાય છે. કેવો રમતિયાળ બની જાઉં છું હું! ક્યારેક મારું એકાન્ત કોઈ ઝૂંટવી લે છે ત્યારે હું ઓશિયાળો બની જાઉં છું. સખીને આ ઓશિયાળાપણું નહોતું ગમતું. પણ આજે એ ક્યાં? એકાન્તમાં કે એકાન્તની બહાર? ▫

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૧૦. ઘાટ પરના ઘાસમાં—

આખું નેપાળ ખરેખર એક વિશિષ્ટ પ્રદેશ છે. ત્યાં એટલું બધું જોવાનું છે, ને એટલી જાત-જાતની પ્રવૃત્તિઓ ત્યાં થઈ શકે છે કે સમય ખૂટતો જ લાગે. ઊંચા પહાડોની સન્નિકટે ચાલવા ને આરોહણ કરવા નીકળી જઈ શકાય છે, તો ચિતવનના રાષ્ટ્રિય ઉદ્યાનમાં ગીચ જંગલમાં અનેક પશુ-પંખી જોવા મળે છે. ત્રણસોથી વધારે જાતનાં પંખી અને હરણ,જંગલી સૂવર, અસુલભ-એકશિંગડાવાળા ગેંડા, ચિત્તા ને વળી જલદી નજરે ના ચડતા રૉયલ બૅન્ગાલ ટાયગર પણ. હાથી પર સવાર થઈને પ્રાણીજીવન જોવા જવાનું હોય છે. આ સિવાય, અમુક નદીનાં શીઘ્ર-ગતિ વહેણમાં સાહસથી કે સરોવરોમાં આરામથી નૌકાની સહેલ લઈ શકાય છે.

બૌદ્ધ-ધર્મીય તથા હિન્દુ-ધર્મીય અસંખ્ય સ્થાનો નેપાળમાં છે. દક્ષિણે આવેલા લુમ્બિનીમાં ગૌતમ બુદ્ધનો રાજકુમાર સિદ્ધાર્થ તરીકે જન્મ થયો, તો ઉત્તરે આવેલા જનકપુરમાં સીતા રાજકન્યા જાનકી તરીકે જન્મ્યાં. નેપાળમાં બૌદ્ધ સ્તૂપો અને અશોકના કાળના અવશેષો છે, તો કળા-ખચિત મંદિરો અને પશુપતિનાથનું જ્યોતિર્લિંગ પણ છે. નાનકડો એવો આ દેશ - માત્ર ૮૮૫ કિ.મી. લાંબો અને વધારેમાં વધારે ૨૪૦ કિ.મી. પહોળો - તો માત્ર એક કે બે વારમાં પૂરેપૂરો તો નથી જ જોઈ શકાતો, પણ મને તો લાગે કે જાણે કાઠમંડુ અને એની નજીકનાં બધાં સ્થાનો પણ હજી નથી જોવાયાં.

શહેરની ફરતે રીંગ રોડ થયેલો છે, પણ તે તો બસો અને મોટરો માટે. શહેરની અંદરના બે મુખ્ય માર્ગ તે કાન્તિપથ અને દરબાર માર્ગ. એ બેમાંથી નીકળતા નાના રસ્તા અને અળપસળપ જતી ગલીઓની જટિલ ભુલભુલામણી. એ ગલીઓ ભીડ અને ઘોંઘાટને લીધે જેવી અસહ્ય લાગે, તેટલી જ લાક્ષણિક નેપાળી દૃશ્યો અને વાતાવરણને લીધે આકર્ષક લાગે! અંત વગરની દુકાનો, ને વિવિધ જાતનાં બજાર, કપડાં ને સાડીઓ વેચાય, પરવાળાં ને પીરોજાનાં ઘરેણાં વેચાય, 'થાન્કા' ચિત્રો ને પ્રાચીન જેવાં દેખાતાં શિલ્પો વેચાય, ક્યાંક કંસારા બજાર ને વાસણ બજાર, તો એક ગલીમાં કીડિયાં બજાર હતું. તમે ચાલતાં ને જોતાં થાકો, પણ કાઠમંડુની દુકાનોનો અંત ના આવે. હાથ-કામના કાગળ માટે તો નેપાળ ખૂબ જાણીતું છે, પણ કાશ્મીરી ચીજોની ઘણી દુકાનો થઈ ગયેલી જોઈ.

કાશ્મીરમાંની પરિસ્થિતિને લીધે પ્રવાસીઓની સંખ્યા ત્યાં ઘટતી ગઈ છે, ને તેથી કાશ્મીરી વેપારીઓને બીજાં સ્થાનો શોધવાં પડ્યાં છે. પણ તાજેતરમાં રાજા-રાણી વગેરેની હત્યાનો જે બનાવ બન્યો, તે પછી શક્ય છે કે નેપાળની સફરે જતાં પણ પરદેશીઓ અચકાતાં હોય. હસમુખા સરળ લોકોનો દેશ પણ ધીરે ધીરે બદલાવા માંડ્યો છે.

દરબાર માર્ગને એક છેડે રાજ-પ્રાસાદ છે. ચોતરફ ઊંચો કોટ, એટલે છત્રનો થોડો ભાગ દેખાય. ત્યાંથી થોડે દૂર સિંહ દરબારની અતિવિશાળ ઈમારત છે. આખું સફેદ ધોળેલું, લીલી બારીઓ, ને એવું જ ઘેરું લીલું છાપરું. આગળ ખૂબ પહોળું, ખાસ્સું મોભાદાર પ્રવેશદ્વાર છે. એક સમયે દેશના મુખ્ય પ્રધાન એમાં રહેતા. હવે એ સચિવાલય તરીકે વપરાઈ રહ્યું છે. રાષ્ટ્રિય સભા-ગૃહ તરીકે ઓળખાતું રંગે, રૂપે ને સ્થાપત્યે સાવ સાધારણ અને અશોભનીય છે, પણ વરીષ્ઠ ન્યાયાલય પરિમાણથી તેમજ સ્વરૂપથી ધ્યાન ખેંચે છે. બે વિસ્તૃત બાજુઓવાળું એ મકાન સરસ આછા ગુલાબી રંગમાં અને સુંદર, નેપાળી ચોરસ-આકાર, ઢળતા છત્રથી યુક્ત છે.

આ પરિસરમાં ભીડ ઓછી લાગે. રત્નપાર્કની ચોતરફના રસ્તા પણ ખુલ્લા, મોકળા છે. મોટા એ મેદાનને ચાર ખૂણે અશ્વારૂઢ સેનાપતિઓ-અથવા રાજાઓ-નાં સરસ, મોટાં ધાતુ-શિલ્પ છે, પણ મેદાનમાં ઘાસ ઊગી ગયું છે. મુખ્ય બસ-સ્ટૅન્ડ પર હું દરરોજ જતી, એટલે આ મેદાનની બેઢંગી હાલત દરરોજ જોવાની થતી! એક વાર કાંતિપથની પાસે ત્રિદેવી મંદિર જોઈ કમ્પાઉન્ડમાં દાખલ થયેલી. ત્રિછત્રી સ્થાપત્યવાળાં સરસ નાનાં ત્રણ મંદિર છે, પણ જાણે એકલવાયાં ને ભુલાયેલાં. ચોગાનમાં અલ્લડ ઘાસ મન ફાવે તેમ ઊગી ગયું છે. જરા જીવ બળે. પણ મેં જોયું કે આ ઘાસનો ઉપદ્રવ સર્વત્ર છે. જ્યાં ખાલી જગ્યા ત્યાં ઘાસ. લોકોનાં નાનાં ઘરોની બહાર પણ ઘાસ ઊગવા માંડી ગયું હોય. નગરપાલિકા અને લોકો પોતે પણ કેમ એને સાફ કરવાની કાળજી નહીં રાખતા હોય? એક તો દેખાય ફુવડ જેવું, ને સ્વાસ્થ્યને હાનિકારક પણ હશે.

આવા ઘાસમાં એક વાર પગ મૂકવાનું થયું. રસ્તે જતાં કાઠમંડુની વીર હૉસ્પિટલ પાસે ખૂબ વાહનો જોઈને થયેલું કે કોઈ જાણીતી વ્યક્તિ મૃત્યુની નજીક હશે. પછી જાણ થયેલી કે મંગલા દેવી સિંહ - જે લોકશાહીના



કાઠમંડુના રસ્તા પર એક શોભાયાત્રા



નેપાળમાં રોયલ બેન્ગાલ ટાયગર

હિમાયતી જૈફ ગણેશ માનસિંહનાં પત્ની હતાં, તથા નેપાળી સ્ત્રી-સંઘનાં પ્રમુખ હતાં, તેમનું બોંતેર વર્ષે અવસાન થયું હતું. ૧૯૪૦થી એ નેપાળી રાજકારણમાં, તેમજ સ્ત્રી-સંઘનાં કાર્યોમાં પ્રવૃત્ત રહ્યાં હતાં. હૉસ્પિટલમાં એમની ખબર કાઢવા વડાપ્રધાન તથા અન્ય પ્રધાનો ને આગેવાનો સતત ગયેલાં. છેત્રપતિ લત્તામાં, એમના નિવાસસ્થાને દેહ લઈ જવામાં આવ્યો તે પછી ત્યાં લોકોની ભીડ અને પોલીસની હાજરી જોવા મળેલી. એમના પતિ જ્યારે દેશ છોડીને ભારતમાં રહેલા. સ્થાનિક છાપાંમાંથી એમને વિષે ઘણું જાણ્યું, છતાં મને ખ્યાલ નહીં કે એ કેટલાં લોકપ્રિય હતાં.

મોડી બપોરે હું દરબાર ચૉકની આસપાસ આંટા મારી રહી હતી ત્યારે અચાનક જ એમની સ્મશાનયાત્રા જતી જોઈ. કેટલા પોલીસ, જેમને ત્યાં 'નગરપ્રહરી' કહે છે, લાલ ગણવેશ પહેરેલું એક બૅન્ડ, અસંખ્ય સ્ત્રીઓ, એ પછી ખુલ્લી ટ્રકમાં દેહ - જેને દેશ તથા સ્ત્રી સંઘના ધ્વજથી ઢાંકેલો હતો. વળી, અનેક ફૂલ ને હાર એના પર પધરાવાયાં હતાં. એમના ત્રણ પુત્ર સાથે બેઠેલા. પાછળ હજી વધારે સ્ત્રીઓ 'વીર મંગલા અમર રહો', 'નારી કો ગૌરવ-મંગલા દેવી'ના નારા મારતી ચાલતી હતી. ઘણાંના હાથમાં સળગાવેલી અગરબત્તી હતી. છેવટે ઘણી મોટી સંખ્યામાં પુરુષો હતા. અઢી-ત્રણ હજાર માણસ ભેગું થયું હશે. પછી હું કાંઈ રહું? હું પણ સાથે જોડાઈ ગઈ, ને સરઘસમાં આગળ થતી થતી સ્ત્રીઓ ભેગી થઈ ગઈ!

રસ્તા પરના દરેક ઘરનાં બારી ને બારણાંમાંથી નગરજનો આ યાત્રા જોઈ રહ્યાં હતાં. ઘણાં જણ કંકુ, ચોખા અને સિક્કા મૃત-દેહ તરફ ફેંકતાં હતાં. મને પહેલાં લાગ્યું કે કઈ તરફ જઈ રહ્યાં છીએ તેનો મને ખ્યાલ નથી, પણ પછી મેં અમુક નામો ને નિશાનીઓ ઓળખ્યાં, અને હું સમજી ગઈ કે વિષ્ણુમતી નદીના ઘાટ પર યાત્રા જઈ રહી હતી. વચમાં મારી હોટેલ આવતી હતી, તેથી જલદીથી રૂમ પર જઈને હું કૅમરા લઈ આવી. પણ એટલામાં હું વળી પાછી ઘણી પાછળ થઈ ગઈ હતી!

એ સાંકડા રસ્તા પર સખતની ભીડ હતી. જાણે રસ્તાનું જ ગળું ઘૂંટાતું હતું. માંડ માંડ હું રસ્તો છોડી નદી તરફ ગઈ, ને એની કચરાળી, ને જેમતેમ ઊગી ગયેલા ઘાસવાળી ઊંચી-નીચી ભેખડ પર સાચવીને પગ મૂકતી ઊભી રહી. ત્યારે પુત્રો અને કુટુંબીઓ દેહને ઊંચકીને પગપાળા નદીની પેલી તરફ આર્ય-ઘાટ પર લઈ જતા હતા.



શિંગડું ફૂંકતો નેપાળી વાદ્યકાર

ઘૂંટણ સુધીના પાણીમાં બીજા પણ ઘણા પુરુષો જઈ રહ્યા હતા. પણ લોકો બધે જ હતા - બંને બાજુની ભેખડો પર, ઘાટ પર, પુલ પર.

જેવી ચિતા બળતી હતી તેવો જ સૂરજ માથા પર તપતો હતો. પણ હજારો લોકો, અને હું, ત્યાં લાંબા વખત સુધી ઊભાં રહ્યાં. બે પુરુષો 'કા' કહેવાતાં, લાંબાં, પાતળાં, સિંગા વાજિંત્ર વગાડી રહ્યા હતા. કોઈકે મને કહ્યું કે આ વાજિંત્ર અગ્નિદાહના વિધિને પ્રસંગે જ વગાડવામાં આવતાં હોય છે. નેપાળના જન-જીવનમાંનો આવા પ્રકારનો પ્રસંગ જોવાનો વારો સાવ અચાનક આવી ગયો. દેશ-દેશાવરના આટલા બધા પ્રવાસોમાં ક્યારેય આવું બન્યું નથી.

તે સારું જ છે. આનંદના ઉત્સવો અને ધાર્મિક ઉજવણીઓ જોવા મળી જાય તે ખૂબ ગમે - જેમ ભક્તાપુરમાં બન્યું હતું તેમ. આવા યોગાનુયોગ અન્યત્ર ઘણી વાર થયા છે, અને યાદગાર બનીને રહેલા છે. (ક્રમશઃ)

સુપ્રજનનવાદ

(Eugenics)

ડૉ. જે.પી.ત્રિવેદી

એવું કહેવાય છે કે સ્પાર્ટામાં નબળાં માંદલાં બાળકોને જીવવા દેવાતાં નહોતાં.

બ્રિટનના ફ્રાન્સિસ ગાલ્ટનને અસાધારણ બુદ્ધિમત્તા વારસામાં કેવી રીતે આવે છે તેના સંશોધનમાં રસ હતો. અમુક કુટુંબોમાં પ્રભાવી વ્યક્તિત્વ વારસાગત કેવી રીતે આવતું તે શોધવા અનેક પ્રયોગો ગાલ્ટને કરેલા પણ ખાસ સફળતા મળેલી નહિ. ગાલ્ટન માનતો કે પશુઓની ઓલાદ સુધારવા કરતાં માનવીની નસ્લને વધુ ઉત્તમ બનાવવી જોઈએ. તેણે ૧૮૮૫માં આ માટે **Eugenics** શબ્દ સૌ પ્રથમ વાપર્યો. ૧૯૦૦ સુધીમાં સુપ્રજનન અંગેના વિચારો લોકોમાં આદર પામતા ગયા. જર્મનીમાં ફ્રેડરિક નિત્સેની વીરપુરુષ (**hero**) અંગેની ફિલસૂફી તથા અર્ન્સ્ટ હેકલની જીવવૈજ્ઞાનિક નિયતિ (**destiny**)નો મત ખૂબ પ્રચાર પામેલો.

૧૯૧૧માં ગાલ્ટને તેની સંપત્તિ યુનિ. કૉલેજ ઑફ લંડનમાં 'નૅશનલ યુજેનિક્સ' માટે પ્રયોગશાળા બનાવવા સોંપી દીધેલી. તે વેળાએ વંશાનુગતિ (**inheritanal**) અંગે કોઈ વિશેષ માહિતી નહોતી. ૧૯૨૦માં ગાલ્ટને સ્થાપેલી પ્રયોગ-શાળા બે ભાગમાં વિભાજન પામી. એક શાખા જીવવિજ્ઞાન અંગે સંશોધનમાં પરોવાઈ જ્યારે બીજી 'યુજેનિક્સ સોસાયટી' એ માનવ વંશ સુધારવાનું મિશન ચાલુ રાખ્યું. આ સોસાયટીમાં ફેમિલી પ્લાનિંગના મોટા પાયોનિયર મેરી સ્ટોપ્સ (**Marie Stopes**) સભ્ય હતાં.

અમેરિકામાં ૧૯૦૪માં ચાર્લ્સ ડેવનપોર્ટે સુપ્રજનન સિદ્ધાંતને અનુમોદન આપ્યું અને આ માટે એન્ડ્રુ કાર્નેગી પાસેથી પ્રજનનશાસ્ત્ર અંગે પ્રયોગશાળા સ્થાપવા મોટી રકમ પણ મેળવી. થિયોડોર રુઝવેલ્ટ જેવા પણ ઉત્તમ પ્રજનનો પેદા કરવા અંગેના આ વિચારને માન્ય રાખતા. યુરોપમાંથી વસાહતીઓ તરીકે પ્રવેશતા ધસારાને અટકાવવા આ માટે પ્રયત્નો થયા અને ૧૯૨૪માં વસાહતીધારો ઘડાયો. ૧૯૧૧ સુધીમાં તો ૬ રાજ્યોમાં માનસિક રીતે અયોગ્ય વ્યક્તિઓનું ફરજિયાત વંધ્યીકરણ કરવા અંગેના નિયમો હતા. ૧૯૧૭ સુધીમાં તેમાં વધુ ૯ રાજ્યો જોડાયાં. વર્જીનિયા રાજ્યમાં તો છેક ૧૯૭૦ સુધી માનસિક રીતે પછાત લોકોનું વંધ્યીકરણ ચાલુ રહ્યું. અમેરિકા જેવા માનવસ્વાતંત્ર્યના રખેવાળ દેશે તેનાં ૩૦ રાજ્યોમાં થઈને એક લાખથી વધુ માનસિક રીતે પછાત રોગીઓનું વંધ્યીકરણ કરી નાખ્યું છે. સ્વીડને ૬૦,૦૦૦ લોકોનું વંધ્યીકરણ કર્યું છે. નોર્વે, ફીનલેન્ડ, કેનેડા, આઈસલેન્ડ જેવા દેશોએ પણ વંધ્યીકરણના કાયદા કર્યા તથા અમલમાં મૂક્યા. બ્રિટને આવો કોઈ કાયદો કરેલો નહિ. ૧૯૨૦ અગાઉ તો જુલિયન હક્ઝલી તથા જે.બી.એસ. હાલ્ડેને પણ આ વાદને ટેકો આપેલો. જો કે પછી બંનેએ આનો વિરોધ કરેલો. વિન્સ્ટન ચર્ચિલ, એચ. જી. વેલ્સ, જોર્જ બર્નાર્ડ શૉ, હેવલોક એલિસ, હૅરોલ્ડ લૅસ્કી વગેરે પણ આ સુપ્રજનનવાદ અંગેનાં અવતરણો વાપરતા. (**Pro eugenic quotes**)

હિટલર તો આવું માનનારા અનેકોમાં એક મોટો ખલનાયક હતો. શુદ્ધ આર્યત્વના પ્રતિપાદનના ઓઠા હેઠળ ૧૯૪૧-૧૯૪૫ના ગાળામાં તેણે ૬૦ લાખથી પણ વધુ યહૂદીઓની ક્રૂર હત્યા કરી. હિટલર કહેતો કે મૂડીવાદ અને સમાજવાદ વચ્ચેની તકરાર કરતાં આપણી આનુવંશિક દેણગી (અભિદાન) સો ગણી વધુ અગત્યની છે.

સુપ્રજનનશાસ્ત્રીઓ ભવિષ્યની પેઢીઓમાં સુધારો લાવવા, જે સામાન્ય માનવીઓ કરતાં માનસિક તથા શારીરિક રીતે વિશેષ સક્ષમ હોય તેમને વધુ બાળકો ઉત્પન્ન કરવા પ્રોત્સાહિત કરવા ઇચ્છે છે. આને વિધેયક સુપ્રજનનશાસ્ત્ર (**positive eugenics**) કહે છે. તેઓ એવું પણ સૂચવે છે કે માનસિક તથા શારીરિક રીતે સામાન્ય માનવીઓને ઓછાં બાળકો થવાં જરૂરી છે. આને નિષેધક (**negave**) સુપ્રજનન શાસ્ત્ર કહે છે.

હજી પણ વિજ્ઞાનીઓ ચોકસાઈથી ખાસિયત, વ્યક્તિત્વ લક્ષણ, આનુવંશિક લક્ષણ વગેરે અંગેની આગાહી કરી શકતા નથી. કેટલીક શારીરિક તથા માનસિક ક્ષતિઓનો આનુવંશિક સંબંધ સમજી શકાયો છે. તેમજ બધી રીતે તંદુરસ્ત ગણાતી વ્યક્તિઓમાં કેટલાક પ્રકારના રોગોનાં જનીનો પણ હવે ચોક્કસપણે જાણી શકાય છે. દા.ત. સીકલસેલ રક્તક્ષીણતા (એનીમિયા) રોગ રક્ત-પરીક્ષણ દ્વારા પકડી શકાય છે. એવી બે વ્યક્તિઓ જે ક્ષતિગ્રસ્ત જનીનો ધરાવતી હોય તેઓનાં લગ્ન સામે સુપ્રજનનશાસ્ત્રીઓ લાલબત્તી ધરે છે, કારણ કે આવાં યુગલોનાં બાળકોમાં આ રોગ ઊતરી આવવાની શક્યતા વધુ હોય છે. કેટલાંયે આનુવંશિક રોગો બાળકોમાં થવાનું કારણ તેમનાં માતા-પિતા આવાં જનીનોનાં વાહકો હોય એ છે.

જનીનીય ભવિષ્યના આધાર માટે બે કારણો મુખ્ય છે. ચયનાત્મક (**Selective**) જન્મદર તથા પ્રાકૃતિક પસંદગી (**Natural Selection**) ની ઘટતી જતી અસરકારકતા.

ચયનાત્મક જન્મદર અંગે બ્રિટન તથા અમેરિકામાં ૧૯૨૦ થી ૧૯૪૦ દરમિયાન ઘણો અભ્યાસ થયેલો. ઉચ્ચ શિક્ષણ પામેલા મા-બાપ, વધુ બુદ્ધિમત્તા માગી લેતા વ્યવસાયો તથા ઓછા બાળકો ધરાવતાં મા-બાપનાં સંતાનો વધુ યોગ્યતા દર્શાવતા જણાયાં છે.

ચિકિત્સાશાસ્ત્રમાં થતાં નવાં સંશોધનો, ઊંચા જીવન-ધોરણો વગેરેને કારણે પ્રાકૃતિક પસંદગી સિદ્ધાંત પરનો આધાર ઘટતો જાય છે. જે રોગો એક સમયે અસાધ્ય ગણાતાં તે આજે સાધ્ય છે. આમાંના કેટલાંક રોગોનાં જનીનીક (આનુવાંશિક) કારણો પણ શોધાયાં છે.

એક સમયે ગર્ભનિરોધક સાધનો રોગોથી બચવા વપરાતાં પણ હવે તો વધુ બાળકો જન્મતા અટકાવવા તે વપરાય છે. આને વિધેય સુપ્રજનનશાસ્ત્ર કહી શકાય. ધાર્મિક કારણોસર આ શાસ્ત્ર હજી પૂરેપૂરું સ્વીકારાયું નથી. કેટલાક માને છે કે સુપ્રજનન માટેનાં નિયમો - જેમ કે ફરજિયાત વંધ્યીકરણ - માનવીના જન્મસિદ્ધ હક્કોના ભંગ સમાન છે. કેટલાકના મતે હજી માનવીને આનુવંશિકતા અંગેનું પૂરેપૂરું જ્ઞાન તેમજ મા-બાપ તરફથી વારસામાં મળતાં ગુણધર્મો હજી ચોક્કસ ન હોઈ ફરજિયાત વંધ્યીકરણ નિયમ જરૂરી નથી.

ઐચ્છિક પ્રજનન-નિરોધ માન્ય કરી શકાય. કૃત્રિમ ગર્ભાધાન હવે વધી રહ્યું છે. કેટલાંયે મેડિકલ ક્લિનિકો આ અંગે જનીનીય સલાહ પણ ભવિષ્યનાં મા-બાપને આપે છે. કોષીય તથા આહિયવ જનીન શાસ્ત્રની ઝડપી ફતેહ તથા જીવાણુ અને વિષાણુમાંના **DNA** ઉપર અસર નીપજાવવાની સિદ્ધિથી ભાવિ પ્રજાનું વર્ધન વધુ સારી રીતે થઈ શકશે. ❑

હરિકૃષ્ણ પાઠકના કાવ્યસંગ્રહ 'જળના પડઘા'ને નર્મદચંદ્રક

નર્મદ સાહિત્યસભા, સુરતને ઉપક્રમે વિવિધ સાહિત્યપ્રકારની શ્રેષ્ઠ કૃતિ માટે નર્મદચંદ્રક અર્પણ કરવામાં આવે છે. ૧૯૯૩ થી ૧૯૯૭ના વર્ષ માટેનો કાવ્યપ્રકારનો શ્રેષ્ઠ કૃતિ માટેનો નર્મદ ચંદ્રક કવિ શ્રી હરિકૃષ્ણ પાઠકને 'જળના પડઘા' કાવ્યસંગ્રહ માટે આપવાનું પસંદગી સમિતિએ ઠરાવ્યું છે. આ વિભાગની પસંદગી-સમિતિમાં ડૉ. જયન્ત પાઠક, ડૉ. રમેશ ઓઝા તથા શ્રી બકુલેશ દેસાઈએ સેવા આપી હતી. નર્મદ સાહિત્યસભા, સૂરતને ઉપક્રમે ટૂંક સમયમાં આ માટેનો સમારોહ યોજવામાં આવશે.

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે 'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧.	શ્રી જયરણછોડભાઈ એસ. સેવક (અમદાવાદ)	રૂ. ૩,૫૦,૦૦૦
૨.	એક 'કુમાર'પ્રેમી તરફથી	રૂ. ૧,૦૦,૦૦૧
૩.	શ્રી કરસનદાસ વિસનજી ટ્રસ્ટ (મુંબઈ)	રૂ. ૧,૦૦,૦૦૦
૪.	સુરુચિ ટ્રસ્ટ C/o.શ્રી શંભુભાઈ પટેલ (સુરત)	રૂ. ૧,૦૦,૦૦૦
૫.	અ.સૌ. શાન્તાબહેન વિ. પુ. પટેલ (વડોદરા)	રૂ. ૨૫,૦૦૦
૬.	શ્રી મુકુન્દ દેસાઈ (સૂરત)	રૂ. ૨૫,૦૦૦
૭.	શ્રી ધૈવત પ્રફુલ્લભાઈ પરીખ (અમેરિકા)	રૂ. ૧૮,૦૦૦
૮.	શ્રી અલકેશ મુકુન્દરાય દેસાઈ (સૂરત)	રૂ. ૧૫,૦૦૦
૯.	શ્રી પ્રવીણભાઈ એલ. શાહ (મુંબઈ)	રૂ. ૧૦,૦૦૦
૧૦.	શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ (મુંબઈ)	રૂ. ૧૦,૦૦૦
૧૧.	શ્રી કીર્તિ શેઠ (મુંબઈ)	રૂ. ૧૦,૦૦૦
૧૨.	શ્રી સંજય ભટ્ટ (OH-૪૩૦૩૫, U.S.A.)	રૂ. ૫,૦૦૦
૧૩.	શ્રી અંબાલાલ ચંદુલાલ દેસાઈ તથા શ્રી શાન્તાબેન અંબાલાલ દેસાઈ (અમેરિકા)	રૂ. ૪,૦૦૦
૧૪.	શ્રી અવનિ સી.બુચ (અમદાવાદ)	રૂ. ૩,૦૦૦
૧૫.	શ્રી શારદાબહેન નટુભાઈ પરીખ (ચિત્રકાર) અમદાવાદ	રૂ. ૨,૦૦૦
૧૬.	શ્રી નિર્મળાબહેન વ્યાસ (ભાટેલ, જિ. આણંદ)	રૂ. ૨,૦૦૦
૧૭.	શ્રી હરીશભાઈ ઝવેરી (ગૂડગાંવ-હરિયાણા)	રૂ. ૧,૫૦૦
૧૮.	શ્રી જયસુખભાઈ જે. પારેખ (અમદાવાદ)	રૂ. ૧,૫૦૦
૧૯.	શ્રી મયંક એન. કાપડિયા (મુંબઈ)	રૂ. ૧,૪૦૦
૨૦.	સદ્‌ગત શ્રીમતી નિર્મળાબહેન વસોવાળા (નડિયાદ)	રૂ. ૧,૨૦૧
૨૧.	શ્રી હરીશ પંડ્યા (ભાવનગર)	રૂ. ૧,૦૦૧
૨૨.	શ્રી પી. આર. બકેરી (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૨૩.	શ્રી વી. જી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૨૪.	શ્રી અનાર વી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૨૫.	પ્રા. સુરેશ મ. શાહ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૨૬.	શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)	રૂ. ૭૦૦
૨૭.	શ્રી હિમ્મતભાઈ જોશી 'પુષ્પમ્' (ગાંધીધામ)	રૂ. ૫૨૫
૨૮.	શ્રી પ્રફુલ્લ એ. પરીખ (અમદાવાદ)	રૂ. ૫૦૧
૨૯.	શ્રી રજનીકાન્ત એમ. મહેતા (અમદાવાદ)	રૂ. ૫૦૧
૩૦.	ડૉ. વર્ષા પી. શાહ (ડીસા)	રૂ. ૫૦૦
૩૧.	શ્રી રમણીક સોમેશ્વર (અંજાર-કચ્છ)	રૂ. ૫૦૦
૩૨.	શ્રી શિવલાલ જેસલપુરા (અમદાવાદ) -	રૂ. ૫૦૦
૩૩.	શ્રી અનુભૂતિ ટ્રસ્ટ (ભાવનગર)	રૂ. ૫૦૦
૩૪.	શ્રી ભાસ્કરભાઈ ન. સ્વાદિયા (જામનગર)	રૂ. ૫૦૦
	કુલ	રૂ. ૭,૯૪,૩૨૯

દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.
કલમ ૮૦જી અન્વયે આ દાન આયકરરાહતને પાત્ર છે.

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર, ૩જી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

ચડાઈની વાતો દેશભરમાં ફેલાઈ ગઈ છે. તું જો અહીં હોત તો નક્કી મારી જેમ તું પણ અમારી તૈયારીઓ જોઈને આશ્ચર્યમાં ડૂબી જાત. ને એમ તો તને હસવું પણ આવ્યું હોત. કોને ખબર આ બધી તૈયારીઓ નકામી પણ જાય!

છાપાંઓ ચડાઈના સમાચારથી ઊભરાઈ રહ્યાં છે ને તે પણ એવા સમાચાર કે કોઈનું પણ મગજ ભમી જાય. જેમ કે, 'જો હૉલેન્ડ પર અંગ્રેજો ચડાઈ કરશે તો જર્મનો કોઈ પણ રીતે પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેશે. જરૂર પડ્યે આખા દેશને જળબંબાકાર કરવાની પણ તેમની તૈયારી છે.' સાથે હૉલેન્ડના જે જે વિસ્તારમાં પાણી ફેલાઈ શકે એમ છે એ બતાવતા નકશા પણ છાપ્યા છે. હવે એવા નકશામાં ઍમસ્ટર્ડમનો મોટો ભાગ આવરી લેવાયો હતો. એટલે અમને પહેલો પ્રશ્ન થયો કે રસ્તા પર કમર સમાણાં પાણી ભરાઈ જાય તો અમારે કરવું શું? આ એક વિકટ પ્રશ્ને વૈવિધ્યપૂર્ણ ઉત્તરો મેળવી આપ્યા :

'ત્યારે સાયકલ પર કે ચાલીને જવું શક્ય હશે જ નહિ એટલે આપણે પાણીમાંથી ધસીને આગળ વધવું જોઈશે.'

'મૂરખા જેવી વાત ન કરો, આપણે માટે તરવા સિવાય છૂટકો નહિ રહે. તરવા માટેનાં કપડાં, ટોપી પહેરીને તરવું જોઈશે તે પણ શક્ય તેટલું પાણીની અંદર જેથી આપણે યહૂદી છીએ એની કોઈને ખબર ન પડી જાય.'

'જાઓ, જાઓ, પગે ઉંદરડા કરડવા માંડશે ત્યારે કઈ કઈ બહેનો તરવાનું ચાલુ રાખશે એ હું જોઈ શકું છું.' (આમ બોલનાર અલબત્ત ભાઈ હતા, વખત આવ્યે કોણ સૌથી વધુ રાડો પાડે છે તે આપણે જોશું જ.)

'આ જગ્યા છોડવાનો જ વારો નહિ આવે કારણ કે ગોદામની હાલત એવી છે કે પૂર આવ્યાભેગ એ પડી જ જવાનું.'

'સાંભળો મારી વાત, આ મજાક કરવાનો વખત નથી. મને તો લાગે છે કે ગમે તે રીતે એક હોડી લઈ રાખવી જોઈએ.'

'શું કામ? મારી પાસે એથી સારો ઉપાય છે. દરેક જણે માળિયામાં પડેલાં લાકડાનાં ખોખાંનું એક એક ખપાટિયું લઈને લાકડાના તવેથા-ચમચાથી હલેસાં મારીને તરવા મંડી પડવું.'

'હું તો વાંસ-પગથી ચાલી શકીશ. નાનપણમાં એ કલામાં હું ઉસ્તાદ ગણાતી હતી.'

'ચાલો, જેન ગાઈસને હવે ચિંતા કરવાની જરૂર નથી, મીપ વાંસ-પગ પર ચાલશે અને જેન પત્ની પર ગોળમાટલું બનીને ચઢી બેસશે.'

એટલે હવે તને સમજાયું હશે કે અહીં શું ચાલી રહ્યું છે નહિ? આ વાતો અત્યારે તો મજાકમાં જાય છે પણ ખરે વખતે પરિસ્થિતિ ઊલટી જ હશે. ચડાઈની બાબતમાં બીજો એક વિષય નીકળ્યા વિના રહે જ નહિ અને તે એ કે : ધારો કે જર્મન લોકો ઍમસ્ટર્ડૅમને ખાલી કરાવે તો અમારે શું કરવું?

'બધાંની સાથે શહેર છોડવું ને ત્યારે શક્ય તેટલો વેશપલટો કરવો.'

'જે થાવું હોય તે ભલે થાય, પણ આ જગ્યા છોડવી નહિ! અંદર જ રહેવું હિતમાં છે. જર્મનો માટે સમસ્ત હૉલેન્ડની પ્રજાને જર્મન લઈ જવી અશક્ય નથી અને ત્યાં ગયા પછી તો મરવાનો જ વારો આવે.'

'અલબત્ત, આપણે અહીં જ રહેશું. આ જ એક સલામત જગ્યા છે. ક્લાઈમન કુટુંબને પણ અહીં રહેવા બોલાવી લેશું. ક્યાંકથી લાકડાના ભૂંસાના કોથળા મેળવી લેવા જેથી જમીન પર સૂઈ શકાય. મીપ અને ક્લાઈમનને થોડી રજાઈ લાવવા આપણે કહેવું જોઈએ. થોડા વધારે દાણા ભરવા પણ કહી દેશું જેથી અત્યારના પાંસઠ પાઉન્ડમાં ઉમેરો થઈ જાય. જેન ક્યાંકથી ચોળા પણ લાવી શકશે. હાલમાં તો આપણી પાસે પાંસઠ પાઉન્ડ ચોળા અને દસ પાઉન્ડ વટાણાની દાળ છે અને પચાસ ડબ્બા શાકભાજીના ગણત્રીમાં લેવા ભૂલવા નહિ.'

'બાકી શું શું છે, મમ્મી? છેલ્લામાં છેલ્લો હિસાબ આપો તો.'

'દસ ડબ્બા માછલીના, ચાળીસ ડબ્બા દૂધ, વીસ પાઉન્ડ દૂધનો પાવડર, ત્રણ બરણી તેલ, ચાર બરણી માખણ, ચાર બરણી માંસ, બે મોટી બરણી ભરીને સ્ટ્રૉબેરી, બે બરણી રાસ્પબેરી, વીસ બરણી ટમેટાં, દસ પાઉન્ડ ઓટમીલ, નવ પાઉન્ડ ચોખા, બસ.'

અમારી પાસે સીધું-સામાન પુષ્કળ છે, પણ ઑફિસનાં લોકોને પણ જમવામાં ગણો ત્યારે સામાન દેખાય એટલો છે નહિ. અમારી પાસે કોલસા, બળતણ માટે લાકડાં અને મીણબત્તી પણ પૂરતાં છે.

'આપણે પહેરેલાં કપડાંમાં સંતાડી શકાય એવા નાના બટવા બનાવી લઈએ જેથી જવાનું થાય જ તો સાથે પૈસા લઈને જઈ શકીએ.'

'આપણે એકસાથે શું શું લઈને જવું જોઈએ એની એક યાદી જ તૈયાર કરી લઈએ અને પહેલેથી જ બગલથેલા ભરી રાખીએ.'

'ત્યારે આપણે બે માણસોને ચોકી કરવા રાખવા પડશે, એક મકાનના આગલા ભાગમાં અને એક પાછલા ભાગમાં.'

'ઊભાં રહો, આટલા સીધા-સામાનનો શો ફાયદો જો આપણી પાસે પાણી, ગૅસ કે વીજળી જ ન હોય તો?'

'આપણે ચૂલા પર રાંધવું પડશે. પાણી ગાળીને ઉકાળી લેશું. મોટા લોટા સાફ કરી એમાં પાણી ભરી રાખવું જોઈએ. સામાન ભરવાનાં ત્રણ તપેલાંમાં અને ટીનના બાથટબને પણ પાણી ભરવા વાપરી લેવાં જોઈએ.'

'ઉપરાંત, આપણી પાસે હજી બસો ત્રીસ પાઉન્ડ શિયાળુ બટાકા મસાલાના કોઠારમાં પડ્યા છે.'

બસ, આખો દિવસ હું આની આ વાત સાંભળું છું. ચડાઈ, ચડાઈ ને બસ ચડાઈ. બીજી કોઈ વાત નથી. દલીલો પણ ભૂખ્યા રહેવા પર, મરવા પર, બૉમ્બ પર, આગ વિઝવવા પર, બિસ્તરાની, ઓળખપત્રની, વિષારી વાયુ વગેરે વગેરેની આમાં મજા તો ન જ આવે ને!

જેન સાથેનો સંવાદ પુરુષ મંડળીના વિચારોનું સારું ઉદાહરણ પૂરું પાડશે :

ગુપ્ત નિવાસ : 'જર્મનોને પીછેહઠ કરવાનો વારો આવ્યો જ તો મને ડર છે કે એ લોકો તો આખી જનતાને સાથે લઈને જશે.'

જેન : 'અશક્યપ્રાય વાત. એ લોકો પાસે રેલગાડીઓ જ ક્યાં છે?'

ગુપ્ત નિવાસ : 'રેલગાડી? તમને લાગે છે કે સામાન્ય માણસોને એ લોકો ગાડીમાં બેસાડીને લઈ જશે? શું માલ છે, બધાંએ પગપાળા જવાનું થશે.'

જેન : 'એ માનવું મુશ્કેલ છે. તમને લોકોને બૂરું જોવાની જ ટેવ પડી ગઈ છે. એ લોકોને જનતા આખીને ભેગી કરીને જર્મની લઈ જવાનું કારણ જ શું હોઈ શકે?'

ગુપ્ત નિવાસ : 'યાદ નથી ગ્યોબેલે શું કહ્યું હતું? કે જો જર્મનોએ પીછેહઠ કરવી જ પડી તો અહીંના બધા દરવાજા બંધ કરીને જશે.'

જેન : 'હવે એવી તો અનેક વાતો એ લોકોએ કરી છે.'

ગુપ્ત નિવાસ : 'શું તમને લાગે છે કે જર્મન લોકો માણસાઈ કે ભલમનસાઈ દાખવશે? એ લોકોના મતે તો : જો અમે ડૂબ્યાં તો તમનેય સાથે લઈને ડૂબશું.'

જેન : 'તમતમારે જે કહેવું હોય તે કહો, પણ હું એ માનવા તૈયાર નથી.'

ગુપ્ત નિવાસ : 'ફરી એની એ વાત. ભય સામે આવીને દાંતિયાં ન કરે ત્યાં સુધી કોઈને ય એ જોવાની ફુરસદ નથી.'

જેન : 'પણ શું થશે એ ખાત્રીપૂર્વક કહી શકાય એવું છે નહિ. તમે લોકો તો આ બધું ધારીને બેઠાં છો.'

ગુપ્ત નિવાસ : 'કારણ કે અમે આ પ્રકારમાંથી પસાર થઈ ચૂક્યાં છીએ. પહેલાં જર્મનીમાં અને પછી અહીંયાં. તમને શું લાગે છે રશિયામાં શું થઈ રહ્યું છે?'

જેન : 'તમારે યહૂદીઓની વાતોમાં આવવું ન જોઈએ. મને નથી લાગતું કે કોઈનેય ખબર હોય કે રશિયામાં ખરેખર શું થઈ રહ્યું છે. અંગ્રેજો અને રશિયનો વાતને જરા વધારી ચડાવીને કરે છે, આ જર્મનોની જેમ.'

ગુપ્ત નિવાસ : 'જરાય નહિ, બીબીસીએ હંમેશાં સાચી જ વાત કરી છે અને જો સમાચાર થોડા વધારીને કહ્યા હોય તો પણ મૂળ વાત જ અઘટિત છે. હજારોની સંખ્યામાં શાંતિપ્રિય નાગરિકોને પોલૅન્ડ અને રશિયામાં મારી નાખ્યાં છે અને નહિ તો વિષારી વાયુની કોટડીમાં ભરી દીધાં છે. એ વાત તો નકારી નહિ જ શકો ને!'

બાકીના સંવાદથી હું તને વાકેફ કરીશ નહિ. હું તો શાંતચિત્તે આ દલીલબાજી તરફ બેધ્યાન જ રહું છું. હું એ પરિસ્થિતિએ પહોંચી છું કે હું જીવું કે મરું એનાથી મને કાંઈ જ ફેર પડતો નથી. દુનિયા તો ચાલતી જ રહેવાની. જે કાંઈ થઈ રહ્યું છે તે ભલે થાય, મારે તો સંપૂર્ણ ધ્યાન મારા ભણતર પર જ આપવું છે અને આશા રાખું છું કે છેવટે બધું સમું સૂતરું પાર પડે.

લિ. ઍન.

મંગળવાર, ૮મી ફેબ્રુઆરી ૧૯૪૪

પ્રિયતમ કિટી,

મને અહીં કેવું લાગે છે એ તને હું કહી નહિ શકું. એક ક્ષણે હું શાંતિ ઝંખું છું તો બીજ જ ક્ષણે મને થોડીક મજા કરવાનું મન થઈ જાય છે. અમે તો કેમ હસવું એ પણ ભૂલી ગયાં છીએ - એવું હસવાનું કે જે રોકી શકાય નહીં.

આજે સવારે હું ને માર્ગટ ખી...ખી... ખી... ખી... કરીને

(અનુસંધાન પૃ. ૭૫૧ પર)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

એક શિક્ષકનું કેટલું મોટું બહુમાન!

તા. ૧૯-૭-૯૭ : ૧૯૪૮ના જૂનમાં ૭ વર્ષની કુમુદ અને ૧ વર્ષની સ્મિતાને લઈને અમે (હું તથા મારાં પત્ની) વિદ્યાનગર ગયાં અને ૧૯૫૫ના ઑગસ્ટમાં ૧૪ વર્ષની કુમુદ, ૮ વર્ષની સ્મિતા અને ૪ વર્ષની દીના સાથે વિદ્યાનગર છોડ્યું. આમ, બાળકોમાં વિદ્યાનગરનો સૌથી જાગૃત પરિચય કુમુદને છે અને જોગાનુજોગ આ પરિચય કેટલો રસમય બનીને આગળ વધી રહ્યો છે! કુમુદની પુત્રી નિલી (અમે તેને બેના કહીએ છીએ) ૧૨મી પછી એન્જિનિયરિંગમાં વિદ્યાનગર ગઈ પણ તેને શુદ્ધ ગણિત વગર ગોઠ્યું નહિ એટલે પાછી આવી. પણ એમ વિદ્યાનગરનો મોહ છૂટે? એમ.એસસી. થઈ ફરીથી ૧૯૯૫માં વિદ્યાનગર ગઈ. ૧૯૯૬માં ત્યાંની કૉલેજમાં લેક્ચરર તરીકે નીમાઈ અને ગણિત શીખવવામાં નિલી મૅડમે નામના કાઢી. હવે બાકી હતું તે નિલીનો ભાઈ રુચિર વિદ્યાનગરની વી.પી. કૉલેજમાં 'પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઍન્ડ ટેસ્ટિંગ'ના એમ.એસસી. વર્ગમાં જોડાયો છે. ૧૯૫૫માં અમે વિદ્યાનગર છોડ્યું ત્યાર પછી ૪૦ વર્ષે ૧૯૯૫માં બેના, ૧૯૯૬માં નિલી મૅડમ અને ૧૯૯૭માં રુચિર. અલબત્ત, આ વચલાં ૪૦ વર્ષમાં જેમ અમારી બીજી પેઢી તૈયાર થઈ તેમ તે ૪૦ વર્ષમાં અમારી આ નવી પેઢીને- જમાનાને અનુરૂપ શિક્ષણ ગોઠવવામાં કદાચ ગુજરાતભરમાં વિદ્યાનગરે જ પહેલ કરી છે. એટલે અનાયાસે અમારા કુટુમ્બની નવી પેઢીનું વિદ્યાનગર સાથે પુનઃજોડાણ થયું છે.

આ વચલાં ૪૦ વર્ષની વાત જાણવા જેવી છે. આ ગાળામાં વિદ્યાનગરની બાજુમાં ઉદ્યોગનગર વિકસ્યું. ઉદ્યોગ- નગરમાં કેટલાંયે કારખાનાં થયાં, મુખ્યત્વે કેમિકલ અને પ્લાસ્ટિકનાં અને તેથી વી.પી.કૉલેજમાં **Industrial Chemitry** (રાસાયણિક ઉદ્યોગ)ના **B.Sc.** તથા **M.Sc.** કોર્સ શરૂ થયા. તથા **P.P. & T. (Plastic Processing and Testing)**ના ડિપ્લોમા તથા **M.Sc.** કોર્સ શરૂ થયા. વી.પી. કૉલેજ ઉપરાંત એક નવી કૉલેજ **College of Pure and Applied Science** શરૂ કરી અને નિલીબહેન તે કૉલેજમાં નીમાયાં. **P.P. and T.** ના **M.Sc.** કોર્સમાં ૨૦ સીટ છે જેમાં પાંચ ડોનેશનથી ભરાય છે. મેં વિદ્યાનગરના મિત્રોને કહ્યું કે મને વિદ્યાનગરે ઘણું આપ્યું છે એટલે હું તે ઋણ ચૂકવવા ડોનેશન આપીશ અને રુચિરને ડોનેશન સીટ પર પ્રવેશ આપવો. રુચિરને એમ.એસસી. **P.P.V.T.**માં ઍડ્મિશન મળી ગયું પણ વિદ્યાનગરે તેના જૂના શિક્ષક પાસેથી એક પૈસાનું પણ ડોનેશન લીધું નહિ!

મેં જીવનમાં અનેક વ્યવસાયો કર્યા છે : ગણિતશિક્ષક, પ્રિન્સિપાલ, **G.P.S.C.**નો ચેરમૅન, દિલ્હીની **U.P.S.C.**નો મેમ્બર અને યુનિવર્સિટીનો વાઈસ ચૅન્સેલર. પણ ગુજરાતના સમાજના લોકો મને શિક્ષક તરીકે જ ઓળખે છે અને સમાજમાં મારું જે માન કે સ્થાન છે તે શિક્ષક તરીકેનું જ છે. ડોનેશનની સીટ ઉપર એક પાઈનું પણ ડોનેશન લીધા વગર આ શિક્ષકના દોહિત્રને પ્રવેશ આપીને ચારુતર વિદ્યામંડળે આ શિક્ષકનું કેટલું મોટું બહુમાન કર્યું!

ઘડપણની અસર - સ્વાદશક્તિ અને સ્મરણશક્તિ પર

તા. ૨૨-૯-૯૭ : અમે અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં રહેતી અમારી પુત્રી-સ્મિતાને ઘેર આવ્યાં છીએ. ફ્લાઈટ સમયસર હ્યુસ્ટન પહોંચી હતી અને પાસપોર્ટ, કસ્ટમ વગેરેથી પરવારીને બહાર નીકળ્યાં. ત્યાં સામે ચડ્ડી-ખમીસ પહેરેલો, માથે આછા વાળમાં બાબરી પાડેલો, ચશ્માં વગરનો એક છોકરો ઊભો હતો. તે અમને જોઈને હસ્યો ત્યારે ખબર પડી કે, અરે આ તો સ્મિતાનો દીકરો શૈલુ છે. ચશ્માંને સ્થાને તેણે લેન્સ મૂકાવ્યા છે એટલે તરત જ ઓળખાયો નહિ. પણ જેવો હસ્યો કે ઓળખાઈ ગયો! 'હસતાં છોકરાં તો સૌને ગમે!!'

આજે અહીં ટીવી ઉપર સમાચારમાં જાણ્યું કે વિજ્ઞાનની એક હકીકત છે કે ઘડપણમાં આંખ, કાન અને સ્મરણશક્તિમાં અસર દેખાય છે પણ સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયમાં ફેર પડતો નથી. સ્મિતાને ઘેર પહોંચીને પહેલું કામ ઘરની બે પ્યાલા ચા પીવાનું કર્યું - સ્વાદેન્દ્રિય પર ઘડપણની અસર નથી થઈ તેની સાબિતી! અને અમદાવાદથી ગુજરાત મેઈલમાં અમારા ભત્રીજા અતુલને ઘેર, મુંબઈ પહોંચ્યા ત્યારે ખબર પડી કે મારાં વાંચવાનાં ચશ્માં તો અમદાવાદ રહી ગયાં હતાં! ઘડપણની સ્મરણશક્તિ પર અસરની સાબિતી! અને એક જ દિવસમાં ચશ્માંના નંબર કઢાવી સાંજે અતુલ નવાં ચશ્માં લઈ આવ્યો! અને અમેરિકાના ટીવી પર ન આવે તેવો ઘડપણનો ગુણધર્મ : અતુલે ચશ્માંની કિંમત ન લીધી : 'બાપે દીકરાને પૈસા ચૂકવવાના હોય?' અને 'બાપ' માની ગયો.

અમેરિકાનો 'નવ વિદ્યાર્થીઓનો સત્યાગ્રહ'

તા. ૨૮-૯-૯૭ : ગયે અઠવાડીએ અમેરિકન પ્રમુખ ક્લિન્ટન અહીં હ્યુસ્ટન આવ્યો હતો. આમે ક્લિન્ટન બાજુના રાજ્ય આરકન્સાસનો વતની છે અને આરકન્સાસ રાજ્યના લિટલ રોક ગામની સેન્ટ્રલ હાઈસ્કૂલના એક ખાસ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આવ્યો હતો. આ ખાસ કાર્યક્રમ જાણવા

જેવો છે. આપણા દેશમાં એક જમાનામાં હરિજનોનાં બાળકોને નિશાળમાં દાખલ કરતા નહોતા. તેવી જ સ્થિતિ અહીં દક્ષિણનાં રાજ્યોમાં કાળા-ગોરાના ભેદભાવને કારણે હતી. મધ્યસ્થ સરકારે તો કાયદો કરી કાળાં (હબસીઓનાં) બાળકોને શાળા-પ્રવેશની છૂટ આપી પણ રાજ્યની શાળાઓ તો રાજ્ય સરકારના હાથ નીચે અને આરકાન્સાસ રાજ્યની સરકારે પોતાની શાળામાં કાળાઓના પ્રવેશની મનાઈ ચાલુ રાખી. આ સામે લિટલ રોકના ચૌદ-પંદર વર્ષના ૯ હબસી વિદ્યાર્થીઓએ 'સત્યાગ્રહ' કર્યો. આ નવ વિદ્યાર્થીઓએ ૧૯૫૭ના સપ્ટેમ્બર માસની ૪થીએ શાળામાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો પણ રાજ્ય સરકારના બંદૂકધારી નૅશનલ ગાર્ડ્સએ તેમને રોક્યા અને તગેડી મૂક્યા. મધ્યસ્થ સરકારના તે વખતના પ્રમુખ આઈઝન હોવરે લશ્કરની એક ટુકડી મોકલી તેમની સાથે આ નવ જણાંને શાળામાં પ્રવેશ અપાવ્યો. જો કે શાળાના ગોરા વિદ્યાર્થીઓએ આ નવ કાળા વિદ્યાર્થીઓને રંજાડવાનું ચાલુ રાખ્યું. પણ ઇતિહાસમાં **'Brave little nine of Little Rock'** તરીકે જાણીતા થયેલા આ નવ વિદ્યાર્થીઓએ ભણવાનું આખું વર્ષ ચાલુ રાખ્યું અને એ રીતે આખા અમેરિકામાં કાળા-ગોરાની શાળામાં ચાલતી આભડ-છેટ દૂર થઈ.

સેન્ટ્રલ હાઈસ્કૂલના નવ વિદ્યાર્થીઓના 'સત્યાગ્રહ'ની ચાલીસ વર્ષની ઉજવણી વખતે પ્રમુખ ક્લિન્ટન હાજર હતા. પેલા નવે નવ વિદ્યાર્થીઓ (હવે તો ૫૫-૫૬ વર્ષના) હાજર હતા અને શાળાનું એક બારણું ઉઘાડી ક્લિન્ટન ઊભા, બીજું બારણું ઉઘાડી આરકાન્સાસના ગવર્નર ઊભા અને દરવાજામાંથી પેલા નવ વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થયા!

મોસમ છલકે - ભારત અને અમેરિકામાં

તા. ૫-૧૦-૯૭ : સ્મિતાને ઘેર, અમેરિકાના હ્યુસ્ટનમાં બેઠાં બેઠાં આ લખાય છે. ગઈ કાલે અમદાવાદથી અરુણ-ભાઈનો ઇ-મેઈલ આવ્યો. તે પત્રમાં તે લખે છે : **Hamanan Railway accident ni mosam chhalke chhe.** (હમણાં રેલ્વે એક્સિડેન્ટની મોસમ છલકે છે.) (ઇ-મેઈલ તો અંગ્રેજી લિપિમાં જ થાયને !) ભારતમાં રેલ્વે, બસના અકસ્માતોની મોસમ ચાલે છે. ના, ચાલતી જ રહે છે તેમ અહીં અમેરિકામાં શાળા-કૉલેજના વિદ્યાર્થીઓમાં ગોળીબાર-ખૂનની મોસમ ચાલતી જ રહે છે. ૧૬ વર્ષના નવમા ધોરણના એક વિદ્યાર્થીને તેની ગર્લફ્રેન્ડ સાથે કાંઈ વાંધો પડ્યો એટલે એનો મિજાજ બગડી ગયો. ઘેર જઈને પોતાની માને ગળચી દબાવીને મારી નાખી. પછી ઘરમાંથી રિવૉલ્વર લઈને સ્કૂલે આવ્યો. સ્કૂલનાં પગથિયાં પર આઠ-દસ વિદ્યાર્થીઓ બેઠેલા હતા. તેમાં પેલી ગર્લ-ફ્રેન્ડ પણ હતી. રિવૉલ્વરમાંથી ગોળી છોડી તેણે પહેલાં તો તે ગર્લ-ફ્રેન્ડને મારી નાખી અને પછી આડેધડ ગોળીબાર કરી એક બીજા વિદ્યાર્થીને મારી નાખ્યો અને છ જણને ઘાયલ કર્યા!

ભારતમાં નવાં કારખાનાં, નવા ઉદ્યોગોને કારણે જે નવું વાતાવરણ ઊભું થયું છે તેમાં આપણો કારીગર કે અદનો મજૂર પૂરેપુરો ગોઠવાઈ શક્યો નથી. એટલે રેલવે, બસ વગેરે અકસ્માતોની મોસમ છલકે છે. અહીં અમેરિકામાં ઔદ્યોગિક ક્રાન્તિથી લોકો ટેવાઈ ને ગોઠવાઈ ગયા છે. પણ અહીં સાંસ્કૃતિક વારસાની ખોટ વર્તાય છે. સાંસ્કૃતિક ક્રાઈસીસની અસર અહીંની ઊગતી પેઢી પર ચોખ્ખી દેખાય છે અને દર અઠવાડીએ આવા એક-બે જુવેનાઈલ ક્રાઈમ (બાળકો દ્વારા થતા ગુના) નોંધાય છે. આપણે ત્યાં **Industrial Crisis** અને અહીં **Cultural Crisis.** (ક્રમશઃ)

અનુસંધાન] ઍન ફ્રેન્કની રોજનીશી [પૃ. ૭૪૯ થી
હસ્યાં, સ્કૂલમાં હું હસતી હતીને એવું જ. કોઈ પણ બે છોકરીઓ હસે ને એમ હસ્યાં.

કાલે રાત્રે ફરી એક વાર મમ્મી સાથે ચકમક ઝરી ગઈ. માર્ગટ રજાઈમાં પોતાને ઢબૂરી રહી હતી ત્યાં અચાનક એ પથારીમાંથી કૂદીને બહાર આવી અને ઝીણી નજરે રજાઈ તપાસવા માંડી. એને શું મળી આવ્યું હશે? એક સોય! મમ્મી રજાઈ સાંધીને સોય કાઢવાનું ભૂલી ગઈ હતી. પપ્પાએ અર્થસૂચક માથું ધુણાવ્યું અને મમ્મી કેવી બેદરકાર છે એવી જાતનું કાંક બબડ્યા. એટલામાં મમ્મી બાથરૂમમાંથી બહાર આવી અને હું ગમ્મતમાં બોલી કે 'તમે તો ખરેખર દુષ્ટ છો!'

અલબત્ત, એમણે મારા આમ બોલવાનું કારણ પૂછ્યું. એટલે સોય કાઢવાની ભૂલી ગયાં હતાં એ વાત કરી. એમના તેવર બદલાઈ ગયા. બોલ્યાં, 'તું શું જોઈને કહે છે? તું સિલાઈ કરવા બેસે તો આખો રૂમ સોયથી ભરાઈ જાય છે અને જો, નખ કાપવાની કાતર હજી ત્યાં જ પડી છે. એય તું વ્યવસ્થિત મૂકતી નથી!'

મેં કહ્યું કે એ તો મેં વાપરી જ નથી. અને માર્ગટે મારી વાતનું સમર્થન કર્યું કારણ કે વાંક એનો હતો.

મમ્મીએ એ પછી મારા અવ્યવસ્થિતપણા વિશે જે ચાલુ કર્યું કે છેવટે કંટાળીને હું જરાક તોછડાઈથી બોલી, 'તમે બેદરકાર છો એમ તો હું બોલી પણ નથી.'

મમ્મી ચૂપ થઈ ગઈ. અને થોડી વાર વીતી નથી ત્યાં તો મારે એમને રાતનું ચુંબન પણ કરવું પડ્યું. આ કોઈ એવી મોટી વાત નહિ હોય, પણ આજકાલ તો મને કોઈ પણ વાતનો ગુસ્સો આવે છે.


લિ. ઍન.

- (ક્રમશઃ)

ખગોલીય ગણિત

સમયની સરળ સમજ

પ્રફુલ્લ એ. પરીખ




આપણા રોજિંદા વ્યવહારમાં અનેક બાબતોને લગતા સમયોની આપણે વાત કરીએ છીએ; જેવા કે ખાવા-પીવાના, મળવા જવાના, કામને સ્થળે પહોંચવાના, યાત્રાએ જવાના, સભા-સરઘસના, દેવદર્શનના, રેડિયો-ટીવી જોવાના વગેરે.


અને છતાં સમય ખરેખર શી બાબત છે તે આપણે જાણતાં નથી. સમયને કોઈ પ્રકારના અવરોધ દ્વારા અટકાવી કે પરાવર્તિત કરી શકાતો નથી. આપણે સમજીએ છીએ તે એટલું જ કે સમય અસ્ખલિતરૂપે વહ્યો જાય છે, એને પાછા ફરવાપણું હોતું નથી.


સમયને દિવસ, માસ, ઋતુ કે વર્ષના હિસાબે આપણે માપીએ છીએ. સૂર્ય ઊગે એટલે સવાર, મધ્યાકાશમાં આવે ત્યારે બપોર, આથમે એટલે સાંજ અને મોડી રાતે મધ્યરાત્રિ થાય એવા સામાન્ય દિવસખંડોથી પરિચિત મનુષ્યને સમયનાં નાનાં માપ દર્શાવવાની આવશ્યકતા ઊભી થઈ ત્યારે ઘડી અને પળ તેમજ કલાક અને મિનિટ જેવા નાના સમય એકમો પ્રયોજવામાં આવ્યા અને એમને માપવા માટે રેતઘડી, જળઘડી, દીપકઘડી અને ધૂપઘડી-છાયાયંત્ર જેવાં અનેક સાધનોનો આવિષ્કાર થયો. વિશ્વમાં કાળમાપન-સમયમાપનની જુદી જુદી પ્રથાઓ અનુસરવામાં આવે છે, જે ઘણું કરીને કુદરતમાં રોજ-બરોજ બનતી ઉપર દર્શાવેલી ઘટનાઓ પર જ આધાર રાખે છે.

પૃથ્વી પરનાં બધાં સ્થળોએ સવાર, બપોર, સાંજ વગેરે એકીસાથે થતાં નથી. એક જ રેખાંશવૃત્ત પર આવેલાં સ્થળોને બાદ કરીએ તો, એ વૃત્તથી પૂર્વ તરફ આવેલાં સ્થળોએ સૂર્યોદય, મધ્યાહ્ન અને સૂર્યાસ્ત વહેલા થાય છે જ્યારે એ વૃત્તથી પશ્ચિમે આવેલાં સ્થળોએ તે મોડા થાય છે. આ રીતે વહેલા યા મોડા થવાના સમયનો તફાવત એક રેખાંશ-ફરકે ચાર મિનિટનો અને પંદર રેખાંશ-ફરકે એક કલાકનો થાય છે. આ બાબત સરળ રીતે સમજીએ.

ભારતમાં દિબ્રુગઢથી (આસામ, રેખાંશ ૯૪$^\circ$.૫૬'પૂર્વ) ભૂજ (કચ્છ-ગુજરાત, રેખાંશ ૬૯$^\circ$.૪૮') ૨૫$^\circ$.૦૮' (૨૫$^\circ$.૮' x ૪ = ૧ક. ૪૦મિ. ૩૨સે.) પશ્ચિમમાં છે. ધારો કે દિબ્રુગઢમાં સવારે ૬-૦૦ વાગે સૂર્યોદય થયો હોય તો ભૂજમાં લગભગ ૧ કલાક ૪૦ મિનિટ પછી સૂર્યોદય-સૂર્યાસ્ત વગેરે થશે. એટલે કે ભૂજમાં સૂર્યોદય સવારે ૭-૪૦ મિનિટે થશે.







સ્થાનિક સમય : સૂર્ય બરાબર મધ્યાહ્ન રેખા (યામ્યાંત્તર-વૃત્ત (**MARIDIAN**) પર આવે - આકાશમાં ઊંચામાં ઊંચો, બરાબર માથા પર આવે ત્યારે - બાર વાગ્યાનું આપણે માનીએ તો કોલકાતામાં બાર વાગ્યા હશે જ્યારે અમદાવાદમાં સૂર્ય લગભગ ૬૩ મિનિટ પછી ત્યાં આવશે. મતલબ કે જુદાં જુદાં સ્થળોના મધ્યાહ્ન સમયો એકસરખા ન હોતાં અલગ અલગ હોવાના અને તે કારણે મધ્યાહ્ન સમય આધારિત તેમનાં ઘડિયાળોના સમયો પણ અલગ અલગ હોવાના. પરિણામે આવા અલગ સમયો સામાન્ય વ્યવહારમાં ગૂંચવણ ઊભી કરવાના.

સ્ટૅન્ડર્ડ ટાઈમ : સમસ્ત રાષ્ટ્ર કે દેશનાં બધાં જ સ્થળોને સ્પર્શતી કેટલીક મહત્ત્વની બાબતો જેવી કે હવાઈ મુસાફરી, રેલવે-તાર-ટપાલ વ્યવહાર, રેડિયો-ટીવી પ્રસારણ વગેરેના સરળ સંચાલન-નિયમન માટે એકસરખો સમય ન રાખવામાં આવે તો દેશનો તમામ આંતરિક વ્યવહાર ઠપ થઈ જાય અને જે જાતની અંધાધૂંધી-અવ્યવસ્થા સર્જાય તેની કલ્પના કરવી મુશ્કેલ છે. ઉપર્યુક્ત તકલીફો નિવારવા માટે સમય-માપન નિશ્ચિત પ્રકારનું રહે તે માટે સ્ટૅન્ડર્ડ ટાઈમની યોજના કરવામાં આવે છે, જે ઘણું કરીને દેશના વચલા ભાગમાં (પૂર્વ-પશ્ચિમના હિસાબે) આવેલાં સ્થળનો સ્થાનિક સમય હોય છે. દરેક દેશમાં તેમના અલગ સ્ટૅન્ડર્ડ ટાઈમ હોય છે. કોઈ દેશ ખૂબ મોટો હોય તો તેના અમુક વિભાગોના અલગ અલગ સ્ટૅન્ડર્ડ ટાઈમ હોય છે જેમ કે અમેરિકા.

સ્ટૅન્ડર્ડ ટાઈમ અને સ્થાનિક સમય એમ બે સમયોનો આપણે નિર્દેશ કર્યો. એ બંને વિશે થોડું સમજી લઈએ. સ્ટૅન્ડર્ડ ટાઈમ સમસ્ત દેશ માટેનો એકસરખો સમય છે, જેને ઘડિયાળો દ્વારા માપવામાં આવે છે. સ્થાનિક સમય કોઈ એક સ્થળ પરત્વેનો સમય છે, જે છાયાયંત્ર દ્વારા માપવામાં આવે છે.

સ્પષ્ટ કાળ : કોઈ પણ સ્થળે સૂર્ય મધ્યાહ્ન રેખા પર આવે ત્યારે ત્યાં બપોરના બાર વાગે છે. એ સમયે પૃથ્વી પરની ઉત્તર-

દક્ષિણ રેખા પર લંબરૂપે ઊભી કરેલી લાકડી (શંકુ)ની છાયા એ જ રેખા પર પડે છે. બાર વાગ્યાનો આ સમય જે તે સ્થળનો સ્થાનિક દૃષ્ટ-પ્રત્યક્ષ દેખાતો કુદરતી સમય છે. એટલે ખરેખરું કુદરતી ઘડિયાળ તો છાયાયંત્ર જ છે, કારણ કે તે સૂર્યની ખરેખરી ગતિ બતાવે છે. આ સમયને સ્પષ્ટકાળ એટલે ખરેખરો સમય કહે છે તે યથાર્થ છે.

ભારતનો સ્ટૅન્ડર્ડ ટાઈમ : ભારત માટે ૮૨$^{\circ}$.૫' (૮૨$^{\circ}$.૩૦' x ૪ = ૩૨૯મિ. ૨૦સે. = ૫ ક. ૨૯મિ. ૨૦સે.) રેખાંશવૃત્ત પર આવેલા સ્થળની સ્ટૅન્ડર્ડ ટાઈમ માટે પસંદગી કરવામાં આવી છે. આ સમય ઘણું કરીને દેશના લગભગ વચલા ભાગમાં આવેલા સ્થળનો કુદરતી સમય છે. ભારતનો સ્ટૅન્ડર્ડ ટાઈમ (**IST**) ગ્રીનિચના મધ્યસ્થાનિક સમયથી ૫.૩૦ કલાક આગળ રાખવામાં આવ્યો છે. સ્વાભાવિકપણે આપણે તેથી એમ માનવા પ્રેરાઈએ છીએ કે ૮૨$^{\circ}$.૫' રેખાંશવૃત્ત ઉપર આવેલાં સ્થળોનો સ્થાનિક દૃષ્ટ-પ્રત્યક્ષ સમય જ સ્ટૅન્ડર્ડ ટાઈમ છે.

વેલાંતર-રેખાંતર સંસ્કાર : વર્ષમાં ચાર દિવસ - ૧૬ એપ્રિલ, ૧૪ જૂન, ૧ સપ્ટેમ્બર અને ૨૬ ડિસેમ્બર - સિવાયના બાકીના બધા દિવસોએ ૮૨$^{\circ}$.૫' રેખાંશવૃત્ત ઉપર આવેલાં સ્થળોના સ્થાનિક દૃષ્ટ સમય (યા છાયાયંત્રનો સમય) અને સ્ટૅન્ડર્ડ ટાઈમ (ઘડિયાળનો સમય) વચ્ચે થોડો ફરક રહે છે, મતલબ કે ઉક્ત ચાર દિવસના દૃષ્ટ સૌર સમયો (**Solar Time**) સિવાયના અન્ય દિવસોના દૃષ્ટ સૌર સમયો સ્ટૅન્ડર્ડ સમયો નથી. અન્ય દિવસોએ સ્ટૅન્ડર્ડ ટાઈમના બાર વાગે છે ત્યારે સૂર્ય ખરેખર મધ્યાહ્નવૃત્ત ઉપર હોતો નથી. એ સહેજ આગળ યા પાછળ રહી ગયો હોય છે. સૂર્યના આ રીતે આગળ-પાછળ રહેવાના સમય-ફરકને વેલાંતર (**Equation of Time**) કહેવામાં આવે છે. સ્ટૅન્ડર્ડ ટાઈમ મેળવવા સૂર્યના દૃષ્ટ સમયમાં વેલાંતર સંસ્કાર આપવા પડે છે અને એ રીતે સ્થાનિક દૃષ્ટ સમય સ્થાનિક નાગરિક સમય (**Mean Solar Time**) બને છે.

૮૨$^{\circ}$.૫' રેખાંશવૃત્ત પરનાં સ્થળો સિવાયનાં અન્ય સ્થળોએ સ્ટૅન્ડર્ડ ટાઈમ મેળવવા ત્યાંના છાયાયંત્રના સમયમાં વેલાંતર સંસ્કાર ઉપરાંત રેખાંતર સંસ્કાર (રેખાંશ ફરક પ્રત્યેનો સમય સંસ્કાર) પણ આપવો પડે છે.

સમય સંસ્કાર બે રીતે આપવામાં આવે છે (૧) વેલાંતર સંસ્કાર અને (૨) રેખાંતર સંસ્કાર. વેલાંતર સંસ્કાર સૂર્ય આધારિત છે, જ્યારે રેખાંતર સંસ્કાર સ્થળોના રેખાંશ-ફરક પર આધારિત છે.

પૃથ્વીનો સૂર્યની પ્રદક્ષિણા કરવાનો માર્ગ વર્તુળાકાર નથી પણ લંબવર્તુળાકાર છે. એ કારણે સૂર્યની અવકાશી યાત્રા હંમેશ માટે એકસરખી ગતિવાળી રહેતી નથી. અવકાશમાં ફરતો દેખાતો સૂર્ય ક્યારેક તેજગતિએ તો ક્યારેક વળી મંદગતિએ ચાલતો જણાય છે. પરિણામ એ આવે છે કે સૂર્ય દ્વારા બનતા બધા દિવસોની લંબાઈ હંમેશ માટે એકસરખી રહેતી નથી.

વેલાંતર

(મધ્યાહ્નનં સમયે ઘડિયાળના સમયમાં પડતો ફેરફાર)

માસ	તા.	ફેરફાર મિનિટ	માસ	તા.	માસ	તા.	ફેરફાર મિનિટ	માસ	તા.
ડિસે.	૨૬	૦	એપ્રિલ	૧૬	સપ્ટે.	૧	૦	ડિસે.	૨૬
,,	૨૭	+ ૧	,,	૧૧	,,	૪	− ૧	,,	૨૪
,,	૨૯	+ ૨	,,	૭	,,	૭	− ૨	,,	૨૨
,,	૩૧	+ ૩	,,	૬	,,	૧૦	− ૩	,,	૨૦
જાન્યુ.	૧	+ ૩	,,	૪	,,	૧૩	− ૪	,,	૧૮
,,	૨	+ ૪	,,	૧	,,	૧૫	− ૫	,,	૧૬
,,	૪	+ ૫	માર્ચ	૨૮	,,	૧૮	− ૬	,,	૧૪
,,	૬	+ ૬	,,	૨૫	,,	૨૧	− ૭	,,	૧૨
,,	૮	+ ૭	,,	૨૨	,,	૨૪	− ૮	,,	૯
,,	૧૧	+ ૮	,,	૧૮	,,	૨૭	− ૯	,,	૭
,,	૧૩	+ ૯	,,	૧૫	,,	૩૦	૧૦	,,	૫
,,	૧૬	+૧૦	,,	૧૧	ઓક્ટો.	૩	−૧૧	,,	૨
,,	૧૯	+૧૧	,,	૭	,,	૬	−૧૨	નવે.	૨૯
,,	૨૨	+૧૨	,,	૨	,,	૧૦	−૧૩	,,	૨૭
,,	૨૬	+૧૩	ફેબ્રુ.	૨૭	,,	૧૩	−૧૪	,,	૨૩
ફેબ્રુ.	૧	+૧૪	,,	૨૩	,,	૧૮	−૧૫	,,	૨૦
,,	૧૧	+૧૪	,,	૧૨	,,	૨૩	−૧૬	,,	૧૪
					નવે.	૪	−૧૬	,,	૫
જૂન	૧૪	૦	સપ્ટે.	૧					
,,	૧૭	+ ૧	ઓગસ્ટ	૩૧					
,,	૨૨	+ ૨	,,	૨૭	એપ્રિલ	૧૬	૦	જૂન	૧૪
,,	૨૯	+ ૩	,,	૨૪	,,	૧૯	− ૧	,,	૧૨
જુલાઈ	૨	+ ૪	,,	૧૯	,,	૨૩	− ૨	,,	૬
,,	૭	+ ૫	,,	૧૫	,,	૨૯	− ૩	મે	૩૧
,,	૧૪	+ ૬	,,	૯	મે	૮	− ૪	,,	૨૨
,,	૨૭	+ ૬	જુલાઈ	૨૮	,,	૧૫	− ૪	,,	૧૬

વર્ષમાં ચાર તારીખે—એપ્રિલ ૧૬, જૂન ૧૪, સપ્ટેમ્બર ૧ અને ડિસેંબર ૨૬ એ વેલાંતર ૦ છે.

નોંધ : + નિશાનીવાળો સમય—ફરક ઉમેરવાનો છે જ્યારે—સંજ્ઞાવાળો ફરક બાદ કરવાનો છે.

દિવસના અસરખાપણામાં મદદરૂપ થનારી એક બીજી બાબત પણ છે કે સૂર્યના વાર્ષિક આકાશીમાર્ગનું (ક્રાન્તિવૃત્ત)-આકાશી વિષુવવૃત્તને સમાંતર ન હોવાની.

ઉપર્યુક્ત બંને બાબતોને કારણે નાતાલ-ક્રિસમસ સમયના દિવસો (અહોરાત્ર)ની લંબાઈ વાર્ષિક સરેરાશ દિવસોની લંબાઈ કરતાં ૩૦ સેકન્ડ જેટલી વધુ થાય છે, જ્યારે સપ્ટેમ્બરના મધ્ય દિવસોની લંબાઈ સરેરાશ દિવસોની લંબાઈ કરતાં ૨૦ સેકન્ડ જેટલી ટૂંકી થઈ જાય છે. આ કારણે સૂર્યના દૈનિક મધ્યાહ્ન સમયમાં પડતી ઘટ ધીરેધીરે વધતી જઈ ૧૪ મિનિટ જેટલી થઈ જાય છે. જ્યારે સૂર્યના મધ્યાહ્ન સમયમાં થતો વધારો ધીરેધીરે વધતો જઈ ૧૬ મિનિટ સુધી પહોંચી જાય છે. વર્ષમાં ઉપર જણાવેલી ચાર તારીખોએ વેલાંતર ૦ હોવાથી મધ્યાહ્ને સ્થાનિક ઘડિયાળો બરાબર બાર વાગ્યાનો સરખો સમય બતાવે છે.

અસમાન ગતિથી અવકાશી યાત્રા કરનારા સૂર્યને કારણે ઉત્પન્ન થતી સમય વિસંગતિ નિવારવા નીચે મુજબની યોજના સ્વીકારાઈ છે. સાચા સૂર્યને બદલે એક એવા સૂર્યની કલ્પના કરવી કે જે ક્રાન્તિવૃત્તને બદલે વિષુવવૃત્ત પર એકસરખી


મધ્યગતિથી આકાશીયાત્રા કરતો હોય એ સાથે એમ પણ વિચારવાનું કે સાચો સૂર્ય અને કલ્પિત મધ્યમ સૂર્ય પોતપોતાની આકાશી યાત્રા એક જ સ્થળેથી એકીસાથે શરૂ કરે છે અને વર્ષ આખરે તે બંને તે જ સ્થળે ફરીથી ભેગા થાય. આ યોજના અનુસાર સાચો સૂર્ય અમુક સમય સુધી મધ્યમ સૂર્યથી આગળ ફરતો દેખાશે તો અમુક સમય સુધી મધ્યમ સૂર્યના હિસાબે પાછળ ફરતો દેખાશે.

ઉપરની બાબત આમ મૂકી શકાય : સાચા સૂર્ય દ્વારા દર્શાવાતો સમય સ્થાનિક દૃષ્ટ સમય છે. જ્યારે મધ્યમ સૂર્ય દ્વારા દર્શાવાતો સમય સ્થાનિક મધ્યમ સમય છે. સૂર્યના દૃષ્ટ સમય અને મધ્યમ સમય વચ્ચેના ફરકને વેલાંતર કહેવામાં આવે છે તે તથા અન્ય વિગતો આપણે ઉપર જોઈ ગયાં. વર્ષ દરમિયાન જુદી જુદી તારીખોએ વેલાંતર કેટલું હશે તેની વિગત નીચેના કોઠામાં આપવામાં આવી છે.

ભારતના સ્ટૅન્ડર્ડ ટાઈમ માટેનું રેખાંશવૃત્ત ૮૨°.૫' અલ્હાબાદ છે. એ વૃત્તની પૂર્વ તેમજ પશ્ચિમે આવેલાં સ્થળો માટે રેખાંતર સંસ્કારનો ઉપયોગ કરવો પડે છે.

આપણું ગુજરાત રાજ્ય સ્ટૅન્ડર્ડ રેખાંશવૃત્તની પશ્ચિમે આવેલું છે એટલે એના કોઈ પણ શહેર કે ગામ માટે જે તે સ્થળનો રેખાંતર સંસ્કાર ઉમેરવાનો રહેશે. આ સંસ્કાર જે તે સ્થળના રેખાંશ ૮૨°.૫'માંથી બાદ કરી મેળવાતા રેખાંશ-ફરકને ૪ વડે ગુણવાથી જે આંકડો આવે તેટલી મિનિટનો છે. અમદાવાદના રેખાંશ ૭૨°.૩૭' છે. ૮૨°.૩૦' – ૭૨°.૩૭' = ૯°.૫૩' આવે એટલે રેખાંતર = ૩૬ મિ. + ૨૧૨ સે. = ૩૯ મિ. ૩૨ સે. થાય. વડોદરાના રેખાંશ ૭૩°.૧૩' છે એ હિસાબે એનો રેખાંતર સંસ્કાર ૩૭મિ. ૮ સે. થાય.

World Times



World standard times at noon greenwich mean time

Accra	Noon	Copenhagen	1.00 p.m.	Ottawa	7.00 a.m
Adelaide	9.30 p.m.	Damascus	2.00 p.m.	Panama	7.00 a.m
Algiers	1.00 p.m.	Darwin	9.30 p.m.	Paris	1.00 a.m
Amman	2.00 p.m.	Delhi	5.30 p.m	Perth	8.00 p.m
Amsterdam	1.00 p.m.	Djakarta	7.00 p.m.	Prague	1.00 p.m.
Ankara	2.00 p.m	Dublin	Noon	Quebec	7.00 a.m.
Athens	2.00 p.m.	Gibraltar	1.00 p.m.	Rangoon	6.30 p.m
Auckland	Midnight	Helsinki	2.00 p.m.	Rawalpindi	5.00 p.m
Baghdad	3.00 p.m.	Hobart	10.00 p.m.	Reykjavik	Noon
Bangkok	7.00 p.m.	Hong Kong	8.00 p.m.	Rio de Janerio	9.00 a.m.
Beijing	8.00 p.m.	Istanbul	2.00 p.m.	Rome	1.00 p.m.
Beirut	2.00 p.m.	Karachi	5.00 p.m.	San Fracisco	4.00 a.m.
Belgrade	1.00 p.m.	Kuala Lumpur	8.00 p.m.	Santiago	8.00 a.m.
Berlin	1.00 p.m.	Lagos	1.00 p.m.	Sofia	2.00 p.m.
Berne	1.00 p.m.	Leningrad	3.00 p.m.	Singapore	8.00 p.m.
Bombay	5.30 p.m.	Lima	7.00 a.m.	Stockholm	1.00 p.m.
Bonn	1.00 p.m.	Lisbon	1.00 p.m.	Sydney	10.00 p.m.
Brisbane	10.00 p.m.	Luxembourg	1.00 p.m.	Tehran	3.30 p.m.
Brussels	1.00 p.m.	Madras	5.30 p.m.	Tokyo	9.00 p.m.
Bucharest	2.00 p.m.	Madrid	1.00 p.m	Toronto	7.00 a.m.
Budapest	1.00 p.m.	Melbourne	10.00 p.m.	Tunis	1.00 p.m.
Buenos Aires	9.00 a.m.	Mexico City	6.00 a.m.	Vancouver	4.00 a.m.
Cairo	2.00 p.m.	Moscow	3.00 p.m.	Vienna	1.00 p.m.
Calcutta	5.30 p.m.	Nairobi	3.00 p.m.	Warsaw	1.00 p.m.
Canberra	10.00 p.m.	New York	7.00 p.m.	Washington	7.00 a.m.
Cape Town	2.00 p.m.	Nicosia	2.00 p.m.	Wellington	Midnight
Chicago	6.00 a.m.	Oslo	1.00 p.m.	Winnipeg	6.00 a.m.


સમય સંસ્કાર સરળ રીતે સમજવા પ્રયત્ન કરીએ. અમદાવાદમાં ખરા મધ્યાહ્ન સમયે સૂર્ય આકાશમાં સૌથી ઊંચે-માથા ઉપર હોય ત્યારે જુદાં જુદાં ઘડિયાળોમાં જોવામાં આવતો સમય :

તારીખ	છાયાયંત્ર (કુદરતી સમય) ક. મિ.	વેલાંતર મિ.	મધ્યમ સ્થા. સમય ક. મિ.	રેખાંતર છૂટક	સ્ટૅન્ડર્ડ ક. મિ.
ફેબ્રુ. ૧૨	૧૨.૦૦	+ ૧૪	૧૨.૧૪	+ ૪૦	૧૨.૫૪
મે ૧૫	૧૨.૦૦	– ૧૪	૧૧.૫૬	+ ૪૦	૧૨.૩૬
જુલાઈ ૨૭	૧૨.૦૦	+ ૬	૧૨.૦૬	+ ૪૦	૧૨.૪૬
નવેમ્બર ૪	૧૨.૦૦	– ૧૬	૧૧.૪૪	+ ૪૦	૧૨.૨૪

ઉપર આપેલા છાયાયંત્રના અને મધ્યમ સ્થાનિક કાળના આંકડા પૃથ્વી પરનાં બધાં જ સ્થળોએ એકસરખા જ રહે છે તેથી તે અમદાવાદ સિવાયનાં બીજાં બધાં જ સ્થળોને લાગુ પડશે, પણ સ્ટૅન્ડર્ડ ટાઈમના આંકડા જુદાં જુદાં સ્થળો માટે જુદા જુદા રહે છે.

ગ્રીનિચ ટાઈમ - આંતરરાષ્ટ્રિય ટાઈમઝોન : આપણે જોઈ ગયા કે પૃથ્વી પોતાની ધરી ઉપર ફરતાં ૨૪ કલાકમાં એક આંટો પૂરો કરે છે. એટલે ૧ કલાકમાં ૧૫° રેખાંશ જેટલું અંતર કાપે છે. પૃથ્વીના એકંદરે ૩૬૦° રેખાંશને ગ્રીનિચની (**Town Near London**) ૦°ની મધ્ય રેખાંશ રેખાને (**Prime Meridian**) મધ્યબિંદુ અનુલક્ષીને તેની પૂર્વ અને પશ્ચિમ બંને તરફના

૧૮૦° રેખાંશ આવરી લેતા પ્રદેશના બે વિભાગ પાડવામાં આવ્યા છે અને તે દરેક વિભાગને ૧૫°ના ૧૨ એવા ૨૪ ટાઈમ ઝોનમાં વહેંચવાની યોજના આંતરરાષ્ટ્રિય વ્યવહારના નિયમન અને સુગમતા માટે અમલમાં મૂકવામાં આવી છે.



દરેક ૧૫° રેખાંશને મધ્ય રેખાંશ ગણી તેની આજુબાજુના ૭°.૩૦' રેખાંશના વિભાગને એક જ ટાઈમ-ઝોન-વિભાગ સમજીને જે તે વિભાગના મધ્યરેખાંશનો જે સ્થાનિક સમય હોય તે આખા વિભાગનો સ્ટૅન્ડર્ડ ટાઈમ ગણવાનું નક્કી કરાયું છે. દા.ત. ગ્રીનિચમાં જે મધ્યમ સ્થાનિક સમય (**Greenwich Mean Time**) હોય તે જ સમય ગ્રીનિચની પૂર્વ તથા પશ્ચિમ બંને તરફના ૭°.૩૦' વિભાગમાં એટલે કે એકંદરે ૧૫° રેખાંશના વિભાગનો સ્ટૅન્ડર્ડ સમય ગણાય. દરેક ટાઈમ ઝોનના રેખાંશની ગણતરી ૭°.૩૦' થી ૨૨°.૩૦', ૨૨°.૩૦' થી ૩૭°.૩૦', ૩૭°.૩૦' થી ૫૨°.૩૦' એ પ્રમાણે આગળ એવી રીતે કરવામાં આવી છે.

પૃથ્વી પર કેટલાંક રાષ્ટ્રો-પ્રદેશો એવાં છે કે જેમના રેખાંશનો એક વિભાગમાં સમાવેશ ન થતો હોય અથવા તો ઉપર પ્રમાણે વિભાગ કરવાથી કોઈ એક વિભાગની મધ્યમાં તે રાષ્ટ્રની સરહદની શરૂઆત થઈ બીજા રાષ્ટ્ર-પ્રદેશની મધ્ય રેખાંશ રેખાની ગણતરી એવી રીતે નક્કી કરવામાં આવે છે કે જેથી ગ્રીનિચના સમયથી ગણતાં કલાક કે અર્ધાકલાકના તફાવતમાં તેનો સમય મળી રહે છે.

ગ્રીનિચની પૂર્વ તેમજ પશ્ચિમ તરફના દરેક ટાઈમઝોનનો સમય તેનાથી કલાક આગળ-પાછળ રહે છે. તે આંતરરાષ્ટ્રિય ટાઈમઝોન અથવા અન્ય નકશાઓમાં + (વત્તા) અગર – (ઓછા) એવી સંજ્ઞાઓ અથવા ઘડિયાળના પ્રતીક દ્વારા દર્શાવવામાં આવે છે, જેથી દરેક દેશનો સ્ટૅન્ડર્ડ ટાઈમ સહેલાઈથી જાણી શકાય. દા.ત. ભારત આગળ +૫.૩૦ કલાક દર્શાવાય છે જેથી સહેલાઈથી જાણી શકાય કે ભારતનો સ્ટૅન્ડર્ડ ટાઈમ ગ્રીનિચના સમય કરતાં એટલા કલાક આગળ છે.

આંતરરાષ્ટ્રિય તારીખરેખા : વધુમાં આ યોજના પ્રમાણે ૧૨મા ૧૮૦°ના ટાઈમ ઝોનની મધ્ય રેખાંશ રેખાને મળતી રેખાને આંતરરાષ્ટ્રિય તારીખરેખા (**International Date Line**) તરીકે માન્ય રાખવામાં આવી છે. આ તારીખ-રેખાની પૂર્વ તરફથી પશ્ચિમ બાજુ જતાં અને પશ્ચિમથી પૂર્વ બાજુ જતા કેલૅન્ડરની તારીખમાં અનુક્રમે ૧ દિવસનો વધારો અને ૧ દિવસનો ઘટાડો કરવો પડે છે. મતલબ કે અહીંથી તારીખ બદલાઈ જાય છે. આ રેખા સીધી ન જતાં વાંકીચૂંકી (**zigzag**) જાય છે જેથી તેની નજીકના પ્રદેશોને બદલાતી તારીખના ફેરફારથી કોઈ ગૂંચવાડો ઊભો ન થવા પામે.

ગ્રીનિચનો મધ્યમ સ્થાનિક સમય (**GMT**) બ્રિટનમાં ૧૮૮૦માં જ્યારે રેલવે વ્યવહાર શરૂ થયો ત્યારથી થયો હતો. ત્યાર બાદ આંતરરાષ્ટ્રિય વ્યવહારની સુગમતા માટે તે સમય સારાયે વિશ્વના સરળ વ્યવહાર માટે ૧૮૮૪માં અપનાવવામાં આવ્યો હતો, જે હવે યુનિવર્સલ ટાઈમ (**Universal Time**) તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં સ્ટૅન્ડર્ડ ટાઈમની યોજના ૧૯૦૬માં અમલમાં મૂકવામાં આવી હતી.

સાંપાતિક કાળ : સાંપાતિક કાળ અન્ય કાળની માફક સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરે ઉપર આધાર રાખતો નથી. સાંપાતિક કાળ (**Side-Real Time**)ને નાક્ષત્રકાળ કે વિષુવકાળ પણ કહેવામાં આવે છે, જે સંપાતથી શરૂ થતો કાળ છે. અમુક તારાના બે ગાળાના સમય ઉપરથી ઘણું કરીને વસંત-સંપાત (**Vernal Equinox**)ના યામોત્તર (**Meridian**) વૃત્ત ઉપર દરરોજ આવવાના સમયને આધારે ગણવામાં આવે છે. આ વખતે સાંપાતિક કાળ ૦ક. ૦મિ. ૦સે. ગણવામાં આવે છે. અને ત્યારથી માંડીને ફરીને બીજા દિવસે પાછો એના એ જ સ્થળે આવે ત્યાં સુધી સાંપાતિક કાળ (સાંપાતિક ઘડિયાળ પ્રમાણે ૨૪ ક. ગણવામાં આવે છે જે આપણા ચાલુ ઘડિયાળના ૨૩ ક. ૫૬મિ. ૪.૦૯૧ સે. બરાબર થાય છે, કારણ કે આટલા સમયમાં પૃથ્વી પોતાની ધરી ઉપર એક આંટો ફરે છે. સાંપાતિક કાળ મધ્યમકાળમાં દૈનિક અપાય છે.

ખગોળશાસ્ત્રીઓ માટે સાંપાતિક કાળ બીજા પ્રકારના કાળ કરતાં વધારે ઉપયોગી છે તેથી વેધશાળાઓમાં સામાન્ય ઘડિયાળો ઉપરાંત સાંપાતિક ઘડિયાળ ખાસ રાખવામાં આવે છે.

સમયના અટપટા ગણિતને ઉદાહરણથી સમજવું સરળ પડશે.

૧. ભારતના સ્ટૅન્ડર્ડ ટાઈમ પ્રમાણે અમદાવાદમાં સાંજના ૪-૦૦ વાગ્યા હોય તો ગ્રીનિચ ટાઈમ શું હશે?

(અનુસંધાન પૃષ્ઠ ૭૭૭ ઉપર)

પુરાતત્ત્વક્ષેત્રે સંશોધનની નવી ક્ષિતિજો

વાય. એમ. ચીતલવાલા

પુરાતત્ત્વક્ષેત્રે છેલ્લાં પચાસ વર્ષોમાં ઘણું કામ થયેલું છે. ગુજરાતમાં, ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્રમાં અનેક ક્ષેત્રીય કાર્યક્રમો હાથ ધરાયા છે, જેમાં હરપ્પીય ટિંબાઓના ઉત્ખનન પ્રમુખ છે. ઉત્ખનનોમાંથી ઉપલબ્ધ માહિતી પ્રચુર પ્રમાણમાં એકઠી કરાઈ છે પણ થવું જોઈએ તે પ્રકારનું વિશ્લેષણ હાથ ધરાયું નથી. જે કાર્ય થયું છે તે અધકચરું કે પછી નિમ્ન કક્ષાનું છે. આવી પરિસ્થિતિમાં ઉપલબ્ધ પુરાવાઓને આધાર બનાવી સંશોધનની નવી રૂપરેખા તૈયાર થઈ શકે, જે સંસ્કૃતિઓના વિકાસ પર મહત્ત્વનો પ્રકાશ નાખનારી બને અને એ રીતે આપણી આરંભિક સભ્યતાની ખૂટતી કડીઓને જોડવાનું સહેલું બને.

પ્રથમ, હરપ્પીય સભ્યતાની કેટલીક વિશિષ્ટતાઓ વિશે વિચારીએ તો જણાશે કે કચ્છમાં મળતા અવશેષો દક્ષિણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી મળતા અવશેષોથી ભિન્ન છે. અલબત્ત, લોથલ, ગોલાઢોળા, નગવાડામાંથી પરિપક્વ હરપ્પા-કાલીન અવશેષો મળે છે. અન્ય હરપ્પીય સ્થળો જેવાં કે, રોઝડી, કુંતાસી, રંગપુર, ઓરિયો ટિંબો, તરઘડા વગેરેમાંથી જે અવશેષો મળ્યા છે તે કંઈક અંશે ભિન્ન સ્વરૂપના છે અને મૂળ સિંધ કે કચ્છના હરપ્પીય અવશેષોથી જુદા પડે છે. છતાં આ ટિંબાઓમાંથી મળતી સંસ્કૃતિમાં હરપ્પીય અંશો રહેલા છે તે બાબતનું મહત્ત્વ ઓછું નથી, જેથી હરપ્પીય સંસ્કૃતિને યોગ્ય રીતે મૂલવવાનું આવશ્યક બન્યું છે. આ સંદર્ભમાં, સૌરાષ્ટ્રમાં એક જ સમયે બે પ્રકારની સંસ્કૃતિઓના ટિંબાનું અસ્તિત્વ નોંધાયું છે. એક, મૂળ હરપ્પીય સંસ્કૃતિનાં ગામો અને બીજા હરપ્પામિશ્રિત સંસ્કૃતિનાં ગામો, જેમાં રાજકોટ જિલ્લામાં માળિયા તાલુકામાં આવેલ ગોલાઢોળા મૂળ હરપ્પીય સ્થળ છે તો કુંતાસી મિશ્ર સંસ્કૃતિનું સ્થળ ગણાય છે. આ પ્રકારના સાંસ્કૃતિક તફાવતનું યોગ્ય વિશ્લેષણ થયું નથી કે તે પાછળનાં પ્રેરક કારણોને ઓળખી કઢાયાં નથી. ભવિષ્યના કોઈ પણ સંશોધનમાં નીચેની ત્રણ બાબતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું પડે તેમ છે : (૧) હરપ્પીય સભ્યતાના આગમન પહેલાં સૌરાષ્ટ્ર-કચ્છમાં કોઈ પ્રાગ્હરપ્પીય સંસ્કૃતિનું અસ્તિત્વ હતું કે કેમ? (૨) સમયાંકનના ક્યા તબક્કા પર શુદ્ધ હરપ્પીય સંસ્કૃતિનું આ વિસ્તારમાં આગમન થયું? (૩) સમયના ક્યા બિંદુ પર મૂળભૂત દેશી સંસ્કૃતિ અને હરપ્પીય સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાન થયું અને તેનો પ્રકાર.

જ્યાં સુધી સૌરાષ્ટ્રમાં પ્રાગ્હરપ્પીય સંસ્કૃતિઓનો પ્રશ્ન છે, જુદાં જુદાં સ્થળોએથી આ પ્રકારની સંસ્કૃતિના પુરાવા પ્રાપ્ત થયા છે. સૌરાષ્ટ્રમાં રોઝડી, લોથલ, રંગપુર વગેરે-માંથી લાલ અબરખી છાંટવાળાં ઠીકરાં અગાઉ મળ્યાં હતાં પણ તે વિશે વધુ જાણી શકાયું નથી. તદુપરાંત પાદરી, નગવાડા અને ગોલાઢોળાના નીચેના સ્તરોમાંથી અણઘડ વાસણોના ટુકડાઓ મળેલ છે જે સૌરાષ્ટ્રની આદિમ સંસ્કૃતિ હોઈ શકે. જો કે તેને વિદ્વાનોએ જુદાં જુદાં નામો આપેલાં છે; જેમ કે પાદરી સંસ્કૃતિ (ડૉ. વસંત સિંદે) અને અનર્ત સંસ્કૃતિ (ડૉ. સોનવણે). પ્રભાસમાંથી રાખોડી રંગનાં માટીનાં વાસણો નીચેનાં સ્થળોમાંથી મળેલાં અને તેનું સમયાંકન ઈ.સ. પૂર્વે ૨૮૦૦ જેટલું આંકવામાં આવેલું. પ્રભાસ-ઉત્ખનન સમયે આ ગાળો વધુ પ્રાચીન લાગેલો અને તેથી તેના પર યોગ્ય ધ્યાન અપાયું ન હતું. પણ સોનવણે (ગોલાઢોળા) અને સિંદે (પાદરી)ના પ્રાગ્હરપ્પીય આવશેષો અંગેનાં સંશોધન બતાવે છે કે વિકસિત ગ્રામીણ સંસ્કૃતિનો પ્રથમ તબક્કો સૌરાષ્ટ્રમાં ઈ.સ. પૂર્વે ૩૦૦૦-૨૮૦૦ના સમય દરમિયાન અસ્તિત્વમાં હતો. આ ગાળા દરમિયાન અંતાઅશ્મયુગીન સંસ્કૃતિઓ પણ હયાત હતી, જેનો જીવનનિર્વાહ શિકાર અને ખાવાના ઉપયોગમાં આવે તેવાં ફળ-ફળાદિ એકઠાં કરવા પર નિર્ભર હતો. અંતાઅશ્મયુગીન લોકોના સંબંધો પ્રથમ ગ્રામીણ સંસ્કૃતિનાં લોકો અને પછી હરપ્પીય સંસ્કૃતિનાં લોકો સાથે બંધાયા હતા. તેવું પ્રવર્તમાન પુરાવાના આધારે જણાય છે. કચ્છમાં પ્રાગ્હરપ્પીય સંસ્કૃતિ કદાચ કોટડીજી અને આમરિની સમકક્ષ અને સરખા સમયાંકનની જણાય છે. આ સંસ્કૃતિમાં લાલ રંગનાં વાસણો પર સફેદ રંગનું રેખાંકન ધ્યાનાકર્ષક છે. આ પ્રકારની સંસ્કૃતિના અવશેષો ધોળાવીરા અને સુરકોટડાના નીચેના સ્તરોમાંથી મળી આવે છે, જો કે આ અંગે વિસ્તૃત સંશોધન હાથ ધરવાનું બાકી છે. પરિણામે કચ્છમાં સિંધની સીધી અસર પ્રાગ્ હરપ્પાકાળથી પ્રવર્તમાન હતી જે અનુહરપ્પા કાળમાં પણ અકબંધ રહી (ઝુખર સંસ્કૃતિ). આ સંદર્ભમાં નોંધપાત્ર હકીકત એ છે કે પ્રાગ્ હરપ્પીય આમરિ સંસ્કૃતિનાં વાસણો નગવાડામાંથી પણ મળી આવ્યાં છે. ઉત્તર સૌરાષ્ટ્રનો વિસ્તાર કચ્છથી નજીક હોઈ સિંધનો પ્રભાવ આ વિસ્તાર સુધી વિસ્તર્યો હોવાનું કહી

શકાય. આ સંસ્કૃતિઓ પણ સમયાંકનની દૃષ્ટિએ ઈ.સ. પૂર્વે ૩૦૦૦ થી ૨૮૦૦ની આસપાસની છે. એ રીતે પ્રાગ્ હરપ્પાકાલીન સંસ્કૃતિઓ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભિન્ન પ્રકારની હોવા છતાં સમકાલીન હતી તે નોંધનીય છે.

ઉત્તર સૌરાષ્ટ્રમાં પરિપક્વકાલીન હરપ્પીય વસાહત મળી આવે છે જેમાં નગવાડા, ગોલાઢોળા અને નાગેશ્વર પ્રમુખ છે. તે પછીની વસાહતો મૂળ સૌરાષ્ટ્રીય હરપ્પીય છે, જેનાં સાંસ્કૃતિક સ્વરૂપમાં ભિન્નતા નજરે પડે છે. આ વસાહતોમાં પ્રાદેશિક અને હરપ્પીય અંશોનું સંમિશ્રણ થયું હોવાના નિર્દેશ મળે છે. સમયાંકનની દૃષ્ટિએ મૂળ સિંધી પ્રકારની વસાહતો અને સૌરાષ્ટ્રની દેશી વસાહતોમાં કોઈ મોટો તફાવત નથી જેથી મિશ્ર અંશો કદાચ પ્રાગ્હરપ્પીયકાળથી જ અસ્તિત્વમાં આવ્યા અને વિકસિત થયા હશે તેવું જણાય છે. આ સંબંધમાં ઈ.સ. પૂર્વે ૨૫૦૦નો ગાળો મહત્ત્વનો ગણાય, જ્યારે સિંધુ સભ્યતાની વસાહતો કચ્છ-સૌરાષ્ટ્રમાં પ્રથમ અસ્તિત્વમાં આવી. આર્થિક દૃષ્ટિએ જોઈએ તો પ્રથમ હરોળની પરિપક્વકાલીન વસાહતો દરિયાપારના વેપાર પર નભતી અને એ કારણને લઈને આ વસાહતો કચ્છના અખાતના કાંઠે આવેલી છે. સાથે સૌરાષ્ટ્રની મિશ્ર અસરવાળી વસાહતો જેવી કે કુંતાસી, પાદરી, નાગેશ્રી અને બેટદ્વારકા પણ એક સમયે બંદરીય વસાહતો હશે અને તે પણ પરદેશ સાથેના વેપારમાં વ્યસ્ત હતી. સૌરાષ્ટ્રના અંદરના ભાગનાં નાનાં ગામો કે નેસો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલાં હતાં, જેમાં રોઝડી, તરઘડા, રંગપુર અને ઓરિયો ટિંબો પ્રમુખ હતા.

કચ્છમાં રાપર તાલુકામાં સુવઈ પાસે આવેલ પાબુમઠ રણકાંધી પરની પરિપક્વકાલીન વસાહત છે. શંખ અને તાંબા-કાંસાની વસ્તુઓ જેવી કે બંગડી, વીંટી, છરી કે કટાર, માછલી પકડવા માટેનો ગલ વગેરે અહીંઆં બનાવાતા પણ આ વસાહત ધોળાવીરા સાથે વ્યાપારિક સ્તરે જોડાયેલી હશે તેવું જણાય છે. ધોળાવીરાથી નિકાસ થતી વસ્તુઓમાંથી થોડીક કદાચ પાબુમઠ પૂરી પાડતું હશે. એટલે આંતરિક અને આંતર-રાષ્ટ્રિય વ્યાપારિક શ્રૃંખલામાં પાબુમઠ એક મહત્ત્વની કડી સમાન બંદરીય વસાહત હોઈ શકે. તે સમયે કચ્છનું રણ અરબી સમુદ્રના ભાગરૂપે હશે તે શક્યતા પણ ઘણા વિજ્ઞાનીઓએ તપાસી છે અને પુરાતત્ત્વવિદો પણ આ અંગે સહમત છે. ધોળાવીરાનો વેપાર મધ્ય પૂર્વના દેશો જેવા કે બેહરિન, ઓમાન અને સુમેર સાથે હોવાના પુરાવા ઉપલબ્ધ બન્યા છે. સાથે મેસોપોટેમિયા (પ્રાચીન ઈરાક) સાથેના વ્યાપારિક સંબંધો અંગે પણ કેટલીક નવી માહિતી ઉપલબ્ધ બની છે. ઈરાકમાંથી મળેલી પકવેલી માટીની સ્લેટો પર વેપાર સંબંધી હિસાબોના અહેવાલમાં પૂર્વના ત્રણ દેશોનો ઉલ્લેખ આવે છે જેમાં દિલમુન, માગન અને મેલુહહાનો સમાવેશ થાય છે. મેલુહહાથી તે સમયે આયાત થતી ચીજોમાં ઈમારતી લાકડું, અકીકના મણકા અને સુંદર પક્ષી(મોર)નો ઉલ્લેખ છે. આપણે જાણીએ છીએ કે મોર અને અકીક બંને ગુજરાતમાં જોવા મળે છે. એટલે ઘણા વિદ્વાનો માને છે કે પશ્ચિમ ભારત જેમાં સિંધ, કચ્છ અને સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે તેનું પ્રાચીન નામ મેલુહહા હતું કે પછી ફક્ત સૌરાષ્ટ્રનું નામ મેલુહહા હતું. આ વ્યાપાર અક્કડના રાજા સારગોન (ઈ.સ. પૂર્વે ૨૩૦૦)ના સમયમાં ખૂબ જ ઘનિષ્ઠ હતો. પણ એક વાત નિશ્ચિત છે કે ધોળાવીરા જેવી બંદરીય વસાહતો મધ્ય પૂર્વના દેશો જોડે વ્યાપારી ધોરણે સંકળાયેલી હતી. ધોળાવીરાનું વિસ્તૃત શહેર જુદા જુદા એકમોમાં વહેંચાયેલું છે જે આજના શુષ્ક વાતાવરણમાં કયા સંજોગોને લઈને વસ્યું હતું અથવા છેલ્લાં પાંચ હજાર વર્ષોના ધરખમ ભૌગોલિક ફેરફાર થયેલા છે તે જાણકારી મેળવવાને કોઈ પણ સંશોધનોમાં પ્રાથમિકતા આપવી જોઈએ. આ જ પ્રશ્ન સાથે ધોળાવીરાનો આર્થિક ઢાંચો, રાજકીય અને સામાજિક વ્યવસ્થા સંકળાયેલાં છે. ઉદાહરણરૂપે ધોળાવીરાના આર્થિક વ્યવહારમાં દરિયાપારના વ્યાપારની શું ભૂમિકા હતી તે જાણવું અત્યંત મહત્ત્વનું છે. આ વ્યાપારનું નિયંત્રણ કોના હાથમાં હતું તે હકીકત પ્રવર્તમાન રાજકીય વ્યવસ્થા પર સારો પ્રકાશ ફેંકી શકશે. લોકોનું વિભાજન વર્ણપ્રથા કે આર્થિક સ્તરના આધારે થયલું તે જાણી શકાય. ટૂંકમાં, કોઈ પણ વિસ્તૃત શહેરી વસાહતના ઉત્ખનન પહેલા ક્યા પ્રકારનાં ઐતિહાસિક પ્રશ્નો અને સમસ્યાઓના ઉત્તર મેળવવાના છે તે પર ઘનિષ્ઠ વિચારણા અત્યંત આવશ્યક બને છે. જો ઉત્ખનન દ્વારા નવું કશું જાણી ન શકાય તો તે ઉત્ખનન નિષ્ફળ ગણાવાં જોઈએ. એટલે સારી રીતે ઉત્ખનન થાય તે હવે પૂરતું નથી, પણ યોગ્ય ઐતિહાસિક પરિપેક્ષ્યમાં ઉત્ખનન થાય તે મહત્ત્વનું છે. ❐

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ટૉમસ કાર્લાઈલ

ઓગણીસમી સદીમાં ઈંગ્લન્ડ ભૌતિક વિકાસ અને યંત્રોદ્યોગથી ધમધમતું બની રહ્યું હતું. કારખાનાંની વધતી જતી સંખ્યાથી ગામડાંનાં લોકો શહેર તરફ ધસતાં હતાં અને સામાજિક પરિવર્તનોની આબોહવા ઠેરઠેર હતી. મૅકોલે જેવાં અનેક સમર્થ લેખકો આ વિકસી રહેલા ભૌતિકવાદના પુરસ્કર્તા હતા. અલબત્ત, ભૌતિકવાદ તેમજ યંત્રવિકાસને કારણે સામાજિક, આર્થિક, રાજકીય સમસ્યાઓ પણ ઉદ્‌ભવી હતી. નાનો પણ સમજદાર વર્ગ આ સમસ્યાઓ પરત્વે ચિંતિત હતો.



કલાવાર્તામાં વિસ્લરનો પરિચય આપ્યો છે તે કલાકારે કરેલું કાર્લાઇલનું પોર્ટ્રેટ

દેશમાં નવી, તાજી આબોહવામાંથી એક સમૃદ્ધ મધ્યમવર્ગ ઊભો થયો હતો અને પાર્લમેન્ટમાં તેમનો અવાજ પહોંચતો હતો. ઈ. ૧૮૩૨માં રિફોર્મ બિલ પાર્લમેન્ટે પસાર કર્યું - કરવું પડ્યું અને નવા મધ્યમવર્ગને મતાધિકાર મળ્યો. એ જ ત્રીસીમાં 'ચાર્ટિસ્ટ મુવમેન્ટ' પણ કટકે કટકે દસ વર્ષ જેટલી ચાલી. તેમાં પુરુષોને સાર્વત્રિક મતાધિકાર, મતપત્ર દ્વારા મત, મતદારો માટે મિલકત અંગેના નિયમનની નાબૂદી વગેરે માગણીઓ હતી.

આ બધાં આંદોલનોના પરિણામે ઈ. ૧૮૬૭ના રિફોર્મ બિલથી કામદારવર્ગને પણ મતાધિકાર આપવામાં આવ્યો અને છેવટે ઈ. ૧૮૮૪માં તમામ પુખ્તવયના પુરુષો સુધી મતાધિકાર પહોંચી ગયો.

એ સમયે પાર્લમેન્ટમાં બે મુખ્ય પક્ષો. વ્હિગ અને ટોરી. વ્હિગ પક્ષ ઉદારમતવાદી અને ટોરીપક્ષ રૂઢિચુસ્ત મનાતો હતો.

વ્હિગપક્ષનો ઉદારમતવાદ એવી માન્યતા ધરાવતો હતો કે વ્યક્તિ પર સરકારનું બિનજરૂરી નિયંત્રણ કે ભારણ ન હોવું જોઈએ. વ્યક્તિને જેટલું ભારણ ઓછું હશે તેટલું તેનું સર્વક્ષેત્રોમાં સામર્થ્ય વધશે અને દેશ માટે તે લાભદાયી નીવડશે. આર્થિક ક્ષેત્રમાં તો વ્યક્તિ-સ્વાતંત્ર્ય અંગેનો દૃષ્ટિકોણ આદમ સ્મિથે એના 'વેલ્થ ઑવ્ નૅશન્સ' પુસ્તકમાં પ્રકટ કરી દીધો હતો. અલબત્ત, વ્યાપાર-જગતમાં નિયંત્રણો હતાં અને પીલે ઈ. ૧૮૪૬માં કોર્ન લૉઝ નાબૂદ કર્યા ત્યાં સુધી તે નિયંત્રણો રહ્યાં. પણ એથીયે વિશેષ બાબત તો એ હતી કે માત્ર વ્યાપાર-જગતમાં જ નહીં, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં - રાજકીય, ધાર્મિક આદિમાં - વ્યક્તિને પૂરું સ્વાતંત્ર્ય મળવું જોઈએ એવો પોગામ જેમ્સ મિલે અને જેરેમી બેન્થામે આપ્યા અને એ અંગે પાર્લમેન્ટે કાયદાઓ ઘડીને વ્યક્તિને મુક્ત વાતાવરણ રચી આપવા માંડ્યું. રાણી ઈલિઝાબેથના યુગમાં જેમ ઈંગ્લન્ડનું સુવર્ણ પ્રભાત ઊગ્યું હતું અને સમગ્ર દેશમાં આત્મવિશ્વાસની, ભૌતિક વિકાસ માટેની ઝલક વર્તાવા લાગી હતી, તેમ વિક્ટોરિયન યુગમાં અલબત્ત નવી રીતે વ્યક્તિ સ્વાતંત્ર્યની રાજકીય-સામાજિક સુધારણાની, ભૌતિક વિકાસની, છાલક પ્રજાનાં હૈયાંમાં ઊછળતી હતી. એક રીતે કહીએ તો સમસ્ત પ્રજાની યંત્રવિકાસ દ્વારા, વ્યાપારવૃદ્ધિ દ્વારા ધન અને સત્તાપ્રાપ્તિ તરફ આંધળી દોટ હતી.

આવી આબોહવામાં મૅકોલે કરતાં એક સાવ જુદો, ભૌતિકવાદ પ્રત્યે વિરોધનો બુલંદ નાદ પ્રકટ થયો - એ નાદ હતો ટૉમસ કાર્લાઈલનો.

એનો જન્મ સ્કોટલૅન્ડમાં એક અગ્રણી કડિયાકામ કરનારાને ત્યાં ઈ. ૧૭૯૫માં થયો. ગામડામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી એ ચૌદ વર્ષની વયે ઍડિનબર્ગ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે જોડાયો. એનાં માતા-પિતાની ઈચ્છા એને દેવળમાં પાદરી બનાવવાની હતી પણ એનો રસ એ વ્યવસાયમાં નહિ, ગણિતશાસ્ત્રમાં હતો. ઈ. ૧૮૧૪માં કશી ઉપાધિ મેળવ્યા વિના જ તેણે એ યુનિવર્સિટીને અલવિદા કરી, અને સ્કૂલમાં ગણિતના શિક્ષક તરીકે કામગીરી શરૂ કરી. પણ ત્યાંય એનો જીવ કૉળ્યો નહિ. સ્કૂલમાં માસ્તરગીરી કરવા કરતાં તો મરવું સારું એવા કંટાળા સાથે તેણે એ વ્યવસાય છોડ્યો.

વળી પાછો એ કાયદો ભણવા એડિનબર્ગ યુનિવર્સિટીમાં જોડાયો પણ ફરી એ જ નિષ્ફળતા.

એ અરસામાં કોઈ વિશ્વકોશમાં લેખો લખવાની તેને તક મળી તેમાંથી સાહિત્ય પ્રત્યે તેને અભિરુચિ થઈ. એણે જર્મન-ભાષા શીખવા માંડી અને જર્મનના કલાકાર-ફિલસૂફ ગથેનો એ નિષ્ઠાવાન શિષ્ય-ભક્ત બન્યો. ગથે કલાકાર હતો અને કલા પ્રત્યે કાર્લાઈલને અરુચિ અથવા તો નફરત હતી; પણ ફિલસૂફ ગથેએ તેને આકર્ષ્યો અને એની જીવનદૃષ્ટિ ઘડવામાં જર્મન તત્ત્વચિંતનનો ફાળો મુખ્ય બની રહ્યો. જર્મન ફિલસૂફીનો અંતઃસ્ફુરણા દ્વારા જ્ઞાનનો સિદ્ધાંત તેના અંતરમાં પ્રસ્થાપિત થઈ ગયો. એ સિદ્ધાંત તીવ્ર આસવરૂપ હતો, પણ કાર્લાઈલના વિષાદગ્રસ્ત ચિત્તને માફક આવી ગયો. અભ્યાસકાળ દરમ્યાન એ સંશયાત્મા હતો. એને ધ્રુવપદ સાંપડ્યું નહોતું. એ માટે એની ઝંખના હતી, શોધ હતી. અઢારમી સદીના ચિંતકોના ગ્રંથોના પરિશીલને અને ઈતિહાસગ્રંથોએ તેને દ્વિધાગ્રસ્ત કરી મૂક્યો હતો.

અલબત્ત, એનું વાચન વિશાળ હતું અને એ વિશાળ વાચનનો લાભ તેણે ઈંગ્લન્ડના ઈ. ૧૮૦૨માં સ્થપાયેલા ઍડિનબર્ગ રિવ્યૂને પણ લેખોરૂપે આપ્યો હતો અને એ સામાજિક સ્કૉટલૅન્ડની સરહદો સુધી પહોંચી શક્યું હતું.

પણ જર્મન ફિલસૂફી સાથે તેનું ચિત્ત ઓતપ્રોત થયા પછી

ફિલસૂફી એ જ તેનાં લખાણોમાં પ્રકટ થવા માંડી. જર્મનના સાહિત્ય-વિચારનો એ સમયમાં યુરોપના દેશોના સાહિત્ય ઉપર ખાસ્સો પ્રભાવ હતો. કાર્લાઈલની 'લાઈફ ઑવ્ શિલર' લંડનના મેગેઝીનમાં ઈ. ૧૮૨૩-૨૪ના સમયગાળામાં પ્રકટ થતી હતી અને ગથેનું આકર્ષણ તો એના ચિત્તનો એવો કબજો લઈ બેઠેલું હતું કે ગથેની જ એક વિશ્વવિખ્યાત નવલકથા વિલ્હેમ મેઈસ્ટર્સ એપ્રેન્ટિસશિપનો અનુવાદ તેણે ઈ. ૧૮૨૪માં પ્રકટ કર્યો એ પછીના વર્ષમાં 'લાઈફ ઓવ્ શિલર' પુસ્તકરૂપે પ્રકટ થઈ.

કાર્લાઈલને સમજાયું કે એના વિચારોના પ્રત્યાર્પણ માટે ઈંગ્લન્ડ ખાસ અનુકૂળ પડે તેમ છે. એને મોટું શહેર-રાજધાની ભૂમિકારૂપે જરૂરી લાગી. ત્યાં એને વિશાળ જનસમુદાય સાથે સંપર્કનો મોકો મળી શકે તેમ હતો. આ બધો વિચાર કરીને તેણે ઈ. ૧૮૩૪થી ઈંગ્લન્ડમાં નિવાસ કર્યો.

એ ઈંગ્લન્ડમાં વસ્યો તેના એક વર્ષ પહેલાં તેણે ફ્રાસર્સ મેગેઝીનમાં એની એક વિલક્ષણ, દુર્બોધ કહી શકાય તેવી નવલકથા ધારાવહી રૂપે પ્રકટ કરવા માંડી હતી. એ નવલકથા તે 'સાર્ટર રિસાર્ટસ'.

એ 'ધ ટેલર રિટેલર્ડ'નું શીર્ષક પણ ધરાવે છે. એમાં એક જર્મની દેશનું મુખ્ય પાત્ર અને દુભાષિયા તરીકે એક અંગ્રેજી પત્રકાર-તંત્રી છે. જર્મન પાત્ર સિદ્ધાંતશોધક છે. કાર્લાઈલની વર્ષો પહેલાંની એક અભિલાષા હતી કે એક એવી નવલકથા તીક્ષ્ણ, કટાક્ષભર ભાષામાં લખવી અને એ દ્વારા પોતાની ફિલસૂફીનાં જે મુખ્ય તત્ત્વ છે - શક્તિ, સચ્ચાઈ અને કર્તવ્ય- તેને આવિસ્કૃત કરવાં.

'સાર્ટર રિસાર્ટસ'માં એણે વસ્ત્રના તત્ત્વજ્ઞાનને ભૂમિકારૂપે લઈને ચિંતનાત્મક વાર્તાલાપ એ અભિલાષા પાર પાડી છે. વસ્ત્રો વિશેની તેની અભ્યાસપૂર્ણ ચિંતનાત્મકતા ધ્યાનપાત્ર છે.

કાર્લાઈલનું એક પાત્ર કે જે અંગ્રેજ તંત્રી છે તે આ નવલકથાનું - તેમાં રજૂ થયેલ ફિલસૂફીનું અર્થઘટન કરે છે, આયોજન સમજાવે છે. એમાંના બે અસ્પષ્ટ કહી શકાય તેવા વિભાગો, ખંડો અને પેટાવિભાગોનાં વર્ણન કરે છે. પણ એ બધાં વિભાગ-પેટાવિભાગ વગેરે એવાં ગૂંચવણ પેદા કરે તેવા એકબીજાને આંતરતા, એકબીજામાં પ્રવેશી જતા હોય તે પદ્ધતિએ રચાયા છે. એમાં જર્મની સાથે અંગ્રેજી ભાષાનું મિશ્રણ પુરોગામી લેખકોનું સાહિત્ય વગેરેનું અટપટું સંયોજન છે. કાર્લાઈલનાં તમામ લખાણોની જેમ અહીં પણ શૈલી, વિવિધ તત્ત્વોના મિશ્રણની અને પરસ્પર એકરૂપ થઈ જવાની છે.

કેટલાકને 'સાર્ટર રિસાર્ટસ'માં બાજીની રમત પણ જણાઈ છે. પણ ખરેખર તો એમાં દેખીતી રમતની પાછળ એક ગૂઢાર્થ છે - એક સંદેશો છે - જે કાર્લાઈલનાં તમામ લખાણોમાં પ્રકટ થતો રહ્યો છે. એ સંદેશો તે સમાજમાં દંભ અને નકલવૃત્તિનાં જોખમો સામે સાવધાનીનો છે. શાશ્વત નકારમાંથી શાશ્વત હકાર તરફ, અનિષ્ટમાંથી ઈષ્ટ તરફ જવા માટેનો છે અને શાશ્વત પ્રકાશથી જ અંધકાર દૂર થશે એ ભાવના છે. પણ એ સિદ્ધ કરવા માટે ઈશ્વરેચ્છા પ્રત્યે આધીનતા અને કર્તવ્યાભિમુખતા જોઈશે.

'સાર્ટર રિસાર્ટસ'માં જર્મન ફિલસૂફને નામે કાર્લાઈલે પોતાના આત્માના વિકાસની વાત કરી હોવાનું પણ મનાય છે. એની આ નવલકથાનું ભવ્ય સ્વાગત થાય એવી તો શક્યતા હોય જ નહીં. છતાં એમર્સને એમાં જે ભૌતિકવાદ સામેનું દષ્ટિબિંદુ છે તેને ઉત્સાહભેર આવકાર્યું છે.

જર્મન ફિલસૂફીમાં વ્યક્ત થયેલા Transcendentalism -- અંતઃસ્ફૂર્ત જ્ઞાનપ્રાપ્તિ - ને અહીં જાણે કે અભિવ્યક્તિ મળી છે.

સાર્ટર રિસાર્ટસ'ના બીજ સ્વિફ્ટની 'બૅટલ ઑવ્ બુકસ'માં તેમજ સ્ટર્નના 'Tristram Shandy' માં હોય તેવો ખયાલ પણ રજૂ થયો છે.

(ક્રમશઃ)

લઘુકથા

દૂધપીતી

ધર્મેન્દ્રસિંહ રાઠોડ

'રાજપૂતોમાં દીકરીઓને દૂધપીતી શા માટે કરતાં?' ધોરણ દશની એક વિદ્યાર્થિનીએ શિક્ષક ઓઝાને પૂછ્યું.

'આપણા દેશમાં પહેલાના સમયમાં ખાસ કરીને રાજપૂતોમાં દીકરીનો જન્મ એ આનંદનો નહીં, પરંતુ માતમનો ગણવામાં આવતો. દીકરી પિતા માટે ભારરૂપ ગણાતી. મોટા દહેજ સાથે તેનાં લગ્ન કરવા પડતાં અને જિંદગી આખી દીકરી-પક્ષવાળાને નમીને રહેવું પડતું.' ઓઝાસાહેબે જવાબ આપ્યો.

'પરંતુ આ રીતે કોઈ જીવને મારી નાખવો... કેટલું નિર્દયપણું...! બાપ રે...!' પેલી વિદ્યાર્થિનીને પરસેવો વળી ગયો.

'પરંતુ હવે સમય બદલાયો છે.' પ્રવર્તમાન સમયનું બાહ્ય ચિત્ર ઓઝાસર વિદ્યાર્થિનીઓ સમક્ષ ઉપસાવી રહ્યા હતા : 'હવે આપણા દેશમાં સ્ત્રીઓને પુરુષસમોવડી ગણવામાં આવે છે. સ્ત્રીઓ પ્લેન ઉડાડી શકે છે. પોલીસ-અધિકારી બની શકે છે. પિતાની સંપત્તિમાં દીકરીને પણ બરાબરની હિસ્સેદાર ગણવામાં આવે છે. દેશમાં સ્ત્રીપોષણ અને દહેજ-વિરુદ્ધના કાયદાઓનો કડકાઈથી અમલ થઈ રહ્યો છે.' ઓઝાસરના વક્તવ્યથી વિદ્યાર્થિનીઓને જાણે મજા પડી ગઈ.

સાંજે ઓઝાસાહેબ ઘેર પહોંચ્યા ત્યારે તેમનાં પત્ની પલંગ ઉપર સૂતાં હતાં. ટેબલ પર સોનોગ્રાફીનો મેડિકલ રિપોર્ટ પડ્યો હતો. ઓઝાસાહેબનાં માતુશ્રી પાડોશીબહેનને કહી રહ્યાં હતાં. 'બે મહિના જેવું થયું હતું... દીકરી હતી... એક લક્ષ્મીજી તો છે! પછી વધારે દીકરીઓ...! આ જમાનામાં...!'

ઓઝાસાહેબ સાંભળી રહ્યા. 'ધડામ' દઈને સોફા પર બેઠા. વર્ગની પેલી વિદ્યાર્થિની જાણે તેમને કહી રહી હતી : 'સર, તમે તો કહેતા હતા કે હવે સમય બદલાયો છે... ક્યાં બદલાયો છે સમય? સમય તો થંભેલો જ છે. માત્ર પદ્ધતિ બદલાણી છે.'

પછી કેટલાય દિવસો સુધી ઓઝાસાહેબ બરાબર ઊંઘી શક્યા નહીં. રાત્રે તેઓ આંખ બંધ કરે ને એ સાથે કેટલાય માસૂમ ચહેરાઓ દયામણા બનીને તેમની સામે ખડા થઈ જતા અને જાણે કહેતા... નિર્દય લોકો માત્ર પહેલાના સમયમાં જ ન હતાં, આજે પણ છે...!

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૧

વિસ્લર

વિસ્લરનું વ્યક્તિત્વ સાવ નિરાળું. કપડેલત્તે વરણાગિયો કહો તો ચાલે. મનસ્વી પણ ખરો. ઘડીકમાં લઢી પડે. ટીખળી અને બુદ્ધિજીવી પણ. હું અંગ્રેજ નથી



કહીનેય ઈંગ્લન્ડમાં ખૂબ રહ્યો. લાતુરે જ્યારે તેને ચિત્રની અનુકૃતિ કરતાં લુવ્ર મ્યૂઝીઅમમાં જોયો ત્યારે તેના નિરાળા વ્યક્તિત્વથી આકર્ષાયો. તેને તેણે કળાવર્તુળમાં જોડાવા કહ્યું. વિસ્લર ગ્લેરે સ્ટૂડિઓમાં અભ્યાસ માટે જોડાયો જ્યાં તેને મોને, માને, દેગા અને રેન્વા જેવા પ્રભાવવાદી કલાકાર મિત્રો મળ્યા.

વિસ્લરનો જન્મ ૧૮૩૪માં અમેરિકામાં. તેનું આખું નામ જેમ્સ એમ સી નેઈલ વિસ્લર. તેનું બાળપણ રશિયામાં વીત્યું. તેના પિતા જ્યૉર્જ વૉશિંગ્ટન સિવિલ એન્જિનીઅર હતા. ૧૮૪૯માં તેમનું મૃત્યુ થયું. માએ હવે બધી જ જવાબદારી ઉપાડી. માનું નામ હતું આના માતીલ્ડા. બહુ જ ધાર્મિક અને તીક્ષ્ણ બુદ્ધિવાળી હતી. રશિયાની ઠંડીથી બચવા તેઓ અમેરિકા આવ્યાં. ૧૮૫૧માં તે વેસ્ટ પોઈન્ટની મિલિટરી ઍકૅડેમીમાં જોડાયા. તેને ત્યાંના નિયમો નહોતા ગમતા. ત્રણ વર્ષ પછી કેમિસ્ટ્રીના પેપરમાં નિષ્ફળ જતાં તેને ત્યાંથી પાણીચું મળ્યું. ૧૮૫૫માં તેણે ચિત્રકાર થવાનું નક્કી કર્યું. નાનપણથી રસ હતો જ પણ પિતાને તે નહોતું ગમતું. આ માટે તે કલાભૂમિ પૅરિસમાં આવે છે.

ગ્લેરે સ્ટૂડિઓનું શિક્ષણ નીઓ ગ્રીસિઅન શૈલીનું. કથા-વસ્તુ પણ પુરાણા વિષયોનું. તેનાં બે સૂત્રો હતાં : 'કાળા રંગને બધામાં પાયાનો રંગ ગણવો.' બીજું સૂત્ર હતું 'સ્ટાઈલ ઈઝ એવરીથિંગ.' વિસ્લરના કામમાં આ સૂત્રો વણાઈ ગયાં. પ્રભાવવાદી કલાકારોએ પ્રકાશનું વર્ગીકરણ કરી કાળા રંગને પૅલેટ પરથી કાઢી નાખ્યો. વિસ્લરે તેમ ન કર્યું. તેની કામ કરવાની રીત પણ આગવી હતી. લાંબા હૅન્ડલનાં ખાસ બ્રશ બનાવરાવતો. ચિત્રના રંગોનું આયોજન સાગની મોટી પ્લૅટ પર જ કરતો. સૂક્ષ્મ ટોન પણ તૈયાર રાખતો. પ્લૅટ ત્રણ ફૂટની. તે સફેદ કૅનવાસ ક્યારેય ન વાપરે. તેને મીડ ટોન, ગ્રે, બ્રાઉન, રેડ અને ક્યારેક કાળો પણ કરી નાખે.

૧૮૬૦માં જો હેફરને મળે છે. તે તેની મૉડેલ અને પ્રેમિકા. તેના પરથી જગ-વિખ્યાત ચિત્રો થાય છે 'હાર્મની ઈન વાઈટ', 'ધ વાઈટ ગર્લ નંબર-૧,૨,૩'. આ ચિત્રોમાં સફેદની એટલી સૂક્ષ્મતા બતાવે છે કે આપણે તેને સિમ્ફની ઈન વ્હાઈટ તરીકે બિરદાવીએ. અહીં સફેદ રંગની અદ્‌ભુત સૂરાવલી છે. પાત્રનું વસ્ત્ર સફેદ, બૅકગ્રાઉન્ડ સફેદ. વિસ્લરથી છૂટા પડ્યા પછી હૉર્બેટે પણ તેને લેસ્બિયન યુગ્મમાં ચીતરેલી. તે વાળ તેને પણ ગમતા. આ ચિત્ર રૉયલ ઍકૅડેમીમાં રિજેક્ટ થયેલું, પરંતુ ૧૮૬૨માં લંડનમાં પ્રદર્શિત થયું. વળી, પ્રભાવવાદી કલાકારો સાથે 'એક્ઝિબિશન ઑફ રિજેક્ટેડ'માં પણ પ્રદર્શિત થયેલું.

વિસ્લરને બે કવિમિત્રો હતા. એક સ્વીમબોર્ન જેને વિસ્લર સાથે ગાઢ મૈત્રી હતી. તેણે વિસ્લરના વાઈટ ગર્લ ચિત્ર પર કાવ્ય લખેલું. પરંતુ કોઈ પણ કારણસર તેમની મૈત્રીનો ૧૮૮૮માં અંત આવ્યો. બીજા કવિમિત્ર માલાર્મે. ક્લાઉડે મોનેએ તેમની ઓળખાણ કરાવેલી. કવિ કહેતા, 'આ ચિત્રકારે મારા પર ચિરસ્મરણીય સારી છાપ પાડેલી.' ઑસ્કર વાઈલ્ડ પણ ૧૮૮૧માં મિત્ર બન્યો. બન્નેના વિચારોમાં



શ્વેત કન્યા

સામ્ય. કલાની બાબતમાં ઑસ્કર અને વિસ્લર એકમત હતા.

વિસ્લર કલા બાબતે બહુ સ્પષ્ટ હતો. તે માનતો કે 'કલા સ્વાયત્ત હોવી જોઈએ. તે દૃષ્ટિગમ્ય હોવી જોઈએ. સંગીત હોય તો કાનને અને ચિત્ર હોય તો આંખને જચે એટલે બસ. ભક્તિ, પ્રેમ, દયા, દેશદાઝ, જેવા ભાવથી કલા પર છે અને એટલે જ મારાં ચિત્રોને હું એરેંજમેન્ટ અને હાર્મની કહું છું.' એટલે જ વિસ્લરનાં ચિત્રોમાં વિગતો નીકળી જાય છે. રંગ, રચના અને ટોન મહત્ત્વનાં બને છે. સરફેસ ફિનિશિંગ પણ નહોતું. કેટલાંક તેનાં ચિત્રોને અધૂરાં ગણતાં. પરિણામે તેને ખૂબ સહન કરવું પડ્યું. તે એચિંગ જાણતો. તેમાંથી તેને સારો સહારો રહેતો. તેનું સર્જન એટલે પેઈન્ટિંગ અને એચિંગ.

વિસ્લર ક્યારેય સ્થિર નથી રહ્યો. લુવ્રમાં અનુકૃતિ કરતો ત્યારે હૉર્બેટ તેનો પ્રિય ચિત્રકાર. રોઝેટી તો ઘણી વિગતો



ડેબોરાહનું મસ્તિષ્ક

ચિત્રમાં કરતો, પણ તેને ગમતો. આર્ટ ટ્રેઝર પ્રદર્શનમાં વેલસુ-વીઝનાં ચિત્રો ગમ્યાં. પરંતુ સમયે એ નૅચરાલિઝમાંથી નીકળી ગયો. તે સ્પષ્ટ કહેતો ચિત્ર વિષય કે વસ્તુલક્ષી નથી. તે તો રંગોની ભાષા છે. તેના પર જપાનીઝ ચિત્રો અને કલાત્મક ચીજવસ્તુઓની ખૂબ અસર થઈ. જપાનીઝ કલામાં ઓછા રંગો દ્વિપરિમાણ. તે આવી ચીજવસ્તુઓનો સંગ્રહ પણ કરતો. ખાસ કરીને બ્લ્યુ અને વ્હાઈટ પૉટરી જે તેના ચિત્રોમાં દેખાય છે. એને માટે ખાસ પૅરિસમાં તો ઠેર ઠેર દુકાનો ખૂલી ગયેલી. તેની સહી આગવી. પતંગિયા જેવી તે છાપમાં તેના અક્ષરો દેખાતા.

રંગોની બાબતે તે ભરતકામનો દાખલો આપતો. ભરતકામમાં રંગીન દોરા અહીં તહીં વણાય છે તેમ ચિત્રમાં પણ રંગો પુનરાવર્તિત થવા જોઈએ. સૌથી આગવી વાત એ કરી કે કુદરત પૂર્ણ નથી. કલાકાર તેને પૂર્ણતા આપે છે. કુદરતમાં ઘણુંબધું છે પણ તે અંતે તો સ્વરપેટી છે. કલાકારે તેમાંથી પોતાનું સંગીત વહાવવાનું છે. આમ તે ધીમે ધીમે અગમ્ય કલા તરફ જતો હતો. આ સમય એટલે ૧૮૮૫.

જોન રસ્કિન તે જમાનામાં જાણીતો કલામીમાંસક. તે જમાનાના વિક્ટોરિયન વિવેચકો તેનાથી ગભરાય. તેણે વિસ્લરના ચિત્ર 'ધ ફૉલિંગ રૉકેટ' પર લખ્યું, 'લોકોનાં મોં પર રંગ ઢોળ્યાની ૨૦૦ ગીની?' ચિત્રમાં ઘેરી લીલી ભૂમિ પર તેજસ્વી રંગનાં છાંટણાં હતાં. વિસ્લરે તે સામે કેસ કર્યો. ઘણા નુકસાનને અંતે વળતરમાં માત્ર એક ફાર્થિંગ મળ્યો. આ સમયે તે દેવાળિયો થઈ ગયેલો.

જીવનમાં બેઠા થવા તે ઈંગ્લન્ડ છોડી વેનિસ ગયો. ત્યાં તેણે એચિંગ શરૂ કર્યાં. તે એચિંગનો ખાં હતો. પેસ્ટલમાં પણ કામ કર્યું. વેનિસના અજાણ્યા ખૂણા ચીતર્યા. આ રજૂઆત ભાવાત્મક અને ઉત્તેજક હતી. લોકોને પણ તે ગમ્યા.

તેણે હાર્મની ઇન બ્લ્યુ ઍન્ડ ગોલ્ડ કરેલું. પિકૉક રુમ. ખૂબ સુંદર કામ. આ કાળ દરમિયાન પાલખ પર ગુણિયું નાખી સૂઈ રહેતો. પરંતુ માલિકની ઈચ્છા વિરુદ્ધ કેટલુંક કર્યું. પરિણામે અડધા જ પૈસા, હજાર ગીની જ મળેલી. તે ચિત્રની ફ્રેઈમ ને પ્રકાશ બાબતે પણ ચોક્કસ હતો. આ ખૂબ જ શક્તિશાળી ચિત્રકાર. તેના પ્રભાવ-વાદી ચિત્રકાર મિત્રો સાથે પૅરિસમાં હોત તો તેનું સ્થાન કાંઈક જુદું જ હોત. એમ ન બન્યું છતાં સર્જનનો એક મંત્ર લઈ કામ કર્યું.



વેપિંગ : ૧૮૬૧માં શરૂ કરેલું તૈલચિત્ર જે ૧૮૬૪ સુધી પૂર્ણ થયું ન હતું. કદ ૨૮ x ૪૦ ઈંચ; હાલ વૉશિંગ્ટનની નેશનલ ગેલરીમાં છે.



મયૂરખંડ

વિસ્લરનું 'મધર' ચિત્ર ખૂબ જાણીતું. તેની મા લંડનમાં રહેતી ત્યારે ચીતરાયેલું. ૧૮૭૧. તેમાં ચહેરાનો રંગ બાદ કરતાં ગ્રીન બ્લૅકની સંવાદિતા છે અને અજબ રચનાકૌશલ્ય. તે કહેતો 'એની ઓળખ મારે માટે' બાકીનાને શું? તેણે પોર્ટ્રેટમાં એક નવો રાહ આપ્યો. આ ચિત્ર ફ્રેન્ચ સરકારે લુવ્ર મ્યૂઝીઅમ માટે લીધું. પૈસાપાત્ર પણ થયો. ૧૮૮૫માં તેના જીવનમાં સુખનો સૂરજ ઊગ્યો. તે પેઈન્ટર્સ, ગ્રેવર્સ અને સ્કલ્પટર્સ સોસાયટીનો પ્રથમ પ્રમુખ પણ થયો.

તેનાં બીજાં જાણીતાં ચિત્રોમાં લેડી મૅક્સનાં લાઈફ ટાઈમ પોર્ટ્રેટ્સ. સ્ત્રીત્વના પ્રતીક સમાં ત્રણ ચિત્રો કરેલાં. તેનું

નામ 'હાર્મની ઈન પિંક ઍન્ડ ગ્રે' છે. બે પૂર્ણ છે. તેવું જ જૂના પુલનું ચિત્ર જે આજે નૅશનલ ગૅલરીમાં છે. 'એ શૉપ વિથ બાલ્કની' ચિત્ર તો સિગારેટના ખોખાના કદનું છે. તે પણ આજે આર્ટગૅલરીમાં છે. તે આખું ચિત્ર ઓરેંજ ઑલિવ રંગની હાર્મનીમાં છે.

૧૮૮૮માં માલાર્મે સાથે મૈત્રી થાય છે. તે આર્કિટેકની વિધવા હતી. તેનું આખું નામ બીઆત્રિક્સ ગોડવીન અથવા તિક્સી હતું. તે વિસ્લરના સ્ટૂડીઓમાં નિયમિત આવતી. બન્ને પરણ્યાં. વિસ્લરને તે અરસામાં જ કૉર્પોરેશન ગ્લાસગો તરફથી ટૉમસ કાર્લાઈલનું પોર્ટ્રેટ કરવાનું મળ્યું, હજાર ગીનીમાં. કલાની દુનિયામાં ચર્ચાનો વિષય થયો. વળી, ૧૮૯૨માં તેનું પશ્ચાદ્‌વર્તી પ્રદર્શન યોજાયું. સંગ્રાહકોને હવે રસ જાગ્યો. હવે વિસ્લર અને ત્રિક્સી પેરિસ રહેવા જાય છે. પરંતુ ત્રિક્સી માંદી થતાં પાછાં લંડન આવે છે. તેને કૅન્સર હતું.

બન્નેએ પાછલી જિંદગીમાં ખૂબ આનંદ અને પ્રવાસ કર્યો. ત્રિક્સી ગુજરી જતાં વિસ્લર એકલતાથી પિડાય છે. ૧૯૦૫માં કલાજગતનો માંધાતા ૬૯ વર્ષની ઉંમરે સદાને માટે વિરમી ગયો. તેની કબર પત્નીની કબર નજીક હતી અને બાજુમાં કલાકાર હોગાર્થની.

– નટુ પરીખ:હરિત પંડ્યા

કાંતિ કાપડિયા

૧૯૩૬માં સયાજીરાવ મહારાજની ડાયમન્ડ જ્યૂબિલી ઉજવાઈ. કાંતિભાઈ ત્યારે મુંબઈમાં કલાના બીજા વર્ષના વિદ્યાર્થી. મનમાં તુક્કો ઊઠ્યો કે સયાજીરાવનું સિટિંગ લઈને બસ્ટ પોર્ટ્રેટ બનાવવું. તેમણે સયાજી-રાવને પત્ર લખ્યો. ઈજન મળ્યું કે આવો. મુંબઈથી વડોદરા આવ્યા તો ખરા પણ મહારાજાએ કહ્યું : 'બેસવાનો સમય નથી.' અંતે મ્યૂઝીઅમમાંનાં સોલોમને કરેલા તૈલચિત્ર પરથી શિલ્પ કરવાનું નક્કી થયું. મ્યુઝીઅમના ડિરેક્ટર ડૉ. કોહેન વિનરે (જર્મન) સારો રસ લીધો. ચિત્રની ફ્રેમ ખોલી આપી. આઠ દિવસમાં શિલ્પ પૂરું કરી ડૉ. વિનર મારફતે મહારાજાને તે ભેટ ધર્યું.


મહારાજાએ મહેનતાણું પૂછ્યું. કાંતિભાઈએ કહ્યું, 'કાંઈ નહિ, હું તો આપની રૈયત છું.' વધુ વાત કરતાં તેમણે જણાવ્યું કે તેઓ હાલ જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં ભણે છે અને રૉયલ કૉલેજ ઑફ આર્ટ, લંડનમાં જવા ઇચ્છા ખરી. સ્કૉલર-શિપ આપો તો સારું. મહારાજાએ હા પાડી. નસીબ ચાર ડગલાં આગળ હશે. ૧૯૩૮માં એમનું અવસાન થતાં ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ થતાં તે વાત ભૂતકાળ બની ગઈ. સયાજીરાવની એ સદ્‌ભાવના આજે ય આંખ આગળ તરવરે છે.

સપનાં ક્યારેક સાકાર થાય છે. ૧૯૫૨માં તેમને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે સ્થાન મળ્યું અને તે નાતે ૧૯૬૨માં તેમને પરદેશ જવા મળ્યું. સમય પૂરા ચાર માસ હતો. ઇજિપ્ત, ગ્રીસ, ઇટલી, સ્વીત્ઝરલૅન્ડ, હૉલૅન્ડ, યુ.કે., બૅલ્જિયમ, જેવા ઘણા દેશો જોયા. તેની કલાનાં દર્શન થયાં. આ પ્રવાસમાં જગતના જાણીતા કલાકાર શિલ્પી હેન્રી મૂરને મળવાનો મોકો મળ્યો. અદ્યતન કલા અને ભારત વિશે વાતો કરી. તેમનો સ્ટૂડીઓ બતાવ્યો. પ્રેરણા માટેની કુદરતમાંથી ભેગી કરેલી વસ્તુઓ બતાવી. વિશાળ ઉદ્યાનમાં સાથે ફર્યા. જિંદગીનો એક અજબ અનુભવ થયો.

તેમનો જન્મ ૧૯૧૧માં ગણદેવી, દક્ષિણ ગુજરાતમાં થયેલો. ૧૯૩૨માં સર જે. જે.માં ભણવા મુંબઈ ગયા. ચિત્ર-કળાનો ત્રણ વર્ષ ડિપ્લોમા બે વર્ષમાં પૂરો કર્યો. વળી, '૩૪ થી '૩૮ પૂરાં પાંચ વર્ષનો શિલ્પનો ડિપ્લોમાં લીધો. યુસુફ ઘાલા સહપાઠી. બન્નેએ શિલ્પભારતી કરેલું ને સાથે રહી નર્મદનું શિલ્પ પણ કરેલું. શ્રી કાન્તિભાઈએ નક્કી કર્યું કે શિલ્પકાર તરીકે જીવવું છે. તે સમયે સારા વિદ્યાર્થીઓ કે જે મેયો મેડલને પાત્ર બનેલા તેઓ પ્લાસ્ટરની સિલિંગ બનાવવાના ધંધામાં પડતા. શિલ્પકલા દ્વારા સર્જન નહોતા કરતા. ૧૯૪૫માં ભારતીય કલાની પ્રતિકૃતિઓ કરી જેમાં અમરાવતીના સ્તૂપનું મૉડલ બનાવ્યું.

૧૯૪૦ એક પરિવર્તનનું વર્ષ અને પ્રતિષ્ઠાનું વર્ષ રહ્યું. સુરતની નર્મદ સ્મારક સમિતિએ કવિ વીર નર્મદની પ્રતિમા કરવાનું નક્કી કર્યું. તેના સંચાલક સ્વ. શ્રી કંચનલાલ મામાવાળા હતા. કામની જાહેરાત આવી. શ્રી કાંતિભાઈએ અરજી કરી. ત્યારે શ્રી કરમારકર ખૂબ જાણીતા શિલ્પી. તેમને મળતાં આ યુવાનને કામ સોંપવાનું નક્કી થયું. આ તક એક સોનેરી તક રહી. પ્રથમ નાનું મૉડલ બનાવ્યું. ગમ્યું. આ કામમાં યુસુફ ઘાલાને સાથે લીધા. કામ પરિપૂર્ણ થયું. ભાનુ સ્માર્ત, મોરારજી સંપત, સ્વ. જયંતીલાલ ઠાકર અને કલાગુરુ શ્રી જગન્નાથ અહિવાસી તથા ડૉ. ડી.જી. વ્યાસ વગેરે રસ લેતા. અવારનવાર આવીને થતું કામ જોતા.

કંચનભાઈ પાસે રૂ. ૨૦૦૦ માત્ર હતા. એ રકમ બ્રોન્ઝમાં જ વપરાઈ ગઈ. કલાકારોએ સેવાભાવથી જ આ કામ કર્યું. અધ્યક્ષ મોહનલાલ દવેએ કલાકારોનાં ભારો-



પોર્ટ્રેટ મસ્તિષ્ક સાથે કાન્તિ કાપડિયા



વડાપ્રધાન જવાહરલાલ નેહરુને સામે બેસાડીને તેમનું શિલ્પ કંડારતા કાન્તિ કાપડિયા

ભાર વખાણ કર્યાં. શ્રી ક. મા. મુનશી જેવાને હાથે એનું અનાવરણ થયું. રવિશંકર રાવળે પણ 'કુમાર'માં નોંધ લીધી. પાછળથી શ્રી મુનશીજીનું બસ્ટ બનાવવાની અને અનેક કામ કરવાની ભૂમિકા રચાઈ ગઈ. આજે તેઓશ્રી ૯૧ વર્ષના છે. તેમનાં કામો ગુજરાતભરમાં પથરાયેલાં છે. ૧૯૪૦થી ૯૫ના ગાળામાં સહેજે ૫૦ બસ્ટ કર્યાં અને તે પૂર્વે ૨૨ જેટલાં સર્જનો. માનવ મસ્તક પર તેઓ અદ્ભુત કાબૂ ધરાવે. સ્વભાવે સાવ શાંત લાગતા કાન્તિભાઈ જ્યારે ડેમોન્સ્ટ્રેશન આપે ત્યારે જલદ લાગે, તેમની ચપળ આંગળીઓ ફટાફટ માનવમસ્તક સર્જે. તેમણે એમ. એસ. યુનિવર્સિટી વડોદરાના મુખ્ય કાર્યાલય માટે અદ્યતન શૈલીમાં શિલ્પ કર્યું છે.

તેમણે સિટિંગ પરથી શ્રી નેહરુ, શ્રી રાધાકૃષ્ણન, શ્રી મુનશી વગેરેની પ્રતિમાઓ સર્જી છે. નેહરુ સાથે કામ કરવાનો ખૂબ સારો અનુભવ થયો. કામ જોતાં પૂછે હજી કેટલાં વધુ સિટિંગ જોઈશે. કામ પૂરું થયે શ્રી કાન્તિભાઈને કુટુંબ સાથે ચા-પાણી માટે નોંતરેલા. નાના પુત્ર તુષારને લઈને તેઓ ગોળગોળ ફરેલા. શ્રી કાન્તિભાઈનાં શિલ્પો પોતાને હિસાબે વધુ કલાત્મક બને છે.

શ્રી કાંતિભાઈનાં શિલ્પોના ઉદ્ઘાટન ઇન્દિરા ગાંધી, મોરારજી દેસાઈ, લાલ બહાદુર શાસ્ત્રી, ઘનશ્યામભાઈ પટેલ અને કેશુભાઈ જેવાને હાથે થયાં છે. ૨૧ માર્ચ ૧૯૮૪માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા તેમનું સન્માન થયું.

વીર નર્મદનું શિલ્પ બનાવ્યું ત્યારે મનમાં મંત્ર લીધો કે નર્મદ કલમને ખોળે જીવ્યો તેમ તેમણે શિલ્પ સાથે જીવવું, પરંતુ ખૂબ તકલીફો બાદ ૧૯૫૨માં સ્કલ્પચર વિભાગની જાહેરાત આવતાં શ્રી અહિવાસીભાઈના કહેવાથી વડોદરા એમ.એસ.યુનિવર્સિટીમાં જોડાયા ને જીવનમાં નિરાંતનો શ્વાસ લીધો.

વડોદરાની કલાશાળાનાં પ્રતિવર્ષ ભારતના કોઈ ને કોઈ કલાધામનો પ્રવાસ યોજે. એ રીતે અજંતા, ઈલોરા, સાંચી, ખજુરાહો, નાલંદા, પટણા, બુદ્ધગયા, રાજ-ગ્રહી, ભુવનેશ્વર, કોણાર્ક, પૂરી, ઉદયગિરિ, ખંડગિરિ વગેરે પૂર્ણપણે જોયાં. આ બહોળા અનુભવનો ઉપયોગ શિક્ષણમાં થયો. તેઓ કલાનો ઇતિહાસ પણ શીખવે. મૂળ તો તે હેડસ્ટડીના અધ્યાપક પણ પછી તેમણે પ્રાણીશિલ્પ પણ શીખવ્યું. મોલ્ડિંગ-કાસ્ટિંગ પણ પૂરું જાણે. વૂડ કાર્વિંગ કર્યું ને શીખવ્યું પણ ખરું. વડોદરાની કલા-શાળામાં તે દાખલ થયા ત્યારે શિલ્પ વિભાગમાં ખાસ સુવિધા નહોતી. તેમણે એ વિભાગને સુસજ્જ કર્યો ને શ્રી ચૌધરીના પ્રીતિપાત્ર બન્યા.

૧૯૧૧માં જન્મ્યા ને ૧૯૮૮ સુધી કામ કર્યું. તેમણે શ્રી કાંતિરાણાની સર્જન માટે ગૅલરીમાં ખ્યાતનામ વડીલ શિલ્પી કાંતિ પટેલના હસ્તે તેમના વન મેન શોનું ઉદ્ઘાટન થયું. હિતેષ રાણા તેના આયોજક હતા અને તે વેળા વડોદરાના વિખ્યાત ચિત્રકારો ને શિલ્પીઓ હાજર હતા. આ વિરલ ઘટના તેમના જીવનનો આનંદ હતો.

ખૂબ જાણીતી પ્રતિમાઓમાં વલસાડમાં દાંડીકૂચ, ગાંધીજીની ધાતુ પ્રતિમા, મહેસાણામાં માનસીંગભાઈ, પાલનપુરમાં ગલબાભાઈ, સરદાર મ્યૂઝી-અમ બારડોલીમાં સરદાર, ગણદેવીના સ્મશાનમાં સંતોની પ્રતિમાઓ, મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં ભગવાન વિષ્ણુ ને પદ્મિનીદેવી, અમદાવાદમાં જગજીવન-રામની ૧૦ ફુટની પ્રતિમા તેમજ તેવી આંબેડકરની કરી છે.

આ લેખના લેખકનો એક સ્વા-નુભવ ટાંકવા જેવો છે. નર્મદાકિનારે ચાંદોદ ગામની ચઢઊતર શેરીઓ ચીતરવા ગયા. સાથે મિત્રો પણ હતા. ગામ તો, ગામ જેવું. અસ્વચ્છ, શેરીઓ અને મકાનો સરસ. તે ગામમાં ફરતાં એકદમ કલાત્મક શિલ્પ જોયું. એ હતું રસકવિ દયારામનું. તપાસ કરતાં ખબર પડી કે એ ધાતુશિલ્પ શ્રી કાંતિ કાપડિયાનું છે. એવા ગામમાં આવું શિલ્પ કલાની ફોરમ ફેલાવે.

બેએક વર્ષ પૂર્વે તેમનાં પત્ની સહ-પ્રવાસમાંથી ચિરવિદાય પામ્યાં ને તેઓ એકલપંથી બન્યા. પરંતુ એમના વહુ-દીકરા ને દીકરીઓ ખૂબ સાચવે છે અને હજીયે આનંદથી મળવા જતા વિદ્યાર્થીઓ આવકારે છે. શ્રી કાંતિભાઈ 'કુમાર'માં લખે છે અને ઓર લખવાના મનસૂબા સેવે છે. ગુજરાતના ૯૧ વર્ષના આ બુઝર્ગ માટે ગુજરાત ગૌરવ લઈ શકે. -નટુ પરીખ

કલાવૃત્ત

મયૂરી સિતાર - નવું તંતુવાદ્ય

વિદ્યાનું કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં સતત કશુંક નવું શોધાતું ન હોય!



મયૂરી સિતાર

સંગીતક્ષેત્રે અવનવા રાગોનું નિર્માણ એ ગાયકની સિદ્ધિ છે. સંગીત સાથે વાદ્યનું સાયુજ્ય છે. વાદ્ય ગાયકીને વિશેષ શ્રવણક્ષમ બનાવે છે. ભારતીય સંગીતમાં અનેક વાદ્યોનો વિનિયોગ થાય છે. વિવિધ વાદ્યોમાં સિતાર મહત્ત્વનું તંતુવાદ્ય છે. સિતાર વગાડનાર અનેક કલાકારો છે. પરન્તુ જ્યારે એ કલાકારમાં સર્જનાત્મકતાનો વિશેષ હોય ત્યારે નવું જ રૂપ નિર્માણ પામે છે. આવું નિર્માણ ડાકોરના વૃંદાવનદાસજી નરસિંહદાસજી મહંતે કર્યું છે. એમણે સિતારનું શિક્ષણ ઉજ્જૈનના કૃષ્ણરાવ રઘુનાથ અષ્ટવાલ પાસે લીધું હતું. સિતારશિક્ષણ પછી એ પારંગત બન્યા અને રિયાઝ કરતાં કરતાં સિતારનું નવું રૂપ ઘડ્યું. એનું નામ એમણે આપ્યું છે 'મયૂરી સિતાર'. પારંપરિકતાને તદ્દન છોડીને આ સિતાર બની નથી. પરન્તુ એની વિશેષતા ઘણી છે. સમાજનો બહોળો વર્ગ આ વાદ્ય વગાડી શકે એવો ઉદ્દેશ આ મયૂરી સિતારના નિર્માણનો છે.

મયૂરી સિતાર તદ્દન folding-છૂટી છે. એમાં તુંબડાની જરૂર નથી.



તુંબડું લગાડવું હોય તો લગાડી શકાય. એને સ્ટેન્ડ પર રાખીને વગાડવાની સગવડ છે. લાકડાની પેટીમાં રાખી શકાતી આ સિતાર પર મંદ્ર સપ્તક સહેલાઈથી વગાડી શકાય છે. મધ્યમાં તાર હોય છે પણ નીચેની બાજુ તાર નથી હોતો. કિંમતની દૃષ્ટિએ પણ આ સિતાર સસ્તી પડે છે, કારણ કે લાકડાની હોય છે. એની જવારીમાં સ્ટીલની બ્લેડ હોવાથી બગડવાનો પ્રશ્ન રહેતો નથી. આ સિતારમાં પાંચ તારનો ઉપયોગ થયો છે. તેની લંબાઈ ચાર ફૂટ જેટલી છે જ્યારે પહોળાઈ માત્ર સાડાપાંચ ઈંચ છે. તદ્દન નવીન પ્રકારની આ સિતાર તંતુવાદ્યમાં રસ ધરાવનારે જોવી રહી.

- પ્રફુલ્લ રાવલ

કલાસ્મૃતિ


શ્રી તૈયબ મહેતા

આપણા દેશના કલાજગતમાં ચિત્રકલામાં સિદ્ધિઓ પામેલા ઘણા ચિત્રકારોનાં નામ પ્રસિદ્ધ છે, જેમાં આ ચિત્રકારો મોટા ભાગે પોતાના કૌશલ્યને



કારણે જાણીતા થતા હોય છે. તે ક્યારેક તેમની કૃતિઓની કિંમતો કલાના બજારમાં ઊંચી જતાં પ્રકાશમાં આવતા હોય છે. આવું જ એક નામ છે ચિત્રકાર શ્રી તૈયબ મહેતાનું, જેમને કલાજગત તો ઓળખવું હતું, પણ કલાના બજારમાં છેલ્લા એકમાસમાં દેશ-દુનિયામાં પ્રસિદ્ધિ પામ્યા છે. એનું પ્રમુખ કારણ છે તેમનું એક ચિત્ર સપ્ટેમ્બર-૨૦૦૨ની ૧૯મી તારીખે, ન્યૂ યૉર્કના રોકફેલર સેન્ટરમાં વિશ્વભરની જાણીતી કલા-સંસ્થા 'ક્રિસ્ટી'ના સાઉથ-ઈસ્ટ એશિયન કલાકારોની કૃતિઓના લિલામ પ્રદર્શનમાં રૂપિયા દોઢ કરોડની ઊંચી કિંમતમાં વેચાયું. ચિત્રનું નામ છે 'ધ સેલિબ્રેશન' - ઉત્સવ. આ પ્રસંગથી શ્રી તૈયબ મહેતા કલાજગતમાં 'મોસ્ટ વૉન્ટેડ' કલાકારનું સ્થાન પામ્યા છે.

કલાની દુનિયમાં બહુ ઓછાને ખબર છે કે શ્રી તૈયબ મહેતા ગુજરાતી છે અને ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં ૧૯૨૫માં જન્મેલા છે. તેમનો પરિવાર તે સમયે સિનેમા-થીએટરનો વ્યવસાય કરતો હતો. ૧૯૪૪માં મુંબઈથી મૅટ્રિકનો અભ્યાસ કર્યા બાદ શ્રી મહેતાએ સિનેમા ઉદ્યોગમાં ફિલ્મ એડિટર તરીકે ૧૯૪૭ સુધી કામ કર્યું. થોડા સમય બાદ આર્ટ ડિરેક્ટર બનવાની ઈચ્છા સાથે, મુંબઈની સર જે. જે સ્કૂલ ઑવ આર્ટમાં જોડાયા. જાણીતા ચિત્રકાર શ્રી પલસીકર તેમના કલાશિક્ષક અને આજના ખ્યાતનામ ચિત્રકારો જેવા કે એસ. એચ. રઝા, અકબર પદમસી, મકબુલ ફીદા હુસેન, કીશન ખન્ના, ગાયતોન્ડે, અલકાઝી વગેરે તેમના સહાધ્યાયીઓ હતા. ૧૯૫૨માં કલાભ્યાસ પૂર્ણ કર્યા બાદ તૈયબ મહેતાને દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં એક પૌરાણિક ભારતીય ચિત્રકલાનું મોટું પ્રદર્શન શ્રી રઝા અને શ્રી પદમસી સાથે જોવાનો અવસર પ્રાપ્ત થયો. સન ૧૯૫૪માં થોડાક મહિનાઓ માટે પૅરિસ તેમજ યુરોપના દેશોમાં જવાનું થયું. ત્યારબાદ તેમની કાર્યશૈલીમાં બદલાવ આવ્યો. ચિત્રકલા, શિલ્પ, રેખાંકન અને લિથોગ્રાફમાં સર્જન કરતાં તેમને પોતાની ઓળખ પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો, જે તેમના 'પગરિક્ષા ખેંચનાર' 'અને ટ્રસ્ટબુલ' નામના ચિત્રસર્જનથી કલાજગતમાં પાંચ વર્ષ માટે નોંધનીય બની શક્યો. તેઓ ફરી પાછા ઈંગ્લન્ડ અને યુરોપના કલાપ્રવાસે ગયા. ત્યાં તેમણે ચિત્રકલા-સર્જન સાથે આર્ટ ગૅલરીઓ તેમજ



'ધ સેલિબ્રેશન' - ઉત્સવ : શ્રી તૈયબ મહેતાનું તાજેતરમાં રૂપિયા દોઢ કરોડમાં વેચાયેલું ચિત્ર.

મ્યૂઝીઅમો જોયાં. ભારત પરત આવીને તેઓ ન્યૂ દિલ્હી સ્થાયી થયા. અહીં તેમની ચિત્રશ્રેણીના પ્રથમ ચિત્ર 'ધ ફૉલિંગ ફીગર'ની રચના થઈ. આ અરસામાં તેમને ૧૯૬૮માં અમેરિકાની 'રૉકફેલર ફેલોશિપ' એક વર્ષ માટે મળી. અમેરિકામાં રહીને સર્જન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ભારત પરત આવ્યા બાદ તેમના કામમાં બદલાવ આવ્યો. પ્રકાશ અને છાયાવાળા - વાસ્તવલક્ષી પ્રયોગોવાળા સર્જનની જગાએ દ્વિપરિમાણી ફ્લેટ, ફલક અને સપાટ રંગોના મોટા વિભાગ અને જરૂરી રેખાંકનોવાળાં સર્જનો થવા લાગ્યાં. આ ફેરફારમાં શ્રી તૈયબ ઉપર ઈંગ્લન્ડના પ્રસિદ્ધ ચિત્રકાર ફ્રાન્સીસ બાકોનની અસરો સ્પષ્ટ દેખાઈ આવે છે. સન ૧૯૭૦-૭૧માં શ્રી મહેતા એ 'કુદાલ' નામની એક ફિલ્મ - ફિલ્મ ડિવિઝન માટે બનાવી, જેને ફિલ્મ ફેરનો ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો હતો. ૧૯૭૮માં શ્રી મહેતા મુંબઈ આવીને કાયમ માટે સ્થાયી થયા.

શ્રી તૈયબ મહેતાને, વિશ્વભારતી સંસ્થા દ્વારા ૧૯૮૪-૮૫ના વર્ષ માટે શાંતિનિકેતનમાં રહીને કામ કરવાનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું, અહીં વર્ષ દરમિયાન ઘણાબધા ઉત્સવો ઉજવાતા હોય છે, જેની પ્રેરણાથી ઉત્સવોનાં ચિત્રસર્જનો કર્યાં. સંથાલ લોકોના ઉત્સવ 'ચરક પૂજા'થી તેઓ ઘણા પ્રભાવિત થયા અને એક મોટા ત્રણ ભાગના ચિત્રસર્જનની શરૂઆત કરી. સાથે આખલાનાં થોડાંક શિલ્પ પણ કર્યાં. કોલકતા-શાંતિનિકેતનના પ્રવાસની અસરમાં તેમણે ૧૯૭૨માં 'ધ સેલિબ્રેશન' નામનું ત્રણ ભાગનું મોટું ચિત્ર ટાઈમ્સ બૅંકના નિમંત્રણથી પૂર્ણ કર્યું અને આ સંસ્થાએ ઉપરોક્ત ચિત્ર તેમજ તેનાં સર્જન માટેનાં સંલગ્ન અન્ય રેખાંકનો સાથે એક મોટા પ્રદર્શનનું ૧૯૯૬માં આયોજન કર્યું અને 'ધ સેલિબ્રેશન' ચિત્ર લગભગ રૂ. ૧૫ લાખમાં ખરીદી લીધું. આમ, ૧૯૮૦ના શાંતિનિકેતનના પ્રવાસની વિચારધારામાં સ્થાન પામેલું, ૧૯૯૫માં પૂર્ણ થઈને ૧૯૯૬માં વેચાયેલ. શ્રી મહેતાનું આ ચિત્ર સાત વર્ષના ગાળા બાદ ટાઈમ્સ બૅંક દ્વારા 'ક્રિસ્ટી'ના લિલામમાં મુકાએલ. ૨૦૦૨માં રૂ. દોઢ કરોડમાં વેચાયું જે આજ દિન સુધીનો રેકોર્ડ છે. આજદિન સુધી કોઈ પણ ભારતીય ચિત્રકારનું ચિત્ર આટલી મોટી કિંમતમાં વેચાએલ નથી. આજે ૭૭ વર્ષની ઉંમરે પહોંચેલા ચિત્રકાર શ્રી તૈયબ મહેતા માટે તેમજ ભારતીય કલાજગત માટે સાચા અર્થમાં 'ધ સેલિબ્રેશન' ઉત્સવનો પ્રસંગ કહી શકાય.

શ્રી તૈયબ મહેતાનાં - દેશ પરદેશમાં, લગભગ ૨૦ જેટલાં વૈયક્તિક પ્રદર્શનો યોજાએલાં છે. તેઓએ ઘણાંબધાં સંયુક્ત પ્રદર્શનોમાં ભાગ લીધેલો છે. બૉમ્બે આર્ટ સોસાયટી, રાષ્ટ્રિય લલિત કલા અકાદમી, દિલ્હી ટ્રીએનાલ, રૉક ફેલર ફેલોશિપ, ફિલ્મ ફેર ક્રિટિક, પૅરિસનો પ્રિક્સ અને કાલિદાસ સન્માન જેવા મોટા ગજાના ઍવૉર્ડ શ્રી મહેતાને પ્રાપ્ત થયેલા છે.

આ કલાકાર છેલ્લાં થોડાંક વર્ષોથી તબિયતથી નાદુરસ્ત રહે છે. લાકડીના સહારે હરવું-ફરવું પડે છે, છતાં આજે ૭૭ વર્ષની ઉંમરે પણ ચિત્રસર્જનમાં કાર્યરત રહે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી તેમની ખબરઅંતર લેવા ના આવનારા, દર્શકો, સંગ્રાહકો, ગૅલરીવાળાઓ, શ્રી મહેતાનું નામ ગાજતું થયા બાદ આંટા-ફેરા કરતા થઈ ગયા છે. નાનાં ચિત્રો અને રેખાંકનોની કિંમતો ઊંચે જવા માંડી છે. એક ગુજરાતી કલાકારનું આવું સન્માન ગુજરાત તેમજ દેશભરના કલાકારો તેમજ કલારસિકોને આનંદ પમાડે તેવું છે. - *ગજેન્દ્ર શાહ*

સાહિત્યસંપર્ક

૨૦૦મી જન્મ જયંતીએ વિક્ટર હ્યુગોને અંજલિ

દામ્પત્યજીવનનાં થોડાં વર્ષ પછી, સુખ-દુ:ખનાં સહભાગી, ત્રણ બાળકોની માતા, બાળપણથી મિત્ર, દારિદ્ર્ય અને ભૂખમરાના કપરા દિવસોમાં ધૈર્ય



આપનાર, લેખન-સર્જનમાં પ્રેરણાસ્રોત એવાં પત્નીને રેલ્વે સ્ટેશનના પ્લૅટફૉર્મ પરથી વિદાય આપવી પડે - કોફીનને સાથ ન આપી શકાય-રાજકીય મતમતાંતરોને પરિણામે મળેલા દેશનિકાલને લીધે - અને પ્લૅટ-ફૉર્મ પરથી ધીમે ધીમે અદશ્ય થતી ટ્રેનને જોવી પડે - ભગ્નહૃદયે - એવી કરુણ સ્થિતિ એમને અનુભવવી પડી. એમનું જીવન આરંભનાં વર્ષોથી દુ:ખપ્રધાન રહ્યું હતું. જન્મસમયે, અશક્ત સ્વાસ્થ્યને કારણે જીવન-મરણ વચ્ચે સંઘર્ષ વેઠનાર, નેપોલિયનના એક જનરલના પુત્ર, પિતાના સ્થાનાન્તરને લીધે કોઈ એક ઠેકાણે સ્થાયી રહી અભ્યાસ કરી શક્યા નહિ. આસપાસ બન્દૂકની ગોળીઓ પસાર થતી હોય એવા ભયભીત વાતાવરણમાં બંધાયેલા તંબૂમાં વસવાટ અને પછી પિતાના જ અવસાનને લીધે, માતાને મળતાં ઘટેલા અને અપૂર્ણ પેન્શન પર આધાર રાખનાર આ બાળકને માતાના અવસાન પછી ભૂખમરાના દિવસો કાઢવા પડ્યા. એક વખત પિતા મૅડ્રિડના ગવર્નર અને હવે તેમના પુત્ર સંપૂર્ણપણે નિરાધાર - આ સ્થિતિને તેઓ પહોંચ્યા પછી મનમાં ઊછળતી કાવ્યસરિતાને બળે, જીવનનિર્વાહ કરતા થયા. નાટકો લખ્યાં ને લોકપ્રિયતા પ્રાપ્ત કરી. સમૃદ્ધિ પણ ભેગી કરી, લગ્ન કર્યાં. ત્યાં ભાઈને માનસિક સમતુલા ખોવાનો સમય આવ્યો. ત્રણ બાળકો થયાં અને પછી ત્રણેને ગુમાવવાં પડ્યાં. રાજકારણમાં ચડતી-પડતીને લઈ મુક્તતા સિદ્ધાંતોને વળગી રહેવાના દૃઢ નિશ્ચયે તેમને સ્વદેશ છોડવો પડ્યો. પહેલાં બેલ્જિયમ અને ત્યાંથી જવાનું થયું ત્યારે ગેરનસીમાં ૨૦ વર્ષનો દેશ-નિકાલનો કડવો ઘૂંટડો પીવાવારો આવ્યો. પણ 'ન હઠવું, કાર્યરત રહેવું, સિદ્ધિ મેળવવી' - આ જીવન મંત્રોના શિષ્ય વિક્ટર હ્યુગો (૧૮૦૨-૧૮૮૫)એ આટલી આટલી નિરાશાનો સામનો, કદીયે નમ્યા વિના કર્યો. અંતે, અવસાન સમયે ફ્રાન્સે તેમને તેમની મહત્તા, વીરત્વ, સર્જકતાને યોગ્ય અંજલિ આપી. પાર્થિવ દેહને પેમ્થીઓનમાં સદાકાળ માટે મૂક્યો. તેમનાં રહેઠાણ હવે મ્યૂઝીઅમ બન્યાં. તેમની કૃતિઓ - 'હંચબૅક ઑફ નોત્રાદામ', 'લે મિઝરાબ્લ', 'ધ લાફિંગ મૅન', 'ટૉઇલર્સ ઑફ ધ સી', 'ક્રોમવેલ', 'હરનાની' - વિશ્વસાહિત્યની આકૃતિઓ તેમના સિદ્ધાંતોને પોષતી રહી.

જીવનનાં પૂર્વવર્ષોમાં તેમનાં રાજકીય મંતવ્યો અસ્થાયી રહેતાં, કોઈ વાર પ્રજા-સત્તાક તો કોઈ વાર રાજસત્તાને ટેકો આપતા પણ પછી એમણે સહાનુભૂતિ ગરીબ, કચડાયેલી, દુ:ખી પ્રજા પ્રત્યે વાળી અને અવસાન સમયે, ૫૦,૦૦૦ ફ્રેન્ક તેમને લાભાર્થે ફાળવી પોતાને માટે એક સાદી કોફીન સિવાય કાંઈ માગ્યું નહીં. આવી મન:સ્થિતિ હોવાથી, તેમની સહાનુભૂતિ 'નોત્રાદામ'માં લા ઍસ્મી-રાબ્દા, ક્વાસીમોદો, લે મિઝરેબ્બમાં, ઝાં વાલ્ઝાં, કોસેત કે મેરિયસ માટે એ સ્વાભાવિક છે. આ પુસ્તકો, પોતપોતાની રીતે, તે સમય અને દેશને પ્રતિબિંબિત કરી એક નવી જ દિશા બતાવે છે. બહારથી સુંદર ન દેખાતી વ્યક્તિ, ભીતરમાં કેટલી ઉચ્ચકોટીની હોઈ શકે, કરેલા ઉપકારને ન ભૂલી, જીવના જોખમે પણ કેટલી ઉદાર હોઈ શકે, ગરીબાઈમાં કચડાયેલી, તરછોડાયેલી, તિરસ્કૃત વ્યક્તિ પણ, સ્વરક્ષણ કે સુખની દરકાર કર્યા વિના દયાની સહાયને પાત્ર, નિરાધાર, તિરસ્કૃતને પાણી પાઈ, જીવતદાન આપી શકે, એ ક્વાસિમાદા ને એસ્મીરાબ્દાનાં પાત્રો, ચાર્લ્સ મ્યૂઝીઅમ, ઝાં વાલઝાંનાં ચિત્રો બનાવે છે, પૅરિસમાં 'ધ ફીસ્ટ ઑફ ફુલ્સ'નો વાર્ષિક ઉત્સવ છે : સૌથી કદરૂપી વ્યક્તિને એક દિવસ માટે 'પોપ ઑફ ધ ફુલ્સ' બનાવવાનો છે. તે સમયે નોત્રાદામ ચર્ચના ઘંટ વગાડનાર, બહેરા, વિકલાંગ, ખૂંધવાળા, દૃષ્ટિએ કમજોર એવા ક્વાસિમાદાને આ પદ મળે છે. હવે, ક્વાસિમાદા એ ચર્ચના ઉપરી, ક્લોદ ફ્રોલોનો આશ્રયી છે. ૧૬ વર્ષ પૂર્વે એને ચર્ચના દરવાજેથી ઉપાડી, પોતાના રક્ષણ હેઠળ લીધો હતો અને પોતે નિર્દય, અનૈતિક, દંભી હોવા છતાં, તેણે ક્વાસિમાદોને પાળ્યો છે, જેના બદલામાં તે તેનો અતિઋણી છે. તેનો વિશ્વાસુ સેવક છે. 'પોપ ઑફ ધ ફુલ્સ' થયા પછી તે અને ફ્રોલો રસ્તામાં નિરાધાર એસ્મી-શબ્દાને જુએ છે અને ફ્રોલો, ખરાબ હેતુથી તે પકડવા જાય છે જ્યાં લોકો આવતાં તેને નાસી જવું પડે છે, પણ તે પોતાનો મોહ ભૂલી કે ભૂંસી શકતો નથી. ક્વાસિમાદો પકડાય છે ને ચાબૂકના ફટકા પછી તેને નિર્દય રીતે રસ્તામાં, તાપમાં રખાયો છે. જ્યારે તેની પિપાસા એસ્મીરાબ્દા પૂરી પાડે છે. ફ્રોલો પછી આ નિર્દોષ કન્યાને ગમે તેમ-દોષિત ઠરાવી ફાંસીની સજા માટે તૈયારી કરે છે અને મળે છે ને જો તે તેને હજીયે સ્વીકારે તો તે તેને છોડાવશે, એમ વચન આપે છે પણ એસ્મીરાબ્દા, જે અન્યને પ્રેમ કરે છે, તે 'ના' કહે છે અને અન્તે તેને ફાંસીની સજા થાય છે. ચર્ચની સામે જ માંચડો

ઊભો થયો છે ને ચર્ચની બારીમાંથી ક્વાસિમોદો, ફ્રોલો આ દશ્ય જોઈ રહ્યા છે એટલામાં ફ્રોલો કોઈ હર્ષની લાગણીથી પ્રેરાઈ પ્રસન્નતા વ્યક્ત કરે છે ને તે જોઈ ક્વાસિમોદોની એસ્મીરાલ્દાની આ હાંસી જોઈ, તેને ત્યાંથી ધક્કો મારી નીચે પાડે છે. પછી તે દોરડા વડે ઊતરી, એસ્મીરાલ્દાને ઉપાડી, અદૃશ્ય થઈ જાય છે. કેટલાયે સમય પછી એબેના અવશેષો સાથે મળે છે. આ હૃદયસ્પર્શી કથા પ્રકાશકના દબાણ હેઠળ હ્યુગોએ ઉતાવળમાં ૧૮૩૧માં સર્જી. તેમાં મધ્યકાલીન ફ્રાન્સનું જીવન નોત્રાદામ ચર્ચનું અસરકારક વ્યક્તિત્વ, સંજોગો વિપરીત હોવા છતાં, ધારે તો વ્યક્તિ તેની અવગણના કરી શકે એ ભાવના, ક્ષુદ્ર અને કલુષિત વાતાવરણમાં ઉછરેલી એસ્મીરાલ્દા નિર્દોષ અને ઉચ્ચભાવી રહી છે, ફ્રોલો ધાર્મિક વાતાવરણમાં રહી અનૈતિક બને છે.


વર્ષોની વણઝાર ચાલુ રહી. હ્યુગોના જીવનમાં પરિવર્તનો આવ્યાં અને ૧૮૪૦માં આરંભાયેલી આ નહાનવલ 'લે મિઝરાબ્લ' કેટલાયે મનોમંથન પછી ૧૮૬૧માં પાંચ વૉલ્યુમમાં પ્રસિદ્ધ થઈ. એમાંનાં કેટલાંક પાત્રો - બિશપ મ્યુરીઅલ, વાલઝાં જીવનમાંથી જડ્યાં હતાં. ડિકન્સની કૃતિઓ જેમ અહીં પણ સમાજની દૂષણો - કાયદાની નિર્દયતા, અપાત્ર સજા, વિપરીત સંજોગોમાં થયેલાં ગુન્હા માટે કારમી વેદના - ને વિશિષ્ટ ધ્યાન માટે આગળ લાવવામાં આવ્યાં છે. વહાણોનો ગુલામ તરીકે વર્ષો સુધી યાતના - કેવળ પાંઉના ટુકડાની 'ચોરી' માટે - જીવન સુધારવા માટે ન અપાતી કોઈ પણ તક આ સર્વે ઝાં વાલઝાંના દયનીય પાત્ર દ્વારા દર્શાવાયું છે. વળી, ક્ષમાને લીધે દુર્જન પણ સુધરી શકે તે સ્પષ્ટપણે બતાવાયું છે. ઝાં વાલઝાં ઉપરાંત જેવર્ત પણ આ દયાભાવે પરિવર્તન પામે છે.

ઝાં વાલઝાંએ ભૂખે મરતા પરિવાર માટે પાંઉંનો એક ટુકડો 'ચોર્યો' જે માટે તેને ૧૯ વર્ષની ગુલામ તરીકેની સજા થઈ. છૂટ્યો પછી પણ કોઈ આ 'ગુલામ'ને જરાયે સહાય કરતું નથી. તે એક પાદરીને ઘેર પહોંચે છે ને તેને આવકાર ઉપરાંત રાતવાસો કરવાનું નિમંત્રણ પણ મળે છે. વર્ષોથી કલુષિત વાતાવરણમાં ગુન્હેગારો વચ્ચે, અમાનુષી આબોહવામાં રહેલી આ વ્યક્તિ આ ભલમનસાઈ સમજી શકતી નથી અને બદલામાં થોડી ચાંદીની વસ્તુઓ સાથે સવારે નાસી જાય છે પણ તે પકડાય છે અને પોલીસ તેને પાદરી મ્યુરીઅલ સમક્ષ ખડો કરે છે, તેના આશ્ચર્ય સામે તે ધર્મગુરુ, 'આ ચીજો તો ભેટ તરીકે આપી છે ને બીજી કેટલીય લઈ જવાની બાકી છે' એમ કહી તેને નિર્દોષ ઠરાવે છે. આ અણધારી અસાધારણ દયાથી તે પરિવર્તિત થાય છે. વર્ષો વીતે છે એમ તે ધનિક વેપારી બને છે, નગરપતિ પણ. હવે તે ગામનો પોલીસ ચીફ - જેવર્તને સંશય છે કે આ જૂનો ગુનેગાર છે, અને તેમ હોઈ નગરપતિ ન બની શકે. પણ એ અરસામાં ખબર આવે છે કે 'ઝાં વાલઝાં' પકડાયો છે (ખરેખર તો કોઈ ભળતો માણસ પકડાયો છે) - પણ આ સુધરેલા નગરપતિને જજ પાસે કબૂલ કરી, ફરીથી ગુલામપદ સ્વીકારવું ઉચિત લાગે છે અને આમ, જેવર્તને અને પેલા પકડાયેલા નિર્દોષ માણસના હિતાર્થે તે ફરી ઘૃણા તથા વેદના સ્વીકારે છે. થોડાં વર્ષો પછી, ફરી નાસી જઈ, એક સ્થળે તે આવે છે. ભૂતપૂર્વ નોકરની પુત્રી, કોસેતને દત્તક લે છે ને એક માળી તરીકે કોઈ કોન્વન્ટમાં કામ કરે છે. આ કોસંત, ઉંમર વધે, મેરીઅસ નામના વિદ્યાર્થીને પ્રેમ કરે છે. 'પિતા'ની ઈચ્છા વિરુદ્ધ પત્રવ્યવહાર શરૂ કરે છે. તે સમયમાં ફ્રાંસમાં આંતરિક યુદ્ધ આરંભાય છે અને મેરીઅસ તેમાં ભાગ લે છે, પેલો 'માળી' પણ, મુક્તિ માટે, પોતાના પકડાઈ જવાના ભ્રમને ભૂલી, આ યુદ્ધમાં ઝંપલાવે છે ને જેવર્ત મળતાં, તેને ઠાર મારવાને બદલે જવા દે છે. આથી જેવર્તમાં પરિવર્તન આવે છે ને તે આત્મહત્યા કરે છે. પછી તે મેરીઅસને બચાવે છે ને પૅરીસની ગટરોમાંથી તેના દાદાજીને ઘેર સારવાર માટે, પોતે નેપથ્યમાં રહી, લાવે છે. હવે તેને થાય છે કે આ ઉભયનો પ્રેમ સાચો છે. તે પોતે વચમાંથી ખસી જાય છે - એમ માનીને કે આ ભૂતકાળના 'ગેલી સ્લેવ'નું સાન્નિધ્ય કોસેત માટે હિતાવહ નથી. તે પોતાની સમૃદ્ધિ કોસેતને નામે કરી, દૂર જાય છે જ્યાં તેના 'દેહાંતપૂર્વે' આ લોકો આવે છે, તેમને પેલી પાદરીને ત્યાંથી ચોરેલી વસ્તુઓ સોંપીને મરણ પામે છે. આમ, પોતાના કાર્યગ્રસ્ત કરુણ જીવન છતાં, હ્યુગોએ સામાજિક, ઐતિહાસિક, બોધદાયક, છતાં મનોરંજક સાહિત્ય સર્જ્યું. તેમાં વોલ્ટર સ્કોટની કે ત્રણ મંક લૂઈની છાયા વાચકને મળશે. રોમાન્સ અને વાસ્ત-વિકતાનું સહઅસ્તિત્વ પણ દેખાશે. મુખ્ય કથા સાથે સંબંધ ન ધરાવતા વિષયાંતરો પણ અનુભવાશે, તત્કાલીન વાચકને આ પ્રિય હતા તેને માટે સમય અને વૃત્તિ પણ હતાં. વર્ણન પણ હવે મૂલ્યવાન થયા છે. આમ, હ્યુગોએ સાહિત્યને નવી દિશાઓ બતાવી, અમર પાત્રો ઉમેરી, પોતાના જીવનને યથાર્થ કર્યું.

- મહેન્દ્ર ન. પંડ્યા

નરસિંહ મહેતા ઍવૉર્ડ પ્રસંગે ઘાયલસાહેબને અભિનંદન

બાજુમાં ગુલ અને નજરમાં બહાર,
હાથમાં જામ, આંખડીમાં ખુમાર;
આવી પહોંચી છે સવારી ઘાયલની,
બા-અદબ બા-મુલા હિજા હુશિયાર.



આ મુક્તક બોલતાં બોલતાં ઘાયલસાહેબે કંઈ કેટલીયે વાર મુશાયરાઓમાં પોતાના આગમનની ઠસ્સેદાર

જાહેરાત કરવા ઉપરાંત આગવા વ્યક્તિત્વની પિછાણ આપી છે, એ આજદિન સુધી અકબંધ છે.

૩૦, સપ્ટેમ્બર ૧૯૧૫માં જૂનાગઢ જિલ્લાના સરધાર ગામે જન્મેલા અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટનો અભ્યાસ તો મૅટ્રિક સુધીનો જ. 'ઘાયલ' એમનું તખલ્લુસ. કૉલેજમાં વધુ અભ્યાસાર્થે દાખલ થયા પરન્તુ ૧૯૪૮માં કૉલેજ છોડી દીધી. ગઝલ લખવાની શરૂઆત કરી ૧૯૩૯થી. ૧૯૩૯ થી ૧૯૪૯ દરમિયાન પાજોદ દરબારના રહસ્યમંત્રી તરીકે સેવાઓ આપી હતી. પછી જાહેર બાંધકામ ખાતામાં વિભાગીય હિસાબનીશ તરીકે સાવરકુંડલા, ભૂજ, આદિપુર અને અમદાવાદમાં સેવા આપી હતી. 'શૂળ અને શમણાં' એમનો પ્રથમ ગઝલસંગ્રહ. અન્ય સંગ્રહો તે 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ' અને 'ગઝલ નામે સુખ'. એમની સમગ્ર રચનાઓનો સંગ્રહ 'આઠોં જામ ખુમારી' ૧૯૯૪માં પ્રસિદ્ધ થયો હતો. ૧૯૯૩માં એમને રણજિતરામ સુવર્ણ-ચંદ્રક એનાયત થયો હતો. આજે નરસિંહ મહેતા ઍવૉર્ડ મળે છે, તેથી આ લખનાર રાજીના રેડ છે.

અર્વાચીન ગુજરાતી ગઝલના પ્રથમ તબક્કાના શયદા યુગ ભણી નજર કરું છું ત્યારે કેટકેટલા શાયરો આંખ આગળ તરવરે છે! શયદાસાહેબ, નસીમ, સગીર, 'સાબિર' વટવા, 'મજનુ', મરીઝ, સૈફ, શૂન્ય, બેફામ, ગની, કિસ્મત, ઘાયલ અને બીજા અનેક...

આ સૌમાં લાંબા વખત સુધી એકધારું લખી, પોતાને અને ગુજરાતી ગઝલને વિકસાવનાર કોઈ એક શાયરનું નામ લેવું હોય તો, હું હરગીઝ, અમૃત ઘાયલને આગળ કરું.

અમૃત ઘાયલ કેવા શાયર છે, એ એમના શૅર પરથી સમજાશે.

લાજના ભાવથી નમી તે ગઝલ,
જે પ્રથમ દૃષ્ટિએ ગમી તે ગઝલ.

•

મરવાની અણી પર છું છતાં જીવી શકું છું
સંદેહ તને હોય તો, આ પડખું ફર્યો, લે!

•

મધરાતે આમ કોણ રડે રાતે પાણીએ?
એ પણ કોઈ તળાવ-વછોયાં કમળ હશે!

•

અનેક વર્ષ રહી એમનું જ અંગ બની
પણ આંગળીઓ કળી ના શકી હથેલીને!

•

આ તારી ગલીથી ઊઠી જવું
સાચે જ નથી મુશ્કિલ કિંતુ
તું સાંભળશે તો શું કહેશે!
બસ એ જ વિચારે ઊભો છું.

•

'ઘાયલ' નહોતા ધાર્યા અમે આવા અટપટા
અમને તો એમ શબ્દ સ્વભાવે સરળ હશે.

•

મોજ સઘળી એમનાથી હેઠ છે
શાયરી બહુ ખૂબસુરત વેઠ છે.

•

જોયો છે મેં એક વખત ધૂળ ચાટતાં
પાછો સમય પડ્યો જ નથી એમ પણ નથી.

•

હું હજી પૂર્ણ ક્યાં કળાયો છું?
અડધોપડધો જ ઓળખાયો છું

•

લોકો તો હવે ફૂટડાય મળ્યા, જીવરા મળ્યા;
કેવળ સંબંધીઓ જ સખત ખોચરા મળ્યા.

•

શમણાંમાં બોલો શું જોયું!
ડાબાં હો કે જમણાં શમણાં.

•

નહિ તો સિતારા હોય નહીં આટઆટલા
કોઈ વિરાટ સ્વપ્નના ચૂરા થયા હશે.

•

લાગે છે થાક એવો કે ક્યારેક વાતમાં,
સમજી હવાને ભીંત અઢેલી જવાય છે.

•

એ વળે છે એટલે ઘેરી મને,
ઓળખે છે ૧૯મી શેરી મને.

•

અત્રે પ્રસ્તુત છેલ્લા બે શેર જેવા અનેક એમની ગઝલોમાંથી મળી રહે, જે એમના સમયના મોટા ગજાના ગઝલકારો માટે લગભગ દૂરની વાત છે.

વાગ્મિતા અને મુખરપણું ઘાયલસાહેબનો વિશેષ છે, એમ મર્યાદા પણ. એમનો છાક સ્થૂળ બને તો કેવો હોય એનો એક નમૂનો :

નથી હોતી કદી 'ઘાયલ' બધામાં શૅરની સમજણ,
ગુણીઓ પણ ઘણા સમજ્યા વગરની દાદ આપે છે.

એ પણ ખરું કે એમની શબ્દ-પસંદગી, રચના-રીતિ, ભાષા-પ્રયોગ, લાંબી-ટૂંકી બહેરમાં આસાનીથી વિહાર કરતી પ્રક્રિયા, જૂનામાં નવું અને નવામાં જૂનું રૂપ આપવાની પ્રતિભા, બોલચાલની લઢણ, મીઠીમધ અને તીખી તમતમતી સોરઠી ભાષાના અનેક કાકૂઓ, લહેકાઓ ઘાયલના જ.

વયે, ઉંમરે આમ તો અમારા કરતાં ઘણા મોટા, તેમ છતાં એ અમારા રે-મઠના કવિ પણ છે. અમદાવાદ આવવાનું કારણ બને, કે અમદાવાદ આવવા કારણો ઊભાં કરે એવી એમની દોસ્તી.

અમે એ વખતે ગુજરાતી સાહિત્યને અનેક નવાં કાવ્યસ્વરૂપોની સર્જન-લહાણ કરવાના મૂડમાં હતા. તેમાં 'તન્હા' અને 'હાઈકુ' મુખ્ય હતાં. 'તન્હા' દરેક કવિ પોતાના નામે જ લખતા. 'હાઈકુ' સામુહિક હતાં. બધાને જ્યારે જેવો સમય-મૂડ મળે ત્યારે લખાય. ઘાયલસાહેબ પણ અમારી સાથે 'હાઈકુ' લખે. એ લખવા માટે પણ ખાસ આવે. એનો એક સંગ્રહ અમે 'ડાબા હાથનો ખેલ' નામે પ્રકટ કર્યો હતો, જે ખૂબ વખણાયો હતો અને હાલ અપ્રાપ્ય છે.

અમારા એક લા-જવાબ કવિ-સંમેલમાં તેઓએ હોંશેહોંશે પ્રમુખ રહી સ્વ-રચિત ગઝલોનું વીરોચિત પઠન કર્યું હતું.

ગુજરાતી ગઝલનાં આજ સુધીનાં સંપાદનોમાં જે સર્વશ્રેષ્ઠ પુરવાર થઈ ચૂક્યું છે તે 'ગઝલ-ઉસને છેડી'ના માતબર ગઝલકાર પણ તેઓ ખરા જ.

એમની સાથે મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અમદાવાદ, સુરેન્દ્રનગર અને ક્યાં ક્યાં કેટ-કેટલા મુશાયરાઓમાં ભાગ લેવાનું બન્યું છે, એનાં અનેક સુખદ સ્મરણો છે.

સદાય કોટ, પેન્ટ, ટાઈ-માં સજ્જ, ચળકતી અને ચમકતી આંખોવાળા, બોલકા, ટીખળ કરતા, હસતા, હસાવતા, ગેલ-ગમ્મતો કરતા, રોષ-ગુસ્સો-હર્ષ-આવેશ-આઘાત-પ્રત્યાઘાત આપવામાં જરાય પાછી પાની ન કરતા, આ શાયર છેલ્લા ત્રણેક વર્ષથી ચૂપ છે. એમની શારીરિક અવસ્થા એમને સરખી રીતે બોલવા પણ દેતી નથી. તે કારણ હોય, પણ એમણે લખવાનું બંધ કર્યું છે.

અગાઉ, અને આ પ્રસંગે મેં એમને કૉલ કરી વિવેક કર્યો કે તમે લખવાનું શરૂ કરો. તમારી ગઝલો અમે રજૂ કરીશું પણ ઘાયલ જેનું નામ એ શેં માને? એમણે કચકચાવીને હું સમજું એ ભાષામાં 'નન્નો' ભણી દીધો.

હું સમજું છું ત્યાં સુધી એમને મન રચાય-છપાય-બોલાય-સંભળાય-એક સતત પ્રક્રિયા છે. એનો કોઈ ખંડ ન હોય. એ હોય તો અ-ખંડિત હોય.

ગાયત્રી મંત્રના જપ-તપમાં રત એમને એમના એક 'મક્તા'થી વંદન અને અભિનંદન.

'ઘાયલ' મને મુબારક આ ઊર્મિકાવ્ય મારાં;
મેં રોઈને ભર્યાં છે, એ રણ મને ગમે છે.

- મનહર મોદી

—— અવલોકન ——

આભિજાત્ય જીવનની ગાથા



હકારાત્મક અભિગમથી સમાજનાં પ્રત્યેક વ્યક્તિનું હૃદય જીતનાર, વિચક્ષણ, વ્યવહારુ, નિર્ભય, તટસ્થ, બ્રહ્મતેજથી ઓપતા, વિદ્વાન, નિરાભિમાની, સત્યનિષ્ઠ, પરહિતસાધક, કાબેલ વહીવટકર્તા, સહિષ્ણુ, નિઃસ્પૃહી, કવિહૃદયી અને સદાય મનની બારી ઉઘાડી રાખનાર પ્રભાશંકર પટ્ટણીના વ્યક્તિત્વને ઉજાગર કરતા વિવિધ લેખો દ્વારા મુકુન્દરાય પારાશર્યે પિતૃ-મહિમાનું સરળ ભાષામાં બ્યાન કર્યું છે. 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' એ ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીનું સંપૂર્ણ ચરિત્ર નથી પરંતુ જીવનચરિત્રાત્મક લેખોનો સંચય છે. ચરિત્રલેખન એ લેખકનો આશય પણ નથી. અહીં માત્ર એમના જીવનના વિવિધ પ્રસંગો દ્વારા એમના ઊજળા વ્યક્તિત્વને અભિવ્યક્ત કરવાનો અભિગમ રહેલો છે. અલબત્ત, એમાં ક્યાંય અતિશયોક્તિ નથી. સાથે સાથે ક્યાંય એમની મર્યાદા, ક્ષતિ કે નબળાઈને વ્યક્ત કરાઈ નથી. વળી, સળંગ ન લખાયેલ હોઈ પ્રસંગોનું પુનરાવર્તન પણ છે. પરન્તુ એમની જે છબિ પ્રાપ્ય થઈ છે તે અવશ્ય પ્રેરણાત્મક છે. અવારનવાર એમના ઔદાર્યનો પરિચય થાય છે. 'પૂર્વજોની અનોખી જીવનગાથા'થી 'પ્રસંગ દર્પણે પ્રભાશંકર' લગીના ઓગણીસ લેખોમાં એમની જીવનગતિ અને જીવનછબિને અભિ-વ્યક્ત કરવામાં મુકુન્દરાય પારાશર્ય ખાસ્સા સફળ રહ્યા છે.

ક્ષમા જાણે પ્રભાશંકર પટ્ટણીનું સૂત્ર હતું! પ્રત્યેક ઘટના-બનાવમાંથી સંવાદિતા શોધવાનું બ્રહ્મલક્ષણ જાણે એમનો આચાર હતો! ભાવનગર રાજ્ય અને નરેશ પરત્વેની એમની નિષ્ઠા અપાર હતી. અન્ય રાજ્યોની તુલનાએ ભાવનગરની મહત્તા જળવાઈ રહે એ એમનું લક્ષ્ય હતું. આથી જ વિનયપૂર્વક એ ગાંધીજીને પણ કહી શક્યા હતા : 'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું ને હું આપની સામે બેસું.' એમની બુદ્ધિમત્તા અપૂર્વ હતી. અંગ્રેજ અમલદારના શબ્દો આ સંદર્ભે ટાંકવા યોગ્ય છે : 'તમારે શ્રી પ્રભાશંકર સાથે મતભેદ દર્શાવવો હોય અથવા લડવું હોય તે કાગળ પર કરજો. કદી પણ તેમને રૂબરૂ મળીને વાત કરશો નહિ, નહિ તો તે તમને પોતાના મતના કરી નાખશે.'

મિ. કીલી સાથેના એમના લાંબા પત્રવ્યવહારમાં પ્રભાશંકર પટ્ટણીની નિસ્પૃહતા સાથે વિચારની મક્કમતાનાં દર્શન થાય છે અને છતાં મિ. કીલી પ્રત્યે મનમાં જરાય રાગદ્વેષ રહ્યો નથી. એ એમના ઔદાર્યનું દ્યોતક છે. ભાવનગર નરેશ ભાવસિંહજી હોય કે સોનાની ઘડિયાળ ચોરનાર સંત હોય, બૅંકમાં પૈસા લેવા આવનાર વૃદ્ધા હોય કે એમના વિષે અપશબ્દ બોલનાર જ્ઞાતિજન હોય, પ્રભાશંકર પટ્ટણીનું સૌજન્ય એકસરખું રહેતું. પોતાની વ્યથા કે ભાવના ક્યારેક શબ્દસ્થ કરતાં ત્યારે એમનું કવિહૃદય છતું થતું. એમની એક ખૂબ જાણીતી કવિતા છે 'ઉઘાડી રાખજો બારી' એની પ્રથમ પંક્તિ આમ છે :

'દુ:ખી કે દર્દી કે કોઈ ભુલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી'

પારાશર્યે નોંધ્યું છે કે 'અહીં

'બારી' શબ્દ મૂકી પ્રભાશંકર એમ કહેવા ધારે છે કે 'દીન, દુઃખી અને ખોટે રસ્તે ચઢી ગયેલાને વિસામો આપી તેને સહાયરૂપ થવા માટે બીજાઓ ન જાણે તે રીતે ગોઠવણ કરવી જોઈએ.'

અન્ય કવિતાની થોડીક પંક્તિઓ એકમના કવિત્વને સમજવા માટે ખપની છે. મહદ્અંશે બોધ એ જ એમનો આશય છે.

'આહિરમાં જન્મ તોય દેવ, દેવકેરા
શ્યામ શરીર તો ય વલ્લભ અનેરા.
લિંગ કે સ્વરૂપ માણસાઈની સીમા
ભૂતદયા એ જ પ્રભુતા અને ગરીમા.'

•

'જેવી જેને નજર ન પડે, વક્ર તલવારોની,
ખાયે જેઓ ઉદર ભરીને, પંક્તિ દૂર્વાંકુરોની;
ઠંડાં વારિ નદી-સર તણાં, પી નિરાંતે ભમે છે,
તેવી સાદી હરિણશિશુની, જિંદગાની ગમે છે.'

પ્રભાશંકર પટ્ટણીની હત્યા કરાવવાના પ્રયત્નો નિષ્ફળ થયા પછી રચાયેલું મુક્તક એમની સાત્ત્વિકવૃત્તિને છતી કરે છે :

'મારી આખી અવનિ પર જિંદગાની વિશે મેં,
રાખી હોય મુજ રિપુ પરે દૃષ્ટિ જે રીતની મેં,
તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ!
તોયે તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'

જર્મન સાથે યુદ્ધટાણે ઈંગ્લન્ડના રાજા પંચમ જ્યોર્જ સહિત રાષ્ટ્રની સામુદાયિક પ્રાર્થના હતી તેના વિષે અભિપ્રાય આપતાં પ્રભાશંકર પટ્ટણીએ કહ્યું હતું — 'આજે અત્યારે જર્મનો પણ આવી જ પ્રાર્થના કરતા હશે ને? પ્રાર્થના જેની કરીએ છીએ તે આપણા, જર્મનોના અને સહુના પિતા છે.'

મુકુન્દરાય પારાશર્યે પ્રભાશંકર પટ્ટણીના આભિજાત્ય જીવનની ગાથા અભિવ્યક્ત કરીને એક પ્રેરણાત્મક ચરિત્ર આપ્યું છે. જે આજના યુગની સાચી આવશ્યકતા છે.

(પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વ-દર્શન', લેખક : મુકુન્દરાય પારાશર્ય, પૃ. ૧૬+૧૬૦, આવૃત્તિ ત્રીજી, ૨૦૦૨, કિંમત : રૂ. ૮૦-૦૦, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ)

વિચિત્ર નહીં, વિરલ આત્મગાથા

આત્મકથામાં એ વ્યક્તિની નિજકથા તો કેન્દ્રમાં હોય જ છે પણ તે સતત જાતની જ વાત કરતો નથી. એની આજુબાજુની કથા પણ એમાં સહજતાથી ભળી જાય છે. તેના સમયની રાજકીય, સામાજિક, ધાર્મિક કે સાંસ્કૃતિક ઘટનાનું આલેખન પણ થઈ જાય છે. ક્યારેક આત્મકથાનો લેખક આત્મવૃત્તાંતની સાથે પોતાના 'હું'ને અત્યંત મોટો બનાવી દે છે ત્યારે એ માત્ર અહંની કથા બની રહે છે અને સત્ય જાણે આવૃત્ત થતું લાગે છે! તો ક્યારેક કોઈક એ 'હું'ને તદ્દન પીગાળી નાખે છે, છતાં ય સત્યને ક્યાંય આંચ આવતી નથી. શ્રીકાન્ત આપટેની આત્મકથા 'હું'—જેનું ઈતર નામ છે 'એક વિચિત્ર વ્યક્તિની દેહાત્મકથા'—પોતાના 'હું'ને પીગાળી નાખતી આત્મગાથા છે. આયાસ વગરની અભિવ્યક્તિ અને રમતી નદી જેવું ગદ્ય શ્રીકાન્ત આપટેની રોકડી જણસ છે.

આ આત્મકથા પ્રસ્તારયુક્ત નથી કેમ કે આપટેનું જીવન નક્કર કામમાં વીત્યું છે. કામનો ઝાઝો દેખાડો એમની રુચિ વિરુદ્ધની વાત છે. એટલે માત્ર સંકેતથી ઘણું બધું કહેવાયું છે. ચાર ખંડમાં આ આત્મકથા વહેંચાયેલી છે. પ્રથમ ખંડ 'બાલકાંડ'માં બાળપણની સાહજિક વાતો છે. એમને મન 'જન્મભૂમિ એટલે દેહની અલ્પતાથી માંડીને આત્માની વિશાળતા. જન્મભૂમિ એટલે માતાના ઉદરથી માંડીને બ્રહ્માંડની ઉદારતાની યાત્રા, પરમાણુથી પરમાત્મા સુધીની!' અસ્પૃશ્યતાનો ખાસ્સો પરિચય એમને થયો હતો. પરન્તુ એમનું મન બાળપણથી અલગ ધારાએ વહેતું હતું. 'રોટલો આપતાં સુગંધીના પાલવનો છેડો અડી જાય તો ધર્મનું શું? ધર્મ દોદળો થઈ ગયો હતો, તૂટવાનું નિમિત્ત જ શોધતો' એવું વિચારતાં આપટે 'અછૂત ગાળો પણ બ્રાહ્મણોના મુખેથી નીકળે ત્યારે તે શુદ્ધ થઈ જાય છે.' એમ કહે છે તે આક્રોશની જ મૃદુ અભિવ્યક્તિ છે. એ સતત અશુદ્ધ થતાં રહ્યા છે. ને મામા એમની શુદ્ધિ કરતા રહ્યાં છે. એમને ફકીર બનવાની ઘેલછા પણ થઈ છે. જિજ્ઞાસા એ જ આપટેના બાળજીવનનો ખંડ છે.

બીજા ખંડમાં ગાંધીજીના સંપર્કે એ પુત્ર મટી રાષ્ટ્રપુત્ર બને છે એની ગાથા છે. પણ તે પૂર્વેનું માનસ કેવું હતું! એમના શબ્દોમાં જોઈએ : 'એક તરફ ક્રાંતિકારી સાવરકર બંધુઓનો સંકેત, અને ડૉ. મુંજેની રણભેરી. એક તરફ ક્રાંતિદળ, બીજી તરફ શાંતિદળ, કેટલી હિંસા-કેટલી અહિંસા, કેટલું સત્ય - કેટલું અસત્ય? હિંસા તો જૂની અજમાવેલી શક્તિ હતી, પરન્તુ અહિંસા અને તે પણ સ્વરાજપ્રાપ્તિ માટે નવો પ્રયોગ હતો.'



બન્નેના વિકલ્પે એમણે 'શાંતિમય ક્રાંતિદળ'ની સ્થાપના કરી હતી.

સમાજસુધારણામાં જયા સાથેનો પરિચય લગ્નમાં પરિણમે છે. પણ એ સગર્ભાવસ્થામાં બલિદાન આપે છે. નાઈનું સ્મારક બનાવવા જીવન-પર્યંત દાઢી-વાળ ન કતરાવવાનો સંકલ્પ કરે છે.

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



અંદરથી પૂર ઊમટ્યું છે દરવાજો ખોલ,
ધણ તેજ તિમિરનું છૂટ્યું છે દરવાજો ખોલ.

- શ્યામ સાધુ



જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે 'ગની'
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે!

- ગની દહીંવાળા

રાંદેર એમનું કર્મક્ષેત્ર બને છે. રાંદેરમાં હાજીમિયાંને કહે છે – 'હાજીમિયાં, મુઝે તો નેક બનનેમેં હી દિલચશ્પી હૈ, હિન્દુ-મુસ્લિમ બનનેમાં નહીં હૈ, હિન્દુ-મુસ્લિમ બનના તો આસાન હૈ, નેક બનના હી મુશ્કિલ હૈ.' ઋષિખેતીનો એમનો પ્રયોગ એ રાષ્ટ્રપુત્ર આપટેની આગવી શોધ છે. આ જ ખંડમાં સેવાપુરીમાં પદયાત્રી બનીને જાય છે તેનું સરસ વર્ણન છે. 'આત્મવિશ્વાસ જ્યાં ડગી જાય છે ત્યાં જ વિશ્વાસઘાત થાય છે' એ એમના અનુભવનો સાર છે. પદયાત્રા બાદ ભૂદાનયાત્રામાં જોડાયા પછી ગુજરાત છોડીને પંજાબ તરફ પ્રયાણ કરે છે.

'પરમાત્મા સાથે પ્રીત' એ ત્રીજો ખંડ છે અને એમાં આપટેની ચિંતનમુદ્રાનો પૂર્ણ ઉઘાડ છે. 'જડથી ચેતન ચડિયાતું છે, જડ સાધન છે, ચેતન સાધ્ય' એમ કહેતાં આપટે 'ધર્મયુદ્ધ' સંદર્ભે લખે છે કે 'ધર્મને અને યુદ્ધને શો સંબંધ? ધર્મમંથન હોઈ શકે. ધર્મ કોઈ પથ્થર નથી કે માંહેમાંહે અથડાયા કરે. ધર્મ તો વહેતો પ્રવાહ છે. પાણી-પાણીની સાથે ટકરાતું નથી. એકબીજાંમાં ભળી જાય છે. ધર્મ એ પથ્થર જેવી કોઈ જડ વસ્તુ નથી. ધર્મ તો ચેતન છે, અને ચેતનનો ચેતન સાથે સંગમ થાય છે.'

આપટે કૃષ્ણને વ્યાસનો આત્મા અને અર્જુનને બુદ્ધિ માને છે. એમના મતે ગીતાનો ક્રાંતિકારી શ્લોક છે : 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' પોતાના વસિયતનામામાં એ લખે છે : 'હું તો સત્તાશૂન્ય, સંપત્તિશૂન્ય – બસ ફક્ત એક શૂન્ય... શૂન્ય... શૂન્ય છું. શૂન્ય બરાબર પૂર્ણ બ્રહ્મ.' આવા આપટે નાટકના જીવ છે તો કવિજીવ પણ છે. એમની કવિતા અર્થસભર હોય છે. એમાં સંભળાય છે આર્ષવાણી. એમાં એક ધ્યેયનિષ્ઠ વ્યક્તિનો અવાજ છે. બળવંત અવાજ છે.

આ આત્મકથામાંથી પસાર થતાં એક સરળ અને કર્મથી વિરલ વ્યક્તિની પ્રેરણાત્મક આત્મગાથા પ્રાપ્ત થાય છે અને મન એમને વંદન કરવા પ્રવૃત્ત થાય છે.

('હું' શ્રીકાન્ત આપટે, અનુ.: મનુ પંડિત, પુનઃમુદ્રણ : ૨૦૦૨, પૃષ્ઠ સંખ્યા ૨૦+૧૨૮, કિંમત રૂ. ૬૦, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯)

-પ્રફુલ્લ રાવલ

કંકાવટી

દીના ગાંધી, સદ્ગત

ભવાઈ શૈલીના 'મેના ગુર્જરી' નાટકમાં અભિનય કરીને ગુજરાતી રંગભૂમિને નામ રળી આપનાર દીના પાઠકે આ વિશ્વરંગભૂમિ પરથી ૧૧ ઑક્ટોબર ૨૦૦૨ના રોજ વિદાય લીધી. એ સાથે ગુજરાતી રંગભૂમિનો એક અધ્યાય પૂર્ણ થયો. દીનાબહેન અને રંગભૂમિ જાણે અભિન્ન હતાં.



આજીવન અભિનય સાથે જ નાતો રાખ્યો. હિન્દી ફિલ્મોમાં પણ એમણે ગુજરાતનું નામ કાઢ્યું. ૪ માર્ચ, ૧૯૨૩માં કપોળ જ્ઞાતિમાં અમરેલીમાં જન્મેલાં દીનાબહેન કિશોરાવસ્થાથી સ્વભાવે બળવાખોર હતાં. પિતા કાલિદાસ ગાંધી વાસ્તુવિદ્ (architect) હતા. પ્રારંભિક શિક્ષણ અમરેલીમાં લઈને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસાર્થે જોડાયા. રંગભૂમિ પરનો અનુરાગ અહીં પાંગર્યો. ચં.ચી. મહેતાના 'આગગાડી'થી એમણે ગુજરાતી રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. પણ એ પૂર્વે ૧૯૪૧માં સરદાર જાફરીના 'યે કિસકા ખૂન હૈ' એ હિન્દી નાટકમાં અભિનય કરીને હિન્દી રંગભૂમિ સાથે નાતો બાંધ્યો હતો. એ સાથે ઇન્ડિયન પીપલ્સ થીએટર એસોસિએશન-ઈપ્ટાનો પ્રારંભ થયો. જેનાં દીનાબહેન સ્થાપક સભ્ય હતાં. ઈપ્ટા સાથે જોડાતાં એ કાળના પ્રખ્યાત કલાકારોનો પરિચય થયો. એ સમયે કલાકારો પર સામ્યવાદનો પ્રભાવ હતો. દીનાબહેન પણ સામ્યવાદી વિચારસરણીથી પ્રભાવિત થયેલાં અને આ જ વિચારધારા ધરાવતા રમેશ સંઘવી સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. પરન્તુ આ લગ્નજીવન લાંબું ન ટક્યું. પંદરેક વર્ષ પછી પુનઃ પંજાબી બલવંત પાઠક સાથે લગ્ન કર્યાં. હવે દીના ગાંધી દીના પાઠક બન્યાં. આ ઓળખ આજીવન રહી.

દીનાબહેનને મજૂર પ્રવૃત્તિમાં રસ હતો. આ પ્રવૃત્તિના લાલઝંડાને લહેરાવવા જતાં મહારાષ્ટ્ર સરકારના તત્કાલીન મુખ્યમંત્રી મોરારજીભાઈ દેસાઈએ એમને જેલ નિવાસનો અનુભવ કરાવ્યો હતો. પરન્તુ દીનાબહેન એથી પણ વિચલિત થયાં નહોતાં. રંગભૂમિને સમર્પિત થનાર આ કલાકારે મ્યુનિસિપલ સ્કૂલના નિરીક્ષક તરીકે નોકરી કરી હતી. 'જય ગુજરાત'નાં પત્રકાર પણ બન્યાં હતાં અને 'સોવિયેત દેશ'ના પબ્લિક રિલેશન ઓફિસરની સેવા પણ બજાવી હતી. થોડોક સમય 'બ્લિટઝ'માં પણ કામ કર્યું હતું.

૧૯૪૮માં ગુજરાતી ફિલ્મ 'કરિયાવર'થી ગુજરાતી ફિલ્મ દુનિયામાં પ્રવેશ કર્યો અને ૧૯૬૭માં બાસુ ભટ્ટાચાર્યની 'ઉસકી કહાની' ફિલ્મથી હિન્દી ફિલ્મમાં અભિનયની શરૂઆત કરી તે લગભગ જીવનના અંત લગી અભિનય કરતાં રહ્યાં. આ અગાઉ કે. અબ્બાસની 'ધરતી કે લાલ'માં નૃત્યના દૃશ્યમાં દેખાયાં હતાં. પરન્તુ અભિનેત્રી તરીકે તો 'ઉસકી કહાની' પહેલી ફિલ્મ હતી. આ યાત્રા વણથંભી રહી. 'કરિયાવર' પછી 'શેણી વિજાણંદ', 'ઘેર ઘેર માટીના ચૂલા' અને પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ' પરથી ઉતરેલી ફિલ્મમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

'ઉસકી કહાની' પછી ગુલઝારની ફિલ્મ 'કોશિશ'માં એમના અભિનયનો વિકાસ હતો. 'ઘરોંદા', 'ઉસકી રોટી', 'મૌસમ', 'મીરાં', 'ચિત્તચોર', 'કિનારા', 'ગોલમાલ', 'ખૂબસૂરત', 'ભવની ભવાઈ', 'મિર્ચ મસાલા', 'ઉમરાવ જાન', 'નરમ ગરમ', 'મોહન જોશી હાજિર હો' અને 'એક પલ' એમની યાદગાર ફિલ્મો હતી. એમના અભિનયમાં તાજગી હતી. પોતાની ભૂમિકાને એ પૂરેપૂરો ન્યાય આપતાં હતાં. એમનું વ્યક્તિત્વ જાજરમાન હતું. કપાળ પર મોટો ગોળ ચાંદલો એમની પ્રતિભાને ઓપ આપતો હતો.

નટમંડળમાં જોડાયેલાં દીનાબહેનને રસિકલાલ ભોજક અને જયશંકર સુંદરી જેવા ગુજરાતી રંગભૂમિના કલાકારોનો સાથ મળ્યો હતો જેથી એમની અભિનય-શક્તિ સોળે કળાએ વિકસી હતી. ટી.વી.ના નાના પડદા પર 'તમસ' અને 'માલગુડી ડેઝ'માં એમણે કામ કર્યું હતું. પરન્તુ એમનો પહેલો અનુરાગ ગુજરાતી રંગભૂમિ જ હતો. પ્રેમાભાઈ હૉલમાં થતાં નાટકોથી એમની કારકિર્દીનો પ્રારંભ થયેલો તેનું સ્મરણ છેક સુધી રાખેલું. ગુજરાતી રંગભૂમિને વિસરાતી જતી જોઈ એ ભારે વ્યથિત થતાં હતાં. નાટ્યશાસ્ત્ર પર મહાનિબંધ લખવાની એમની ઇચ્છા હતી પરન્તુ રંગભૂમિ તરફ વળતાં એ યોજના અધૂરી રહી ગઈ. સુપ્રિયા અને રત્ના એ બન્ને પુત્રીઓએ એમની કળાને સાચવી રાખી છે.

હિન્દી ફિલ્મોમાં કાર્યરત દીનાબહેનની ઓળખ ગુજરાતી રંગભૂમિના કલાકારની જ રહેવા પામી હતી. આવી અભિનેત્રીના અવસાનથી ગુજરાતી રંગભૂમિ સાથે જોડાયેલાં સહુ તથા નાટક સાથે કામ પાડનાર સહુને સ્વજન ગુમાવ્યાની લાગણી થાય તે સહજ છે.

-પ્રફુલ્લ રાવલ

અતીતમાં અવગાહન



નવું વર્ષ

એક ઋતુ–ચક્ર પુરૂં કરીને આજે કુદરત સાહસા બીજું આદરે છે. નથી એને કામનો ભાર, નથી એને થાકનું ભાન, કે નથી કશો જ કંટાળો. કુદરત કને તો સંજીવનની સમૃદ્ધિ ભરી છે.

અને કુમાર, તું કાંઈ ઓછો સમૃદ્ધ છે? તું શું ન ધારે ને શું ન કરી શકે?

નવું વર્ષ: નવાં સવારસાંજ, નવા મહીના અને નવી ઋતુઓ.

તું યે કુમાર, આજ નવો: નવું શૌર્ય, નવાં સાહસ–પરાક્રમ, નવા કોડ અને નવી પ્રેરણાઓ.

આ વરસે તું શું કરીશ તેનો અંદાજ તો તેં કાઢયો હશે. તારી તીવ્ર બુદ્ધિ આકાશપાતાળ ઉકેલવા મથતી હશે; તારૂં અધીરૂં મન દેશદેશની મુસાફરીઓ કરવા ઝંખતું હશે; તારૂં હૃદય કેટકેટલા સ્નેહસંબંધો જોડવા તલપતું હશે; તારી સૃષ્ટિને સાહિત્ય અને કળા વડે સુંદર કરવાની તને હોંશ હશે; તારી ચકોર દ્રષ્ટિ કૈં કૈં ભવિષ્યની ઘડભાંગમાં રમતી હશે.

કુમાર, નવા વરસે તારા એ કોડ પુરા થાઓ. સાથે સાથે, તારી બુદ્ધિમાં નમ્રતા, લાગણીમાં વિવેક, વિદ્યામાં ડહાપણ અને કર્મમાં કલ્યાણ પ્રગટો. આરંભ એવો કર કે અંત શુભ આવે.

અને આશિર્વચન છે કે તું

દેશ ને દીનને અર્થે ઓજસ્વી કર યૌવન;
ચિરંજીવી થજે, બીજો બનીને વીર વિક્રમ.

(કારતક ૧૯૮૧, ઈ. ૧૯૨૪ નવેમ્બર અંકમાંથી)

અંદમાન અને નિકોબાર
(દેશાટન-૪૬)



ભારતની પૂર્વમાં આવેલા હરિયાળીથી ભરપૂર આંદામાન - નિકોબાર ૫૭૨ દ્વીપ ખંડોનો એક સમૂહ છે. આ દ્વીપસમૂહ પર કેન્દ્રનું શાસન છે, અને એની લંબાઈ ઉત્તર-દક્ષિણ લગભગ ૭૦૦ કિ.મી. છે. આ દ્વીપસમૂહમાંથી ૩૬ દ્વીપો આબાદીથી હર્યાભર્યા છે.

આંદામાન શબ્દ 'હનુમાન' શબ્દનું અપભ્રંશ છે એવું મનાય છે અને મલયાલમ લોકો એને 'હંડુમાન' કહે છે. ઘણા પુરાણા વખતથી આ દ્વીપમાં મનુષ્ય-જાતિ નિવાસ કરતી આવી છે. આંદામાન દ્વીપસમૂહમાં ને ગ્રીટો જૂથની ગ્રેટ આંદામાન, ઑંગે, જરાવા તથા સેન્ટીન-લીજ જાતિનાં લોકો વસે છે. નિકોબાર દ્વીપસમૂહમાં મંગોલ જૂથની નિકોબારી તથા શૉમ્પેન જાતિનાં લોકો વસે છે.

દક્ષિણ અને મધ્ય આંદામાન દ્વીપ, નાનો દ્વીપ, નીલ, હેવલોક અને લોંગ દ્વીપ, દિગલીપુર માયાબન્દર, રંગેત, બારાતાંગ દ્વીપ, નૉર્થરા પેસેજ, નાર્કોંદુમ, બ્રધર, સિસ્ટર, બર્રાન દ્વીપો તથા રાષ્ટ્રિય સ્મારક પોર્ટ બ્લેયરની સેલ્યુલર જેલ વગેરે અહીંનાં જોવાલાયક સ્થળો છે. આંદામાન-નિકોબારના પર્યટને જવાનો ઑક્ટોબરથી મે દરમિયાનનો સમય ઉત્તમ છે. ભારતના લોકોને આંદામાન જવાની કોઈ પરવાનગીની જરૂર નથી, પરંતુ નિકોબાર જવા માટે ડેપ્યુટિ કમિશનર, આંદામાન ડિસ્ટ્રિક્ટની પરવાનગી લેવી આવશ્યક છે

('યોગક્ષેમ'ને આધારે)



ફૂલડું ચૂંટે તો કળી ખીલતી તું ચૂંટજે,
વેળા વીત્યે રહે ડાંખળી રે!

જોબન ઝંખે તો ઘડી આજની ન ચૂકજે,
કાલે રે'શે હાડ-પાંસળી રે!

('પનઘટ'માંથી) — *'સ્નેહરશ્મિ'*


સૂર્જાક્રાંતિના સર્જક

એક હોંશિયાર, હિંમતવાન ગુજરાતી યુવક ભણીગણીને વધુ અભ્યાસાર્થે જર્મની જાય છે. જર્મનીમાં વીસમી સદીમાં અનેક ક્ષેત્રે વિકાસ થયો છે. આ દેશે દુનિયાના અનેક દેશોનું પોતીકું જ્ઞાન, વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર વગેરેનો ઊંડો અભ્યાસ કરી પોતાના વિકાસ માટે બહોળો ઉપયોગ કર્યો છે. તેવી જ રીતે સૂર્યશક્તિનો ઝીણવટભર્યો અભ્યાસ અને પાયાનું સંશોધન કર્યું છે.

વલસાડમાં સ્થિર થયેલા શ્રી દીપકભાઈ ગઢિયા અને શ્રીમતી શીરીનબહેન ગઢિયા જર્મનીમાં અભ્યાસ કરી વતનપ્રેમને વશ થઈ ભારત પાછાં આવ્યાં છે. શીરીનબહેન સજીવ ખેતી અને પર્યાવરણનાં વિદ્યાર્થિની છે અને દીપકભાઈ ઊર્જાસ્રોતના અભ્યાસુ છે.

ભારત અને વિશ્વના અનેક દેશોમાં સૂર્યઊર્જા મબલખ છે, અખૂટ છે, મફત છે અને સૌકોઈને મળી શકે તેવી છે. આખા જગતને જરૂરી ઊર્જા સૂર્ય પૂરી પાડી શકે છે. ભારતે તેનો લાભ લેવાનો છે.

ભારતમાં ગુજરાત સજાગપણે આ દિશામાં આગળ વધી રહ્યું છે. એકવીસમી સદીની શરૂઆતમાં ગુજરાતના ખૂણે ખૂણે સૂર્યકૂકરો વપરાઈ રહ્યાં છે અને સૂર્યબંબાની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. શ્રી દીપકભાઈ અને શીરીનબહેન વલસાડ નજીક જૂની ગુંદલાવ ઔદ્યોગિક વસાહતમાં છેલ્લાં ૧૦-૧૫ વર્ષથી સૂર્યશક્તિના વિવિધ ઉપયોગો, તેનો વિકાસ અને તેના વ્યવહારુ ઉપયોગો અંગે સંશોધન કરી રહ્યાં છે. ભારત, જર્મની, સ્વિટ્ઝરલૅન્ડ અને અમેરિકા જેવા દેશો સાથે ગાઢ સંપર્ક જાળવીને અવારનવાર રૂબરૂ મુલાકાતો લઈને, જે તે દેશોના વૈજ્ઞાનિકોનો અને આ વિષયમાં કામ કરતી સંસ્થાઓનો સારો લાભ લઈને વલસાડમાં સ્વાવલંબી સૂર્જાશક્તિના



મહત્તમ ઉપયોગ માટે દિનરાત એક કરી રહ્યાં છે.

શ્રી ગઢિયા સોલર એનર્જી સિસ્ટમ પ્રા. લિ. ઉર્ફે ગઢિયા સૂર્યશક્તિ વિકાસ પ્રા. લિ. (GSES) શ્રી દીપકભાઈ ગઢિયાના સંચાલનવાળી તથા શ્રીમતી શીરીનબહેન ગઢિયાના સંચાલનવાળી ઈન્ટરનૅશનલ સેન્ટર ફૉર નેટવર્કિંગ ઈકોલૉજી ઍજ્યુકેશન ઍન્ડ રીઈન્ટિગ્રેશન (ICNEER-ઈકનેર)

આંતરરાષ્ટ્રિય પર્યાવરણ શિક્ષણ અને સંકલન કેન્દ્ર નામની સંસ્થા શરૂ કરવામાં આવી છે. આ બન્ને કેન્દ્રો એકબીજાનાં પૂરક છે.

શ્રીમતી શીરીનબહેન પર્યાવરણ સંતુલન અને સજીવ ખેતીને કેન્દ્રમાં રાખીને પોતાના જ્ઞાનનો ગુજરાતની જનતાને લાભ આપે છે જ્યારે શ્રી દીપકભાઈ સૂર્યશક્તિના ઉપયોગ માટેનાં સાધનોના વિકાસમાં આગળ વધી રહ્યા છે. તેમના આ વિકાસના કાર્યક્રમમાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનો સાથ-સહકાર પણ મળતો રહે છે.

સ્વિટ્ઝરલૅન્ડના વૉલ્ફગાંગ શેફલર જેઓ સૂર્યઊર્જાના વૈશ્વિક તજ્જ્ઞ વૈજ્ઞાનિક છે તેમની સાથે દીપકભાઈ મિત્રભાવે અને શિક્ષકના નાતે ગાઢ સંપર્ક ધરાવે છે. આજે બન્ને મિત્રો એકબીજાના પૂરક બની સૂર્જાક્રાંતિના સહભાગી બન્યા છે.

જર્મનીની **GTZ** તથા **GATE** સંસ્થાઓ સાથે તેમનો ગાઢ પરિચય છે. અસરપરસ એકબીજાના સહાયક બન્યા છે. જર્મન વૈજ્ઞાનિકો તેમને સલાહ આપે છે. ડો. ટરસાઈફર્ટ જર્મન વૈજ્ઞાનિક તેમની સંસ્થા દ્વારા ભારતને યથાયોગ્ય મદદ કરે છે.

મુંબઈના જર્મન અને સ્વિટ્ઝરલૅન્ડ કૉન્સ્યુલેટની ઑફિસ સાથે દીપકભાઈ ઘરોબો ધરાવે છે. દિલ્લીની સ્વિટ્ઝરલૅન્ડ સરકારની વિકાસ અને સહકારનું કાર્યાલય તેમને સાથ આપે છે.

ભારત સરકારના ઊર્જા અને અવૈધિક ઊર્જા વિભાગ અને ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા વડોદરા શ્રી દીપકભાઈના કામમાં સહકાર આપે છે. આમ, દેશ-વિદેશની સંસ્થાઓ અને વૈજ્ઞાનિકોનો શ્રી દીપકભાઈને સારો સાથ-સહકાર મળ્યો છે તેના પરિણામરૂપે શ્રી દીપકભાઈની કંપની દ્વારા વિકસાવેલ સૂર્યકૂકરો દ્વારા ગુજરાત, કેરાલા, કર્ણાટક, આન્ધ્રપ્રદેશ, તમિલનાડુ અને રાજસ્થાનના પ્રદેશોમાં સૂર્યશક્તિનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે.

ગ્રામ સેવા સમાજ, વ્યારાની શૈક્ષણિક સંસ્થાઓનાં છાત્રાલયો, ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલની હૉસ્પિટલ, ધ્રાંગધ્રાની ૨૮૭ નંબરની બટાલિયન, આણંદની જ્યોતિ વિનય, સંસ્કારધામ સાણંદ, સેવા રૂરલ ઝગડીઆ જેવી અનેક સંસ્થાઓમાં તથા આબુનો બ્રહ્મકુમારી આશ્રમ, પિલાની રાજસ્થાનની બીરલા ટેક્નોલૉજી સંસ્થા, મહારાષ્ટ્રમાં શીરડીના સાંઈબાબા ટ્રસ્ટની ધર્મશાળામાં, આંધ્રના વિશ્વવિખ્યાત તિરૂપતિ બાલાજીના મંદિરના રસોડા ઉપરાંત પંજાબ, બંગાળ અને દિલ્હી પ્રદેશમાં ૧૦૦ કરતાં વધુ મોટાં સૂર્યકૂકરો આજે સફળતાપૂર્વક ચાલી રહ્યાં છે. તેમાં આબુ, સાંઈબાબા, તિરૂપતિનાં સૂર્યકૂકરો રોજના ૫ થી ૧૦ હજાર માણસોની રસોઈ કરી રહ્યાં છે. વિશ્વમાં ચાલતાં મોટામાં મોટાં આ સૂર્યકૂકરો બનાવવાનું અને તેને સફળતાપૂર્વક ચલાવવાનો યશ પણ દીપકભાઈ ગઢિયાને મળે છે.

દીપકભાઈ માત્ર સૂર્યકૂકરના કાર્યક્રમથી અટકી ગયા નથી, હવે આ સૂર્યકૂકરો વડોદરા, અમદાવાદ તથા ભારતનાં અન્ય શહેરોના કારખાનાંઓમાં બને તે માટે અને સ્થાનિક વિકાસ કરવા માટે તેમણે તાલીમની વ્યવસ્થા પણ કરી છે.

સૂર્યકૂકર પછી તેમનાં અનેક પ્રોજેક્ટો આજે પ્રાયોગિક ધોરણે આગળ વધી રહ્યા છે. તે પૈકી ધ્યાન ખેંચે તેવો પ્રયોગ 'સૂર્યસ્મશાન ભઠ્ઠી'નો છે. વલસાડના સ્મશાનમાં દુનિયાની સૌપ્રથમ આવી ભઠ્ઠી બનાવવાની શરૂઆત કરી દીધી છે. ૫૦ ચો.મીટર કાચ અને સ્ટીલની સોલર ડિશ વડે ખાસ બનાવેલી સ્મશાન ભઠ્ઠીમાં મૃતદેહને સૂર્યશક્તિ વડે અગ્નિદાહ આપી શકાશે. આ ભઠ્ઠી ૧૦૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ ગરમી ઉત્પન્ન કરશે અને ૨ થી ૩ કલાકમાં મૃતદેહને રાખમાં ફેરવી નાખશે. એક મડદા માટે ઓછામાં ઓછાં ૩૦૦ કીલો લાકડાં બચાવી શકશે. જ્યારે વાદળછાયું હવામાન કે વરસાદ હશે ત્યારે આ ભઠ્ઠી ગૅસથી ચાલે તેવી રચના કરવામાં આવનાર છે. આ પ્રયોગમાં તેના તજ્જ્ઞ અને સંશોધક સ્વિટ્ઝરલૅન્ડના શ્રી શેફલરનું માર્ગદર્શન અને સહકાર મળ્યાં છે. આશરે ૨૦ લાખના ખર્ચે થનાર આ સૂર્યસ્મશાન ભઠ્ઠી એકાદ-બે વર્ષમાં કામ કરતી થઈ જશે એવી આશા છે.

પારસી સમુદાય દોખમસમાં - ખુલ્લા કૂવાઓમાં - મૃતદેહને મૂકી પક્ષીઓ દ્વારા તેનો વિલય કરવાની પ્રથા છે. એમાં મહિનાઓ લાગે છે તેને બદલે સૂર્યશક્તિ દ્વારા મૃતદેહનો ૨-૪ દિવસમાં જ વિલય થાય તેવો પ્રયોગ શરૂ થઈ ગયો છે અને તે સફળ થયો છે. આવી ડિશ વડોદરામાં બનાવે છે.

સૂર્યકૂકરસહ સૂર્યબંબો રસોડામાં - ઘરમાં રસોઈ કરી શકે તથા રસોઈ થઈ ગયાં પછી નહાવા-ધોવા માટે ગરમ પાણી કરી શકે તેવી રચનાનો પ્રયોગ તેમના જ પોતાના ઘરમાં પતિપત્ની કરી રહ્યાં છે.

સૂર્જા પાવર હાઉસ - સોલર પાવર હાઉસ - સૂર્યશક્તિને નાના-નાના અસંખ્ય સોલરસેલમાં સંગ્રહ કરી મોટી-મોટી ડ્રાયસેલ બૅટરીઓમાં સંગ્રહ કરી રાત્રે ગામડાંઓમાં નાનાં ઘરોમાં તેમજ રસ્તાઓ પર પ્રકાશ આપી શકે તેવાં નાના નાના ગ્રામીણ સૂર્યપાવર હાઉસનો એક નમૂનો તેમની પ્રયોગશાળામાં વ્યવહારુ સંશોધન માટે બનાવ્યો છે.

સૂર્જા દ્વારા દૈનિક ૩૦૦૦ લિટર પીવાનું પાણી શુદ્ધ કરી શકે તેવું સાધન બ્રહ્મકુમારી આશ્રમ આબુમાં કાર્યરત છે.

શ્રી દીપકભાઈ પોતાની કાર્યશાળામાં સૂર્જાશક્તિ અંગેની પ્રત્યક્ષ તેમજ વ્યવહારુ અવૈધિક તાલીમ આપી રહ્યા છે જેનો

લાભ લેવા આ વિષયમાં રસ ધરાવનારા કાર્યકરો, ધંધાદારીઓ અને પ્રયોગવીરોને ખુલ્લું નિમંત્રણ છે. અસંખ્ય લોકો એનો લાભ લઈ આજે ભારતભરમાં અને દુનિયામાં સૂર્યક્રાંતિનો પ્રકાશ ફેલાવી રહ્યા છે.

એકવીસમી સદીના શુભારંભે એક ગુજરાતી વિદ્યાસંપન્ન જોડું પોતાના જીવનની ક્ષણેક્ષણ સૂર્જાક્રાંતિમાં નિર્વ્યાજપણે વિતાવી રહ્યું છે એવાં બહેન શીરીન અને શ્રી દીપકભાઈનો સંપર્ક નીચેના સરનામે કરી શકાય છે.

શ્રી શીરીનબહેન અને દીપકભાઈ ગઢિયા

જૂની ગુંદલાવ ઔદ્યોગિક વસાહત, પ્લૉટ નં. ૮૬,

ગુંદલાવ, તા. જિ. વલસાડ. પિન કોડ - ૩૯૬ ૦૩૫

ફોન : ૦૨૬૩૨-૩૬૩૦૭

- રાજુભાઈ જંત્રાણિયા

થાક લાગવાનાં કારણો અને તેનાં મારણો

ટેન્શન, સ્ટ્રેસ, ફટિંગ અને ડિપ્રેશન ચારેયનો અર્થ ચિંતા, તાણ, થાક અને હતાશા! કોઈ પણ કામ સમયસર પૂરું કરવાની અથવા સારામાં સારું કરવાની ચિંતા આપણા મગજ પર સવાર થાય તો તાણ ઊભી થાય છે. ચિંતાના ભાર સાથે કામ કરવાથી થોડી વારમાં થાક લાગે છે. થાક લાગે તો કામ ધીમું પડી જાય છે. ત્યાર પછી હતાશા પ્રકટે છે. હમણાં જ દિવાળીના તહેવારો ગયા. એનો થાક હજી ઘણાને વર્તાતો હશે.

દિવાળી જેવા પર્વ નિમિત્તે કામ પૂરાં કરવાની આર્થિક ગોઠવણોની ચિંતા થાય એ સ્વાભાવિક છે. આજકાલ આપણા સહુની જીવનશૈલી એવી થઈ ગઈ છે કે આપણે ઉત્સવનો આનંદ પણ નિરાંતે માણી શકતાં નથી. રોજેરોજની જવાબદારી અંગે ચિંતા વળગેલી જ રહે છે. અપેક્ષા પૂરી ન થવામાં મોટેભાગે તો અવાસ્તવિક અપેક્ષા રાખવાનું જ કારણ હોય છે.

કેટલાંક લોકો બધાંને રાજી રાખવા મથે છે અને પછી કોઈ નારાજ થઈ જાય તો ચિંતા કરે છે. જો આખા દિવસના કામનું આયોજન રોજેરોજ એ રીતે થાય કે પૂરતી ઊંઘ જ ન મળે તો વ્યક્તિના સ્વભાવમાં જ ચિંતા-તાણ અને થાક વણાઈ જાય છે. ચિંતા થવાનું કારણ માણસે માણસે બદલાય છે. ઘણાંખરાં માણસો ચિંતા અને તાણમાં એટલા માટે જીવે છે કે એમને લાગે છે, 'એ કર્યા સિવાય છૂટકો જ નથી!'

જો તાણ, ચિંતા અને થાકથી છુટકારો મેળવવો હોય અને હળવા થવું હોય તો સહુથી પહેલાં બીક દૂર કરો. બીક નહીં રાખો તો ચિંતા નહીં થાય. નિરાંત અથવા હળવાશ એને કહે છે જ્યારે આપણા શરીરનું પાચનતંત્ર, શ્વસનતંત્ર અને રુધિરાભિસરણતંત્ર એની સ્વાભાવિક ઝડપે ચાલતું હોય. નિરાંતનું મૂળ કેન્દ્ર આપણું હૃદય છે.

નિરાંતની આ કામગીરી કોઈ જાતની અડચણ વિના કે તંગી વિના ચાલતી રહે તો આપણને જરાય થાક લાગતો નથી. લોહીની નળીમાં લોહી વહેવાનું ધીમું પડે તો થાક વર્તાય છે. હૃદયને લોહી પહોંચાડતી નળીમાં લોહી ઓછું વહે તો હૃદયનું કામકાજ બરાબર ન થાય અને આપણને થાક લાગ્યા કરે છે.

અચાનક પૂરઝડપે કામ કરવાથી હૃદયને તરત જ થાક લાગે છે. એના બદલે ધીમે-ધીમે કામની શરૂઆત કરીને લાંબો સમય કરતાં રહીએ તો થાક લાગતો નથી.

આપણે રોજેરોજની દોડાદોડને કારણે થતા ઉજાગરાને કારણે પૂરતું ખાઈ ન શકીએ અથવા ખાઈએ તો પચાવી ન શકીએ તો લોહીમાં શક્તિ ઉત્પન્ન કરવા માટેની શર્કરા ઘટી જાય છે. શર્કરા ઘટી જતાં શરીરના સ્નાયુઓને ઊર્જા મળતી નથી એટલે આપણને અશક્તિ તથા થાક વર્તાય છે. એમ થાય ત્યારે પૂરતી ઊંઘ લઈને તથા જમવા માટે નિયમિત સમય કાઢીને પાચનક્રિયા સુધારવી પડે છે.

મોટે ભાગે તો હૃદય, ફેફસાં અને પાચન બરાબર ચાલતાં હોય તો ગ્રંથિઓ પણ બરાબર તંદુરસ્ત રહે છે અને હોર્મોન રસાયણો પણ ભરપૂર બનતાં રહે છે અને સામાન્ય રીતે થાક લાગતો નથી તથા ચિંતા પણ થતી નથી.

ડરને કારણે આપણને જાતજાતની ચિંતાઓ થાય છે. એથી તાણ થાય છે અને આપણે થાકી જઈએ છીએ. દા.ત. ઘરનો કોઈ સભ્ય એના પાછા ફરવાનો સમય વિત્યાને બે કલાક ઉપર થઈ જાય તો 'કશુંક અજુગતું બન્યું હશે?' એવો ડર આપણને ચિંતાતુર બનાવી દે છે. નાનાં બાળકોને અંધારાનો ડર લાગે છે. એમને અંધારામાંથી જાતજાતના રાક્ષસો, પ્રેત, ચૂડેલો આવી ચઢ્યાંનો ડર લાગે છે ને અંધારામાં જવાની વાત આવતાં જ બાળક ટેન્શનમાં આવી જાય છે, થાકી જાય છે.

તાણ અને થાકથી છૂટવાનો અકસીર ઇલાજ છે સાંત્વના મેળવવાનો. લાગણી વરસાવે તો બધો ડર દૂર થઈ જાય છે. ચિંતાઓ ટળી જાય છે, થાક ઊતરી જાય છે.

લાગણી ધરાવતા મિત્રો સાથે મોજમસ્તી કરવાથી પણ ચિંતા અને તાણ દૂર થઈ જાય છે અને થાક ઊતરી જાય છે.

થાક, ડર, ટેન્શન દૂર કરીને તાજા-માજા થવાનો એક સરળ અને સરસ ઉપાય સ્નાન કરવાનો. શિયાળામાં શરીરના ઉષ્ણાતામાન કરતાં થોડા ગરમ પાણીએ અને ઉનાળામાં શરીરના ઉષ્ણતામાન કરતાં થોડા ઠંડા પાણી વડે સ્નાન કરવાથી થાક ઊતરી જશે અને તાજગી વર્તાશે.

થાક અને તાણ દૂર કરવા માટે 'યોગ' પણ છે. યોગનાં કેટલાંક આસનો કરવાથી ખરેખર થાક અને તાણથી મુક્તિ મળે છે.

આજના દોડાદોડ અને સંપત્તિલોલુપ યુગમાં આપણે લાખ પ્રયત્ન કરવા છતાં ચિંતા અને તાણથી થાક લાગે, માથું દુઃખે, કંટાળો આવે ત્યારે તાજગી મેળવવા માટે આમાંનો કોઈ પણ ઉપાય જરૂરથી અજમાવી શકીએ.

સૌથી સારો ઉપચાર તો એ જ છે કે જીવનને સમયબદ્ધ નિયમોમાં ગૂંથી લો અને પછી એ નિયમોને વળગી રહો. થાક કંટાળો કે ટેન્શન કદી નહીં પજવે. *- એમ. એ. ખાન*

('વિજ્ઞાનદર્શન'માંથી ટૂંકાવીને)

અનુસંધાન] ખગોલીય ગણિત [પૃ. ૭૫૫ થી

ભારતનો સ્ટૅન્ડર્ડ ટાઈમ ગ્રીનિચ કરતાં ૫.૩૦ કલાક આગળ છે એટલે...

અમદાવાદનો સ્ટૅન્ડર્ડ ટાઈમ	૪.૦૦ કલાક
– ગ્રીનિચ ટાઈમ પાછળ હોવાથી	૧૬.૦૦ કલાક
	– ૫.૩૦ કલાક
ગ્રીનિચ ટાઈમ... સવારના	૧૦.૩૦ કલાક

૨. ગ્રીનિચમાં સ્ટૅન્ડર્ડ ટાઈમ પ્રમાણે સવારના ૧૦.૩૦ કલાક વાગ્યા હોય તો અમદાવાદનો સ્થાનિક સમય શું હશે?

અમદાવાદ ગ્રીનિચથી ૭૨°.૩૬' રેખાંશ પૂર્વ ઉપર આવેલું છે. ૧ રેખાંશ ફરકે ૪ મિનિટ પ્રમાણે ૭૨°.૩૬' રેખાંશે ૪ક. ૫૦મિ. ૨૮સે. ફરક પડે. આથી અમદાવાદમાં ગ્રીનિચ કરતાં સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરે એટલા કલાક વહેલા થાય. આ ગણતરી પ્રમાણે...

ગ્રીનિચ ટાઈમ	સવારના	૧૦.૩૦.૦૦ કલાક
+ રેખાંશ ફરક		૪.૫૦ .૨૫ કલાક
અમદાવાદનો સ્થાનિક સમય		૧૫.૨૦.૨૮ કલાક
		= બપોરના ૩.૨૦.૨૫ કલાક

૩. અમદાવાદનો સ્થાનિક સમય બપોરના ૩ક. ૨૦મિ. ૨૮સે. હોય તો તેનો સ્ટૅન્ડર્ડ સમય શું હશે?

અમદાવાદથી રેખાંશ અને ભારતના સ્ટૅન્ડર્ડ ટાઈમ રેખાંશ વચ્ચે ૯°.૫૩'નો ફરક છે. (૮૨°.૩૦' – ૭૨°.૩૭' = ૯°.૫૩') જેને ૪ વડે ગુણતા ૩૯મિ. ૩૨સે. આવે.

અમદાવાદનો સ્થાનિક સમય	૩.૨૦.૨૮ કલાક
+ રેખાંશ ફરક	૦૦.૩૮.૩૦ કલાક
અમદાવાદનો સ્ટૅન્ડર્ડ ટાઈમ બપોરના	૪.૦૦.૦૦ કલાક

આ પ્રમાણે વિશ્વના કોઈ પણ સ્થળના સ્થાનિક સમય અને સ્ટૅન્ડર્ડ સમયની ગણતરી સહેલાઈથી થઈ શકે છે.

(સંદર્ભ : સ્વ. છોટુભાઈ સુથારના મૂળ લેખનું વિસ્તરણ. સ્વ. અધ્યા. હરિહર પ્રા. ભટ્ટ તરફથી પ્રત્યક્ષ કુંડળી ગણિત.)

स्वामी को सेवक घने, सेवक को प्रभु एक;
तुलसी दो में सो बडो, जा के मनमें टेक.

— તુલસીદાસ

જગદીશચંદ્ર બોઝ જ્યારે કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા ત્યારે ઉપરીએ કહ્યું : 'અમે તમને નિમણૂક આપીએ છીએ પણ તમે ભારતીય હોવાથી તમને અડધો પગાર આપીશું.' જગદીશચંદ્રએ કહ્યું : 'હું નિમણૂક સ્વીકારું છું, પણ અડધો પગાર નહીં સ્વીકારું.' અને તેમણે વિદ્યાર્થીઓને ભણાવવાનું ચાલુ રાખ્યું. આમ ત્રણ વર્ષ ચાલ્યું. તેમણે પૈસાની તંગી વેઠી પણ અન્યાયી નીતિ સામે ઝૂક્યા નહીં. આખરે ત્રણ વર્ષનો પૂરેપૂરો પગાર ચૂકવી અપાયો અને દર મહિને પૂરો પગાર ચૂકવવાનું વચન આપ્યું.

*

બાર્ન ઘુવડની દૃષ્ટિ રાત્રિના સમયે મનુષ્ય કરતાં ૧૦૦ ગણી વધુ તેજ હોય છે અને તે પોતાની ડોક ચારે તરફ આસાનીથી ફેરવી શકે છે.

*

સૌથી વધુ હાથનો કિંમતી પંખો ફ્રાંસના સંગ્રહસ્થાનમાં સાચવી રાખવામાં આવ્યો છે. આ પંખો માદામ પોમ્પેદોર માટે છ હજાર પાઉણ્ડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો.

*

પંખી-વિશારદ ફ્રાંસના રેને બોઇ-ઝાર્દના એક કબૂતરની કિંમત ૬૮૨૫ રૂપિયા અંકાયેલી છે.

*



તાળું આકારમાં તાળું છે
(મહેબૂબ એ. શેખ)

अहे वयन्ति कोहेणं, माणेणं अहमा गइ ।
माया गइपडिग्घाओ, लोहाओ दुहओ भयं ॥

ક્રોધ કરવાથી જીવનું પતન થાય છે, માનથી જીવ અધમ ગતિમાં જાય છે. માયાવી માણસની સદ્‌ગતિ થતી નથી અને લોભ કરનારને આ લોકમાં અને પરલોકમાં ભય ઉત્પન્ન થાય છે.

ફ્રાન્સની રાણી આન્તોઈનતના વાળમાંથી બનાવેલું બ્રેસલેટ ૨૫૦૦ ફ્રાંકમાં વેચાયેલું છે.

*

બ્રાયંટે પોતાનો 'થેનાટોપ્સિસ' નામનો ગ્રંથ ફરી ફરીને સો વખત લખેલો છે.

*

એરીઝોનના સ્ટોનિ ફૉર્ડ નામના આઈમ લોંગ પાસે બે માથાંવાળો પોપટ છે. બોલે છે ત્યારે એકીસાથે બે જાતના અવાજ નીકળે છે.

*

ગણિતગમ્મત

૦ થી ૯ સુધીના દસેદસ અંકો પૈકી દરેક અંકનો એક જ વાર ઉપયોગ કરીને બે અપૂર્ણાંકોનો સરવાળો ૧ થાય તેવી આ નીચે બે રકમો મેળવેલ છે :

$$\frac{૧૪૮}{૨૯૬} + \frac{૩૫}{૭૦} = ૧$$

$$\frac{૩૦૭}{૯૨૧} + \frac{૫૬}{૮૪} = ૧$$

વાચકો આવા વધારે અપૂર્ણાંકો મેળવવાનો પ્રયત્ન કરે. આવા અપૂર્ણાંક મેળવવા માટે કોઈ ગાણિતિક સૂત્ર ઉપલબ્ધ નથી. આંકડાઓ પાછળ કંટાળ્યા વગર મચી રહેવાથી અન્ય કોઈ અપૂર્ણાંક રકમો મળી પણ આવે. *- નૌતમભાઈ વખારિયા*

*

સહરાના રણમાં પેદા થતાં કડવાં તડબૂચ ચોરોને સજા તરીકે ખવડાવવામાં આવે છે.

*



આપણે તો વરસોથી આમ ને આમ દાંડિયા-રાસ રમતા આવ્યા છીએ ને આમેય અમને તો તમારી સાથે દાંડિયારાસ રમવાનો આનંદ જ કંઈ ઓર છે. ('સંદેશ'માંથી સાભાર)

'સાહેબ, તમે મને એવો મૂર્ખ મદદનીશ આપ્યો છે કે તેની સાથે હું કામ કેવી રીતે કરી શકું?'

'કેમ વળી, હું કરું છું એ રીતે!'

*

કાર્ટોગ્રાફી એટલે શું તે જાણો છો? ઉપગ્રહની મદદથી નકશા તૈયાર કરવાની યંત્રવૈજ્ઞાનિક પદ્ધતિને કાર્ટોગ્રાફી કહે છે.

*

કલાકણિકા : માઇસેનિઅન કાંસ્ય કટાર, જે સુવર્ણના ઢોળાવવાળી છે અને એના પર સિંહના શિકારનું આલેખન કરવામાં આવ્યું છે.

